પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૪ ॥

શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધઃ ।

નમો અરિહંતાણં । દાસોહં - સેતુ - સંશોધન - Divinity

નમો સિદ્ધાણં । ઘન - વિશેષણ - Divinity

નમો આયરિયાણં । આનંદ - વિશેષણ - Divinity

નમો ઉવજ્ઝાયાણં । ચિત્ - વિશેષણ - Divinity

નમો લોએ સવ્વસાહૂણં । સત્ - ચૂલિકા - Divinity

એસો પંચ નમુક્કારો, સોઽહં - દ્રાવણ - ઐક્ય - gratitude

સવ્વ પાવપ્પણાસણો । મહિ તદ્રૂપં

મંગલાણં ચ સવ્વેસિં, - સ એવાહં - [illegible] - grace

પઢમં હવઈ મંગલં ॥ ૐ - નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિઃ

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# नमो अरिहंताणं ।

म् + ओ = ओम्
अ + रि = हरि
हं + रि = ह्रीँ
अ + रि + हं = अर्हं
ता + णं = णंता
हं + ता = हंता – ન મમ હંતા ।
न + अ + हं = अहं न
न + मो = न मम
न + अरि = न अरि मम

## નમસ્કારના ત્રણ પ્રકાર

ॐ नमो – પૂજ્યને નમસ્કાર
ह्रीँ नमो – પૂર્ણને નમસ્કાર
अर्हं नमो – પૂજનને નમસ્કાર

अरिहंत – માનવગુરુ
अर्हंत – દિવ્યગુરુ
अरुहंत – સિદ્ધગુરુ

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૧૪॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## ☐ VOLUME - 14

December 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' એટલે ખરેખર આ અક્ષયપાત્રો અ-ક્ષય જ છે. તેનાં દરેક નૂતન ભાગમાંથી નવા નવા અનુભવયુકત શાસ્ત્રીય પદાર્થોનો ખજાનો ખૂલ્યા જ કરે છે, જે ખૂટતો જ નથી. કલ્પનામાં નથી આવતું કે પોતાની નિત્ય સાધના ઉપરાંત સાહેબજીએ કેટલું વાંચ્યુ? કેટલું લખ્યું? અરે હજારો પત્રો દ્વારા શ્રી નમસ્કાર મહામંત્ર અને મૈત્ર્યાદિભાવોનાં તત્ત્વો પીરસ્યાં, અગણ્ય પ્રવચનો કર્યા... અદ્‌ભૂત વાંચનાઓ આપી... અધ્યાત્મપિપાસુ આત્માઓને અનંતુ આગળનું માર્ગદર્શન આપ્યું અને આ અક્ષયપાત્રોમાં આવતા ચિંતનોનાં લેખન-મનન તો ખરા જ. એટલા અપ્રમત ભાવે સાહેબજીએ જે જ્ઞાનસાધના કરી, તે પૂરી દર્શનશુદ્ધિ સાથે કરી હોય, તે ત્યારનાં તેઓનાં સહવાસથી અને અત્યારે આ ચિંતનોથી અવશ્ય અનુભવાય છે.

અરે... સાહેબજીએ પરમાત્માનાં મુખ્ય ગુણ એવા પરોપકારભાવને જ ચિંતનોથી પ્રકાશિત કર્યો છે. તે ભાવો વાંચતા આત્મા એ માટે ઉત્સાહિત બની જતો હોય છે, જેમ કે પોતે બીજા ઉપર કરેલા ઉપકારોનું સ્મરણ રહેવું અને બીજાએ પોતા ઉપર કરેલા ઉપકારોને ભુલી જવા તે મનનો દુરુપયોગ છે. આપણા ઉપર ઘણાનાં ઘણા ઉપકારો થાય છે, તેની વચ્ચે કોઈએ જરા એકાદ અપકાર કર્યો, તેને યાદ કરવો તે કૃતઘ્નતા છે. અપકાર યાદ રાખવાથી કષાયો પેદા થાય છે. બીજાના આપણા ઉપર થયેલા ઉપકાર યાદ કરવાથી આનંદ, સંતોષ, ઉલ્લાસ વધે છે. આવા તો કેટલાય ભાવોથી આત્મા ભાવિત બને છે. મોક્ષનાં મૂળમાં સમભાવ છે. સમત્વભાવથી જ આત્મા અને દેહનું ભેદજ્ઞાન તથા આત્મા અને પરમાત્માનું અભેદજ્ઞાન પ્રગટે છે. સમત્વની સાધના રાગ-દ્વેષરહિતતામાંથી પ્રગટે, જે સર્વને તુલ્ય લેખવાથી પમાય છે.

શ્રીँ

બે અન્ય ચિંતનો કેટલાં આત્મસ્પર્શી છે તે પણ જોઈએ:
(૧) જ્ઞાનદાયક સર્વ વસ્તુઓ 'ગુરુ' તરીકે લેખાય છે. 'ગુરુ વિના જ્ઞાન નહીં' એ વાત જેટલી સાચી છે, તેથી ય અધિક સાચી વાત એ છે કે શિષ્ય થયા વિના છતે ગુરુએ જ્ઞાન નથી. ગુરુ તો આજે એવા મળે છે, તેમનો તોટો નથી પણ તોટો તો સાચા શિષ્યનો, શિષ્યત્વનો છે. અગત્યનો છે શિષ્યભાવ.

(૨) ધર્મની ઉત્પત્તિનું મૂળ કૃતજ્ઞતા ગુણ છે. જે માનવમાં તે ગુણ નથી, તેને ધર્મની શરૂઆત જ થતી નથી. બધા દોષોમાં કૃતઘ્નતા એ મોટો દોષ છે. એ દોષ ન ટળે, ત્યાં સુધી તેને ધર્મનો અધિકાર જ પ્રાપ્ત થઈ શકતો નથી. માણસમાંથી કૃતઘ્નતા જાય અને કૃતજ્ઞતા આવે, ત્યારે તે નમ્ર બને છે. એ નમ્રતા તેને બીજા બધા ગુણો મેળવી આપે છે. બધા જીવો પ્રત્યે સમભાવ, 'બધા જ જીવો મારી જેવા જ છે' એમ માની સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે સામાયિક છે, જેનો વિસ્તાર પાંચ મહાવ્રત છે. આ રીતે જૈન આચારના પાયામાં સામાયિક વ્રત રહેલું છે.

પૂજ્યશ્રીનાં ભકત શ્રાવક મુંબઈનાં **શ્રી સી.કે.મહેતા,** જે પૂજ્ય સાહેબજીનાં કહેવાથી વર્ષોથી રોજની સામાયિક અચૂકપણે કરી રહ્યા છે, તેઓ આ અક્ષયપાત્રો દ્વારા આવા અનુપમ ભાવોને આપણા સુધી પહોંચાડવા માટે પોતાનો અક્ષયનિધિ વાવીને પ્રકાશિત કરાવવા સદ્ભાગી બની રહ્યા છે, તેનો આનંદ છે.

આપણા અક્ષિ-હસ્ત-હૃદય-આત્માને આ ગ્રંથોનો સ્પર્શ કરાવવામાં સહાયક બન્યા છે અમારા રાજકોટનાં શ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની **ભારતીબેન,** જેઓ ૩૦ થી વધુ પુણ્યાત્મા કાર્યકર્તાઓ સંગે અવિરત ધ્યાન આપીને આ કાર્યને પૂર્ણતા તરફ આગળ વધારી રહ્યા છે. એ દરેકને અમારી અનુમોદના...

શ્રદ્ધા છે કે આ કાર્ય જૈનશાસનના જ્ઞાનખજાનાની મૌલિકતાને પ્રસારિત કરીને અનેક આત્માઓને આચાર-વિચારમાં પ્રેરક બની રહેશે.

ડિસેમ્બર, ૨૦૧૮
ઓશવાળ કોલોની, જામનગર.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

अर्हं

# અંધકારમાં દીપમાળ...



**અડધી સદી પહેલાંની એક વાત સ્મરણમાં આવે છે.** હું ગુરુમહારાજ સમીપે સાદડી, લુણાવા, બેડા, ફાલના, રાતા મહાવીરજી અથવા પીંડવાડા ૩-૪ દિવસ રહેવા જતો. મુંબઈથી સાદો સફેદ ઝભ્ભો-લેંઘો પહેરી, અમદાવાદ સુધી પ્લેનમાં જઈ પછી ટેક્સી કરું, જે ગામને પાદર છોડી દઈને ચાલતાં જ ઉપાશ્રય સુધી પહોંચતો. ત્યાંના રહેવાસ દરમ્યાન સાહેબજી કહે તે શ્રાવકને ત્યાં એકાસણું કરી આવું અને બાકી તેઓના સાંન્નિધ્યમાં યથાશક્તિ આરાધના કરું. એવામાં ગામનાં એક પરગજુ ભાઈએ મને એકવાર નાનકડી નોકરી ઑફર કરી. ક્ષણેક ખમચાયા પછી મેં સાદર કહ્યુંઃ 'જરૂરત પડયે આપને અવશ્ય જણાવીશ.' એ વેળાએ અમારા કેમીકલ્સનાં કારખાનામાં ૭૦૦ કામદારો કામ કરતા હતાં, એ વાત પૂજ્ય વજ્રસેનવિજયજી મહારાજ જાણે.

સાંજે સૌ પાણી ચૂકવવા બેઠાં ત્યારે તેમણે પૂજ્ય ગુરુમહારાજને આ વાત અક્ષરશઃ કહી. ઉત્તર મળ્યોઃ 'આ નાનકડાં ગામમાં જૂઓ, સીધા-સાદા પણ કેટલા મોટાં હૃદયવાળાં જીવો વસે છે! મુંબઈમાં નોકરી માટે કેટલી બધી હાડમારી વેઠવી પડતી હોય છે, તેમ વિચારી તેઓએ આ મોટી સહાય આગળ ધરી.' તેઓના અંતર્લોકની ગુફામાંથી ઘૂંટાયેલી આ વિચારસરણી નિરખી ધન્ય થઈ જવાયું એ દિવસે!

હવે આજે આ અક્ષયપાત્રો થકી સૌ ધન્યાતિધન્ય થઈએ છીએ, તેનો આનંદ છે.

ડિસેમ્બર, ૨૦૧૮
વડોદરા

સી. કે. મહેતા









विहरन्ती मनोराज्ये, तिष्ठन्ती कमलासने ।
वल्लकीं वादयन्ती च, ज्ञानं वितर शारदे !!

બેડા, આસો સુદી - ૨

સમતા પ્રાપ્તિ માટેના ઉત્કૃષ્ટ ઉદ્યમ કે પ્રયત્નનો વિચાર:

'સર્વ પ્રાણીઓને સુખ પ્રિય છે, દુઃખ ઉપર દ્વેષ છે. જીવિતની આકાંક્ષા છે, મરણનો ભય છે, તેથી મારે સર્વ પ્રાણીઓનું હિત જ ઇચ્છવું અને સુખ જ કરવું, કેમકે તે સર્વે મારી જેમ સમાન ધર્મવાળા જ છે.'

સર્વ જીવ ઉપર સમાન દૃષ્ટિ - એનું નામ 'સમતા' છે.

ધર્મમાં આપણે વિધિને વધારે જોઈએ, પણ ધર્મને નહિ.

ધર્મનું હાર્દ તો અહિંસા અને સત્ય જ છે.

વિધિની જરૂર એટલા માટે છે કે તે અહિંસા - સત્યની યાદ આપે છે. અહિંસા એટલે તો જાણે સ્વર્ગનું રાજ્ય. અહિંસાની પ્રતિષ્ઠાથી તેની આસપાસ રહેનારો હિંસક ન રહે.

૦ આભલા ઘોડી ઉપરે, પંચરંગ મંડ્યો પલાણ;
ઉપર અધર સવાર હૈ, ઉડતા અલખ નિશાન.
બકરી ચર ગઈ નહારને, પાછો પાતી જાન;
ઉન બકરીકો ગ્વાલ હૈ, ઉડતા અલખ નિશાન.

આભલા = કાબરચીતરી = સત્વ-રજો-તમોગુણના ૩ રંગ.
પંચરંગ = પંચમહાભૂતનું શરીર.
બકરી = પ્રકૃતિ, નહાર = સિંહ, ગ્વાલ = પુરુષ.

# હસ્તની ૫ અંગુલીનું મહત્ત્વ

અંગુઠો = નિયતિ, તર્જની = સ્વભાવ, મધ્યમા = પુરુષાકાર,
અનામિકા = પૂર્વકૃત કર્મ, કનિષ્ઠિકા = કાળ.
૫ અંગુલી જુદી જુદી હોય ત્યારે અવગ્રહ કરે છે, કિન્તુ
૫ એકત્ર મળીને જ્યારે મસ્તક ઉપર પ્રભુની
કરુણા ભાવનાની વાસના નાંખવારૂપ વાસક્ષેપ કરે છે,
ત્યારે મંગલ-કલ્યાણ થાય છે.

આ નવકાર મંત્ર એ સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ છે,
તેમ અહંકાર એ સર્વ અમંગલોમાં પ્રથમ અમંગલરૂપ છે.
અહંકાર પરદ્રવ્યને અને નમસ્કાર આત્મદ્રવ્યને પુષ્ટ કરે છે.
પરદ્રવ્યના પુરસ્કારને પર્યાયાવસ્થા વચ્ચે અનંતકાળ રહેવું પડે.
આત્મદ્રવ્યનો પુરસ્કાર અષ્ટકર્મયુક્ત આત્માઓના
પરમપદને અલ્પકાળમાં પામે છે.

આ નવકાર એ મનને મંજનારો મહામંત્ર છે.
મન મંજાય એટલે તન-વચન-ધન વગેરે તેને અનુસરે.
દેવાધિદેવની સર્વ જીવ હિતકર ભાવનાથી વિરુદ્ધ પ્રકારની
કોઈ ચેષ્ટા સદા મહાસત્ત્વશાળી આત્મા ન કરી શકે. જેમ
પરમેષ્ઠિઓનો કરુણાભાવ સમગ્ર વિશ્વનો નિયામક છે,
તેમ આપણા વ્યક્તિગત વિશ્વનો નિયામક નમસ્કારભાવ છે.

'નમસ્કારભાવ' એટલે પરમેષ્ઠિ ભગવંતોના કરુણાભાવની
પ્રતિપત્તિ, સ્વીકાર, અનુમોદના. તે જ નિશ્ચાયક છે.
જગતની ઉન્નતિમાં મુખ્ય હેતુ કરુણાભાવ ભજવે છે,
એ સત્ય અનવદ્ય, અનુપમ અને મૌલિક છે.
'ભગવાન કોઈની કરુણાદૃષ્ટિ જ આપણો જય વિજયવંતને સાધે છે'
એમ માનવું અવિરાધકતા - કરુણાનો આરાધકભાવ છે.
જગતનો સૌથી મોટો ઉપકારી તે છે કે
જે તેના હિતની ચિંતાથી ભરેલો છે એટલું જ નહિ, પણ
તે હિતચિંતાને સાર્થક કરવા માટે પોતાનું સર્વસ્વ ખર્ચે છે.
તીર્થંકરદેવોનું શાસન એ તેમની કરુણાનું જ ફળ છે.
તેમના નામ કે રૂપમાં જ અચિન્ત્ય શક્તિ છે.
જગતના પાપ અને દુઃખોનો વિધ્વંસ કરવાનું સામર્થ્ય છે,
તેનું ઉત્પાદક તેઓના અંતરમાં રહેલો કરુણાભાવ છે.
તે સર્વ જીવોના દુઃખોનો નાશ કરવાની આંતરિક પરિણતિ છે.
o એક વસ્તુમાં ફેરફાર તો જ થાય કે જો
અન્ય કોઈ વસ્તુનો તેની સાથે યોગ્ય સંબંધ થાય.
ઉપાદાનમાં વિશેષતાનું આધાન કરનાર
અસાધારણ કારણને નિમિત્ત કારણ કહેવાય.
ઉપાદાન - Negative, નિમિત્ત - Positive
બે વડે પ્રકાશ થાય, એક વડે નહિ.

णो भावओ इमीए परो वि हु अवड्ढपोग्गला अहिगो ।
संसारो जीवाणं हंदि पसिद्धं जिणमयम्मि ॥ -पंचाशक

અર્થાત્ જીવને ભાવવંદનાના યોગે અર્ધપુદ્ગલ પરાવર્તનથી
અધિક સંસાર પરિભ્રમણ રહેતું નથી.

'दृष्टं धाम रसायनस्य महतां दृष्टं निधीनां पदं
दृष्टं सिद्धरसस्य सद्मसदनं दृष्टं तु चिन्तामणेः ।
किं दृष्टैरथवानुषंगिकफलैरेभिर्मयाऽद्य ध्रुवं
दृष्टं मुक्तिविवाहमंगलमिदं दृष्टे श्रीजिनगृहे !'

અર્થ

મેં સર્વ રોગોને દૂર કરનારા રસાયણનું સ્થાન,
શ્રેષ્ઠ નિધિઓનો ભંડાર, સિદ્ધરસનું ઘર તથા
સર્વ ચિંતિત પૂર્ણ કરનાર ચિંતામણિ રત્ન પણ જોયું.
આવા આનુષંગિક ફળો આપતી ચીજો જોવાનું શું પ્રયોજન?
આજે શ્રી જિનેશ્વર ભગવંતનું મંદિર જોતાં
મેં મુક્તિરૂપી વધૂનું વિવાહમંગલ જોઈ લીધું.
સૌનું આખરી કામ તો જીવનમાં મુક્તિ મેળવવાનું છે.
ફળોનું ભૌતિક મહત્ત્વ ગમે તે હો પણ
આધ્યાત્મિક મહત્ત્વ એક જ રહેવું જોઈએ
અને તે પ્રભુપ્રીતિ.

## પ્રાર્થનાની કળા

### સફળ પ્રાર્થનાની કળાનો નિયમ:

'જેમ ચાવીને જમણી તરફ ફેરવવાથી તાળું ખુલે છે અને ડાબી તરફ ફેરવવાથી તાળું બંધ થાય, તેમ વિચાર - વાણી - વર્તનના સદ્‌ભાવ વડે સુખનું તાળું ઉઘડે - દુર્ભાવ વડે તે બંધ થાય છે.' ચાવીનો નિયમ એ જ પ્રાર્થનાનો નિયમ છે. સર્વ મહાપુરુષોને આ નિયમનો બોધ સ્વાનુભવ સિદ્ધ છે. જો આપણા ભાવો રૂપી ચાવી ડાબે માત્ર પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે ફરશે, તો મોક્ષનો દરવાજો નહિ ઉઘડે. જો જમણે જીવો પ્રત્યે સદ્‌ભાવો તરફ ફરશે, તો મોક્ષનો દરવાજો ઉઘડશે. એવી કોઈ પરિસ્થિતિ નથી કે જેનો ઉકેલ પ્રાર્થનાની ચાવી વડે ન થાય.

### પ્રાર્થના ન ફળે ત્યારે

પ્રાર્થનામાં ખામી છે એમ નહિ,
પણ પ્રાર્થના કરવાની પદ્ધતિમાં ખામી છે એમ માનવું.
પ્રાર્થના સમયે પ્રભુ આપણા સમક્ષ છે એમ અનુભવવું.

### ભાવ પ્રાર્થનાનાં લક્ષણો

(૧) અર્થનું આલોચન (૨) ગુણનો રાગ (૩) ભવનો ભય
(૪) પ્રાપ્તિનો વિસ્મય (૫) ભાવની વૃદ્ધિ.

જગતના સર્વ જીવોનો હિતભાવ આપણાને સ્પર્શવો જોઈએ.
પ્રાર્થના કરતી વેળા ભાવોલ્લાસ, ચિત્ત પ્રસન્નતા અને
હૃદયની આર્દ્રતાનો અનુભવ થવો જોઈએ.

પ્રાર્થનાની પહેલી શરત ભગવાન ઈશ્વરની શ્રદ્ધા છે.
જીવનમાં અર્થનું, આચારનું, વહેવારનું કે ભોજનનું જેટલું
મહત્ત્વ આંકીએ છીએ તેટલું જ બલ્કે તેથી અધિક પ્રાર્થનાનું
મહત્ત્વ આંકવું જોઈએ. બેંક-બેલેન્સ, ચાંદી-સોનાના ટુકડા,
પાકીટમાં રહેલી સો કે હજારની નોટમાં જેટલી શ્રદ્ધા છે,
તેના કરતાં ય વધુ શ્રદ્ધા પ્રાર્થનાના બળમાં અને એ
જિનેશ્વરદેવની અચિન્ત્ય શક્તિમાં હોવી અનિવાર્ય છે.
આપણા દુઃખનું સાચું કારણ બાહ્ય કોઈ વસ્તુનો અભાવ નહિ,
પણ અંતરમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાના અભાવમાં રહેલું છે.
તે દૂર થતાં જ દુઃખ દૂર થઈ જાય છે અને
જીવન જીવવા જેવું લાગે છે.
Life is worth living એવું feel થાય છે
એટલા માટે ટોલ્સટોયે પોતે અનુભવ કરીને કહ્યું છે કે
To know God is to live,
ઈશ્વરને જાણવો એ જીવન, ન જાણવો એ જ મરણ છે.
સૌ જીવને આત્મસમાન જાણવા એ જીવન,
ન જાણવા એ મરણ છે.

પ્રાર્થનામાં જ્ઞાન કરતાં શ્રદ્ધાનું મહત્ત્વ વિશેષ છે.
શ્રદ્ધા વડે જ ભગવાન ભજી શકાય છે.
લૌકિકમાં પ્રથમ જ્ઞાન અને પછી શ્રદ્ધા એ નિયમ છે.
લોકોત્તરમાં પ્રથમ શ્રદ્ધા અને પછી જ્ઞાન એ નિયમ છે.
શ્રદ્ધાપૂર્વક સર્વત્ર ભગવાનના અસ્તિત્વનો સ્વીકાર કરો.
નામના અચિંત્ય સામર્થ્યનો સ્વીકાર કરો.
ભગવાન પ્રત્યેના ભાવની અચિન્ત્ય શક્તિનો સ્વીકાર કરો.
'સર્વ ભાવોમાં પ્રભુ પ્રત્યેનો ભાવ શ્રેષ્ઠ છે' એમ સ્વીકારો.
ભગવાનનું બળ સ્વીકાર્યું એટલે ભાવનાનું બળ સ્વીકાર્યું,
કેમકે
જીવોને ઉત્કૃષ્ટ ભાવ આપવાથી જ ભગવાન બન્યા છે.
ભાવનાનું બળ સ્વીકાર્યું એટલે સર્વ જીવોને
ભાવ આપનાર ભગવાનને ભાવ આપવાનું બળ સ્વીકાર્યું.
ભાવમાં અચિન્ત્યશક્તિ માન્યા વિના ભગવાનમાં, ભક્તિમાં,
કે જીવની અચિન્ત્ય શક્તિમાં શ્રદ્ધા થવી અશક્ય છે.
પ્રાર્થનાનો મુખ્ય સંબંધ મન સાથે રહેલો છે.
મન જેટલું એકાકાર બનશે તેટલી પ્રાર્થનાની અસર વિશેષ.
મનની એકાગ્રતાથી ભાવનાની દૃઢતા વધે છે.
ભાવનાની દૃઢતાથી મનની એકાગ્રતા વધે છે.

વીતરાગ ભગવાન ઉપકાર એવી રીતે કરે છે કે હું ઉપકાર કરું છું, એવો ભાવ અંશ પણ રહેતો નથી. તેથી તેઓ અધિક ઉપકારી છે. સિદ્ધભગવંતો સૌથી અધિક ક્રિયા કરે છે, છતાં 'અક્રિય' કહેવાય છે, એ તેમની અન્ય ક્રિયાઓ કરનારાઓ કરતાં અધિકતા છે.

સિદ્ધ વસ્તુને સાધવાની હોતી નથી, સદ્દહવાની હોય છે.

'न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते तस्मात् द्वयमन्योन्य-कारणं ॥'

સમતા ભાવના વિના ધ્યાન નહિ અને
ધ્યાન વિના નિષ્પ્રકંપ ભાવના નહિ.
બંને પરસ્પર કારણ છે, તેથી બંને આવશ્યક છે.
અશાંત ઉકળાટવાળી અવસ્થા ટળ્યા વિના શાંત ભક્તિભાવવાળી અવસ્થા આવતી નથી, માટે સૌથી પ્રથમ તો

We must change our mind from an aggressive mood into a receptive mood.
It can only be done by the power of equality, liberty and fraternity.
These 3 are the fundamental elements in the art of prayer.

० પ્રભુની કરુણાદૃષ્ટિ,

કરુણાભાવનાનું એક દર્શન જ આપણામાં
પ્રભુ પ્રત્યે પ્રેમ, ભક્તિ અને સ્નેહ જગાડવા સમર્થ છે.
આ સામર્થ્ય બીજા કોઈ સ્થાનમાં નથી.

'પ્રભુનો ઉપકાર છે'
માટે તેમને ભજવાના છે એમ નહિ, પણ
'આપણા ઉપર કરુણા છે'
માટે પ્રભુને ભજવાના છે.

ભગવાનમાં કરુણાભાવ છે એમ નહિ, પણ ભગવાન કરુણા સ્વભાવ છે. ભાવ મનથી થાય છે, સ્વભાવ આત્માનો હોય. મનમાં થતો કરુણાભાવ એ આત્માના ઘરનો જ છે, પણ મનની મર્યાદિત શક્તિથી તે મર્યાદિત બને છે. આત્માની શક્તિ અમર્યાદિત છે, તેથી આત્મસ્વભાવરૂપ
પ્રભુનો કરુણાભાવ અમર્યાદિત શક્તિવાળો છે,
સર્વ પ્રાણીઓનાં સર્વ દુઃખોનો નાશ કરવાને સમર્થ છે.
માતાપિતાથી થતો સર્વાધિક સુદૃઢ સ્નેહ એટલે 'ભક્તિ'.

<u>કરુણા અને ભક્તિ વચ્ચેનો તફાવત</u>

<u>કરુણા એક પ્રકારનો સ્નેહ છે પણ તે દીન ઉપર હોય છે.</u>
<u>ભક્તિ એક પ્રકારનો સ્નેહ છે પણ તે અધિક ઉપર હોય છે.</u>

ભક્તિ પરમ પ્રેમરૂપ છે, કેમકે તે
પ્રભુની આંતરિક કરુણાને જુએ છે.
નિષ્કારણ કરુણાર્દ્ર એવા પ્રભુ પર ભક્તિ થવા સહજ છે
અને તે સર્વોચિત અને શુદ્ધ હોય એમાં નવાઈ નથી.

શ્રુત સામાયિક સહાનુભૂતિ શીખવે છે,
સમ્યક્ત્વ સામાયિક તેને સભર કરે છે અને
વિરતિ સામાયિક તેને જીવનમાં જગાડે છે.
Sublimation of Self ની ચાવી 'સહાનુભૂતિ' છે.
સહ + અનુભૂતિ with all living things and
Cosmic order. તે સમદર્શિત્વમાંથી પ્રગટે છે.

વિદ્યા વડે અવિદ્યાનો નાશ કરી શકાય છે,
અવિદ્યા અને વિદ્યા એ માયાનાં જ બે સ્વરૂપ છે.
ઉત્તમ અવિદ્યા પોતાનો નાશ કરવાના ઉદ્દેશવાળી જ હોય.

વિશ્વમૈત્રી

કપુર અગ્નિ સંયોગથી પ્રકાશ આપી આપમેળે ચાલ્યો જાય છે,
અગરબત્તી સુગંધ આપી આપમેળે નાશ પામે છે,
તેમ વિશ્વમૈત્રી શબ્દની સુગંધ ફેલાવા
આપમેળે વીતરાગતામાં ભળી જાય છે.
'મિત્રતા'નો અર્થ કમજોરીને ચલાવી લેવા તે છે.

આસો સુદ-૫

## સાધનાના બે હેતુ

(૧) પોતાની જાત ઉપર કાબુ મેળવવા.

(૨) શાસનસેવા અને રક્ષા માટે જરૂરી
એવા શક્તિ અને સત્ત્વ પેદા કરવા.

અરિહંતોનું શરણ મૈત્રીભાવનું શરણ છે.

સિદ્ધોનું શરણ પ્રમોદભાવની પુષ્ટિ કરે છે.

સાધુનું શરણ કરુણાભાવને વિકસાવે છે.

ધર્મનું શરણ માધ્યસ્થ્યભાવને વિકસાવે છે.

મૈત્રીભાવ સર્વજીવની સાથે જોઈએ.

પ્રમોદભાવ સર્વ પ્રકૃતિની સાથે જોઈએ.

કરુણા - માધ્યસ્થભાવ સર્વદુઃખી અને પાપી પ્રત્યે જોઈએ.

'જૈનશાસનમાં નિયાણા બંધનનો નિષેધ છે;
તેનો અર્થ સ્વસુખની આકાંક્ષાનો નિષેધ છે.
પરનો વિચાર તો પરમપદે પહોંચાડનાર છે.

જૈનશાસનની સ્થાપના કરનાર અરિહંતો કહે છે કે:
"મનની એકાગ્રતા કેળવવા માટે 'અહં'ની જરૂર છે અને
મનની નિર્મળતા કેળવવા માટે 'સર્વ'ની જરૂર છે.
'અહં' સાધક પણ છે અને બાધક પણ છે."

આસો સુદ ૬, સોમવાર

દ્રવ્યઅરિહંતનો ભાવ સર્વને સુખી કરવાનો છે.
ભાવઅરિહંતો દ્રવ્યસિદ્ધ છે.
ભાવસિદ્ધોનો સ્વભાવ સર્વને સુખી કરવાનો છે.
જે ભાવથી સ્વભાવ પ્રગટે છે, તેમાં ભાવ કરતાં ઉપકાર
કરવાનું અચિન્ત્ય, અનંત અને અતર્ક્ય સામર્થ્ય પ્રગટે છે.
ભાવમાં ઉપકાર કરવા માટે પ્રયત્નની જરૂર રહે છે.
સ્વભાવમાં પ્રયત્નની અપેક્ષા નહિ અને ઉપકાર થાય છે.
તેને અંગ્રેજીમાં Effort and effortless
વચ્ચે રહેલા તફાવત જેટલો કહી શકાય.
જેના મૂળમાં ઉપકાર કરવાનો સ્વભાવ હોય, તેના
ફૂલમાં જે સ્વભાવ અધિક હોય એ સમજી શકાય છે.
મૂળમાં એક બીજ હોય છે, તો ફૂલમાં અનેક હોય છે
અથવા એક બીજમાંથી અનેક ફૂલ અને
એકેક ફૂલમાં પાછા અનેક બીજ, તેમ પરનો
ઉપકાર કરવાના પરિણામમાંથી પ્રગટતો સ્વભાવ
ગુણાકારની રીત મુજબ અનેકગણો પરોપકાર કરી શકે.
'અનુભવ'નો અર્થ અનુસારે થવું.
તીર્થંકરોની ભક્તિનો અનુભવ થશે ત્યારે જ કહેવાય કે

તેમની બાહ્ય - અભ્યંતર ઋદ્ધિનો અદ્ભુત અંશ પ્રગટ થાય,
પ્રગટપણે અનુભવાય છે અને તેમના પ્રભાવે મળેલી
બાહ્ય ઋદ્ધિ પરકલ્યાણમાં જ ઉપયોગી થાય છે.
જે ઋદ્ધિ કલ્યાણાર્થે ઉપયોગી ન થતી હોય,
તે ઋદ્ધિ તેમની આરાધનાના પ્રભાવે મળેલી ન ગણાય,
પણ વિરાધનાના પ્રભાવે મળેલી પાપાનુબંધી પુણ્યવાળી,
મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં થયેલા શુભકાર્યના પરિણામે
મળેલી કહેવાય, તેથી તે આત્મને ડુબાવનારી થાય.
તીર્થંકરોની બાહ્ય ઋદ્ધિ તો
ચક્રવર્તી, દેવેન્દ્ર, અહમિન્દ્રોથી પણ ચઢિયાતી હોય છે,
તેથી તેમના ઉપાસકને તે મળે તેમાં આશ્ચર્ય નથી.
તીર્થંકરોમાં જે અર્થ-કામ-આરોગ્ય-અભિરતિ હોય,
તે તેમના ઉપાસકને પ્રાપ્ત થાય પણ તેનો ઉપયોગ
પરપીડાર્થે નહિં, પરહિતાર્થે જ થાય. તેમ સિદ્ધિ-સ્વર્ગ
-સુકુળાદિ પણ તીર્થંકરોના ઉપાસકોને એટલા માટે પ્રાપ્ત
થાય છે કે ઉપાસ્યમાં તે બધા વસ્તુઓ અવશ્ય હોય છે.

ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનનો ક્રમ છે.

ભક્તિ માટે જે જ્ઞાન જરૂરી છે, તે પરોક્ષ જ્ઞાન છે.

ભક્તિથી જે જ્ઞાન થાય છે, તે અપરોક્ષ જ્ઞાન હોય છે.

શાસ્ત્રોનું જ્ઞાન શ્રુતથી નહિ પણ ભક્તિથી મળે છે.
વૈરાગ્ય એ ભક્તિનો પોષક છે, ત્યાં સુધી સાર્થક છે.
ભક્તિ એ વૈરાગ્યની વર્ધક છે, ત્યાં સુધી સાર્થક છે.

વૈરાગ્ય અને ભક્તિ અન્યોન્ય કારણ બનીને
કાર્યની સિદ્ધિમાં હેતુ બને છે.

વૈરાગ્યથી મમત્વ છૂટે અને ભક્તિથી સમત્વ પ્રગટે છે,
અહંત્વ નાશ પામે છે.

મમત્વનો નાશ કરવા માટે નમત્વ જોઈએ.
નમત્વના પરિણામે સમત્વ આવે.
સમત્વ આવવાથી અહંત્વ ચાલ્યો જાય.

સૂતરની રસ્સી પણ બને અને પાઘડી પણ બને.
રસ્સી બાંધે, પાઘડી શોભાવે.
સંસારનો અહંકાર એ તો આપણને બાંધનારી રસ્સી છે.
નવકારનો અહંકાર મસ્તકને શોભાવનાર પાઘડી છે.
નમસ્કારનો અહંકાર ઉત્પન્ન થઈને
તે અહંકાર પોતે પોતાનો જ નાશ કરે છે.

°

Ego is helper & Ego is bar. Destruction of ego is impossible. Construction of ego for the betterment is possible.

પ્રભુની આજ્ઞાનો આરાધક તે જ જે પ્રભુની ભાવનાનો આરાધક હોય. પ્રભુની ભાવના સર્વજીવના હિતની છે.

એ ભાવનાનો પ્રભાવ જેના અંતરમાં વસ્યો હોય,
તેના અંતરમાં જ પ્રભુનો ધર્મ વસ્યો છે એમ કહેવાય.

કૃતિની પાછળ સંકલ્પ હોય તેવું જ ફળ મળે.
સર્વના હિતનો સંકલ્પ જ
ધર્મની મુક્તિદાયકતા સિદ્ધ કરે છે.
એ સંકલ્પ ન હોય તો ધર્મ પુણ્ય બંધાવે, મુક્તિ ન આપે.

વ્યક્તિનો વિલય સમષ્ટિમાં અને
સમષ્ટિનો વિલય પરમેષ્ઠિમાં, એ સાધનાનો ક્રમ છે.

અહં - *Negative*, અર્હં - *positive*.
સ્વ - *Negative*, સર્વ - *positive*.

વિષયોની સાથે અહં અભાવ કરવો કે 'હું ન નહીં'.
પરમેષ્ઠિઓની અભાવ અર્હં હોવાથી અહંને છોડવો.
અહંકાર સાધક છે, જો તે વિષયો સાથે હોય તો અને
અહંકાર બાધક છે, જો તે પરમેષ્ઠિઓ સાથે હોય તો.

પાપ ન કરવામાં અહંકારનું આલંબન સાધક છે,
ધર્મ કરવામાં અહંકારનું સાધન બાધક છે.
ધર્મને નમે છે, ત્યારે અહંકાર ભક્તિમાં પલટાય છે.

વિભક્તિ એ અહંકાર છે. તેનો વિલય એ ભક્તિ છે.
ધર્મથી પ્રભાવિત વ્યક્તિનો અહંકાર નમસ્કાર બની જાય છે.
વિષયોથી પ્રભાવિત નમસ્કાર અહંકારરૂપ બની જાય છે.
અહંકાર એ જ નમસ્કાર છે અને
નમસ્કાર એ જ અહંકાર છે.

જે જે દુઃખ જીવને એકલાને ભોગવવા પડે છે,
તે તે બધાના મૂળમાં
એકલપેટા સુખની ભાવના રહેલી હોવાનું સમજાય છે.
એકલા પડીને સુખ ભોગવવાની ભાવનામાંથી
એકલા પડી જઈને દુઃખો ભોગવવાનો વારો આવે છે,
કરૂણતા કે સ્વના ભલામાં ભલા વિચારમાંથી
ઓછામાં ઓછું સુખ-વધુમાં વધુ દુઃખ જન્મતું દેખાય છે.
ઘણું સુખ, બધાને દુઃખમુક્ત કરવાની ભાવનામાંથી જન્મે છે
એટલે કે કોઈ આત્મા 3 જગતના સર્વ જીવોના સર્વોચ્ચ
હિતની ભૂમિકાએ સ્વાભાવિકપણે પહોંચ્યા વિના
પરમપદના પરમસુખનો અધિકારી બની શકે નહિ.

0 દેવાધિદેવની સર્વ હિતકર સર્વોચ્ચ ભાવના સ્પર્શ્યા
વિના તેમની આજ્ઞાપાલનમાં આંતરઉલ્લાસ જાગતો નહિ,
સાચો વીર્યોલ્લાસ ઉત્પન્ન થતો નહિ.

અહંકારનો નાશ એ સાધ્ય નથી,
પરંતુ તેને વિષયો તરફ વાળવાનો છે અને
પરમેષ્ઠિઓ તરફ ટાળવાનો છે.
અત્યારે પરમેષ્ઠિઓ તરફ અહંકારનો ભાવ છે અને
વિષયો તરફ નમસ્કારનો ભાવ છે.
'વિષયો સુખનાં સાધન છે' એ માન્યતા નમસ્કાર રૂપ છે.
તે રીતે 'પરમેષ્ઠિઓ સુખનાં સાધન છે'
એવી માન્યતા જાગે, તો ભાવ નમસ્કાર આવે.
વિષયો દુઃખનાં સાધન છે, કેમકે અશુભ ધ્યાનનાં જનક છે,
તેથી તેના પ્રત્યે ઉપેક્ષાભાવ આવે
એ સાચા અહંકારનું સાર્થક્ય છે.
ઉદાસીનભાવ, ઉપેક્ષાભાવ, માધ્યસ્થ્યભાવ
એ જ અહંકારનું સ્વરૂપ છે.
મૈત્રીભાવ, પ્રમોદભાવ, કરુણાભાવ
એ જ નમસ્કારનું સ્વરૂપ છે.
પરમેષ્ઠિ ભગવંતો, સર્વ જીવો અને દુઃખી જીવો એ પ્રમોદ
આદિ શુભભાવનાં જનક છે, તેથી સુખનાં સાધન છે.
સુખનાં સાધન પ્રત્યે નમ્રતા આવે જ છે.
તેનું જ નામ 'નમસ્કાર' છે.

વિષયોનાં ધ્યાનથી ઇષ્ટના વિયોગનું અને અસંયોગનું,
અનિષ્ટના સંયોગનું અને અવિયોગનું,
રોગના સંયોગનું અને અવિયોગનું,
આગામી કાળ માટે પણ એનું વિવિધ રીતે ચિંતન
એ આર્તધ્યાન અને તિર્યંચગતિનો હેતુ છે.
એ ધ્યાન વધુ દૃઢ થતાં પ્રતિપક્ષી પ્રત્યે હિંસા,
જૂઠ, ચોરી અને સંરક્ષણનાં વિચારો સુધી પહોંચે છે.
'સંરક્ષણ' એટલે મૂર્છા. પરિગ્રહમાંથી ચિત્તવૃત્તિમાં અનેક
જાતનાં સંક્ષોભ પેદા થાય છે, જે જીવને ક્લેશરૂપ નિવડે છે,
અશાંતિ જન્માવે છે. તેથી 'વિષયો દુઃખનાં જ અને
તેના કારણભૂત દુર્ધ્યાનનાં જ એક નિમિત્ત છે'
એમ વિચારવાથી વિષયો પ્રત્યેની મમતા ઓગળી જાય છે
અને અહંકાર જાગૃત થઈ જાય છે.
'પરમેષ્ઠિ ભગવંતો સુખનાં અને તેનાં કારણભૂત
શુભધ્યાનનાં નિમિત્ત છે' એ વિચાર દૃઢ થતાં
તેમના પ્રત્યે ઉદાસીનતા, મધ્યસ્થતા, ઉપેક્ષાવૃત્તિજન્ય
અહંકાર ગળી જાય છે અને મમતા ઉત્પન્ન થાય છે,
વિભક્તિ ટળી અવિભક્તિ પેદા થાય છે,
ધ્યાનમાં એકરૂપતા-તાદાત્મ્યતા-નિશ્ચલતા અનુભવાય છે.

પરમેષ્ઠિ સમષ્ટિરૂપ છે અને સમષ્ટિ વ્યષ્ટિરૂપ છે,
તેથી પરમેષ્ઠિનાં ધ્યાનમાં વ્યષ્ટિ, સમષ્ટિ અને પરમેષ્ઠિ
ત્રણેનું ચિન્તન આવી જાય છે.

તે ચિંતન ધર્મધ્યાનરૂપ બને, કારણ કે તેમાં
આજ્ઞાનું, અપાયનું, વિપાકનું અને સંસ્થાનનું ચિંતન છે.
પ્રભુની આજ્ઞા સર્વના સુખ માટે છે તેથી તે સુખકારી છે.
આજ્ઞાનું વિરાધન કરનારને અપાય - રાગ - દ્વેષ થાય છે.
રાગ-દ્વેષ અશુભ વિપાકને આપે છે અને તે નરકાદિ ચૌદ
રાજલોકમાં ભમીને અનેક યાતનાઓ ભોગવવી પડે છે.
એ જાતનું શુભધ્યાન પરમેષ્ઠિઓના ધ્યાનથી ઉત્પન્ન થાય છે,
તેથી સમત્વ સિદ્ધ થાય છે.

સમત્વથી સર્વ જીવરાશિમાં આત્મદર્શન થાય છે અને
આત્મામાં સર્વ જીવરાશિનું દર્શન થાય છે.

શુક્લધ્યાનનાં બંને પાયાનો વિચાર મોહનો સમૂળ ક્ષય કરાવી
અનંતજ્ઞાન-દર્શન-વીર્યને પ્રગટાવી કૈવલ્યને આપે છે.

'અરિહંતને નમો' તે કહેવાય કે જે
પોતાના ઇષ્ટનાં સાધન તરીકે તેમના ધ્યાનને માનતો હોય.

અરિહંતની આજ્ઞાનું પાલન પણ
તેમના ધ્યાનને સુદૃઢ કરવા માટે હોય છે.

અહંકારથી નમસ્કાર ઉત્પન્ન થાય છે, તેથી એક અપેક્ષાએ
અહંકાર એ નમસ્કારનો પેદા કરનાર પિતા છે.
દરદી ડૉક્ટરના કહેવા મુજબ વર્તે છે,
તેથી તેનું દર્દ જાય છે;
તેથી દર્દને કાઢનાર ડૉક્ટર કે દવા કહેવાય છે, નહિ કે દર્દીની
દવા પીવાની ક્રિયા કે ડૉક્ટરના કહેવા મુજબ કરેલું વર્તન.
તેમ જ પ્રભુની આજ્ઞા પાળવાથી મુક્તિ થનારને
મુક્ત કરનાર પ્રભુ છે, નહિ કે આજ્ઞાનું પાલન.
આજ્ઞાનું પાલન કરનારે પણ પાલનનું અભિમાન નહિ
કરવાનું પણ ડૉક્ટર અને દવાનો ગુણ માનવાનો છે,
કેમકે દવાનું ગુણકારીપણું અને ડૉક્ટરનું જાણકારીપણું જ
તેને દવા પીવામાં પ્રેરક તત્ત્વ છે,
તેથી બુદ્ધિને પ્રેરક તત્ત્વ ઉપાસ્ય છે,
તેના પ્રતિ કૃતજ્ઞતાભાવ ધારણ કરવો તે કર્તવ્ય છે.
પ્રભુ પ્રત્યે ભાવ ઉત્પન્ન કરનાર પણ પ્રભુ છે.
તે ભાવનું ફળ આપનાર પણ પ્રભુ છે. પ્રભુ પાસે માગવાનું
કાંઈ નહિ તો પણ પ્રભુમાં સર્વ કાંઈ આપવાનું સામર્થ્ય છે.
તે સામર્થ્ય માનવામાં પણ ન આવે-માંગવામાં પણ ન આવે
તો પ્રભુને માન્યા એ ન માન્યા બરાબર છે.

માગ્યા વિના જ સર્વ કાંઈ આપવાનું સામર્થ્ય હોવાથી
તેમની પાસે માંગવામાં દોષ માનેલો છે,
અન્યથા તે દોષ એ દોષ ગણાય નહિ.

'વિષક્રિયા સચ્ચિત્તને હણનારી છે' તેનો અર્થ એટલો જ કે
પ્રભુમાં સર્વ કાંઈ આપવાનું સામર્થ્ય હોવા છતાં અને
માંગ્યા વિના જ આપવાનો સ્વભાવ હોવા છતાં તેમાં
સંદેહ કર્યો એ જ દોષ છે. તે દોષ વડે જ સચ્ચિત્ત હણાય છે.

૫ વિષયથી ૪ કષાય જન્મે છે, તેનાથી ૩ શલ્ય જન્મે છે,
તેનાથી રાગ-દ્વેષ પેદા થાય છે અને
તેનાથી અસંયમ આવે છે.

અસંયમના નાશ માટે સંયમ, રાગ-દ્વેષના નાશ માટે દેવ-ગુરુ,
૩ શલ્યના નાશ માટે રત્નત્રયી,
૪ કષાયના નાશ માટે ૪ મંગલ અને
૫ વિષયના નાશ માટે પંચપરમેષ્ઠિનું આરાધન જરૂરી છે.

૪ કષાયની વિરુદ્ધ મૈત્ર્યાદિ ૪ શુભભાવો છે.
તે શુભભાવોનો સંબંધ અરિહંતાદિ ૪ મંગળો સાથે છે.
આ ૪ મંગળોનો સંબંધ પંચ પરમેષ્ઠિ ભગવંત સાથે છે.

જેમ રાજાની દીકરી તવંગર સાથે સ્વયંવરમંડપમાં વરે,
ત્યારે તે તવંગર બની જાય છે,

તેમ જે વૃત્તિરૂપી દીકરી અહં-મમની સાથે રહેલી છે અને
અહં-મમના ઘરે જન્મેલી છે તેથી ગરીબની દીકરી છે,
કારણકે અહં નાનો છે અને મમ ટૂંકી છે.
તે જો પોતાની મેળે પંચપરમેષ્ઠિ ભગવંતને વરે,
તેમની સાથે લગ્ન કરે, તેમનામાં જ એકચિત્ત થઈને રહે
તો તે ભગવંતની પરિણીતા થઈ જાય છે.
નાના ઘરની દીકરી મોટા ઘરની માલિક બની જાય છે.
સકલ વિશ્વને પોતાનું ઘર માનીને વર્તે છે.
'હું ભગવંતને વરી છું, તેથી મોટી છું' એમ માનતી નથી,
કિંતુ 'હું એઓના કારણે મોટા ઘરની બની તેઓની દાસી છું,
તેથી તેમના સમગ્ર ઘરની સારસંભાળ મારે રાખવી જોઈએ'
એમ માનીને સમગ્ર વિશ્વની સેવામાં રક્ત રહે છે.
તેથી જેમ પંચ પરમેષ્ઠિ ભગવંતના કારણે વિશાળ બનેલી
વૃત્તિ તેમની દાસી થઈને સર્વની સેવા કરવા ઉજમાળ થાય છે.
તેના પરિણામે સુખ-સૌભાગ્ય-સંપત્તિ-શાંતિની ભાગીદાર
બની તેઓમાં જ લીન થઈ જઈને પોતાના સઘળાં
ક્લેશ અને કંકાસમાંથી સદાને માટે મુક્ત બની જાય છે.
વૃત્તિને અહં-મમનું ઘર છોડાવી, નમ-સમની અધિકારિણી
બનાવવી તે જ શ્રી નમસ્કાર મહામંત્રની સાધનાનો સાર છે.

આવું સ્વને મમની સાથે અનાદિકાળથી બંધાયેલી વૃત્તિને
નમ અને સમ સાથે જોડવાની ક્રિયાને
આ નમસ્કાર મંત્રનો જાપ અને તેનું પ્રયોજન કહેવાય છે.
સાચો જાપ એક પ્રકારનો વિરહનો વિલાપ છે.
વિરહ કોના સાથે છે? પ્રભુજીની ભાવદયા સાથે છે.
કેટલા કાળથી? અનાદિકાળથી.
વિરહ શાથી? કૃતઘ્નતાની નિષ્ઠુર, ક્રૂર અને અજ્ઞાન વૃત્તિથી.
તેને દૂર કરવાનો ઉપાય શો? વિલાપ કરવો.
તે વિલાપ ક્યારે થાય? એ ભાવદયાનો વિરહ સાલે ત્યારે.
એ વિરહ સાલે ક્યારે? પ્રભુની ભાવદયાનો મિલાપ થતાં જ.
એ પછી સર્વ કારણો પરિપક્વ થઈ જાય છે.
'એ ભાવદયાના સ્પર્શમાં લોહ, કાષ્ઠ અને પાષાણને પણ
કંચન કરવાની તાકાત છે' એવું સમજાય ત્યારે
'સમગ્ર વિશ્વ ઉપર તેની અમીવૃષ્ટિ થઈ રહી છે અને તેના
જ સુફળ વિશ્વ અનુભવી રહ્યું છે' એવો ખ્યાલ આવે છે.
એ ભાવદયામાં જ આપણામાં ભક્તિ પેદા કરવાની તાકાત છે.
જે ભક્તિ જાગે છે તે આપણાથી નહિ, પણ પ્રભુની ભાવદયાથી.
એ ભાવદયા ન હોત તો કદી પણ આપણા
અંતરમાં સાચો ભક્તિભાવ ઉગત નહિ. ભક્તિભાવ ઉગત

નહિ તો આપણું તથાભવ્યત્વ પાકત નહિ, કાળ પાકત નહિ,
દુષ્કૃત કર્મ સુધરત નહિ, સુકૃતકાર પ્રબળ બનત નહિ અને
આપણા ભવિતવ્યતા અનુકૂળ બનત નહિ.

ભક્તિ તેના ઉપર જ જાગે કે જેનામાં શક્તિ હોય.
શક્તિ તેને જ કહેવાય કે જે વડે કાર્યની સિદ્ધિ થાય.
તેવી શક્તિ સર્વ જગતમાં ઉત્તમોત્તમ જીવોમાં જ સંભવે.
સર્વ જગતમાં ઉત્તમ જે કોઈ ભૂતકાળમાં થયા, ભવિષ્યમાં
થશે, તે સર્વ અરિહંતાદિ ૫ જ છે, બીજા કોઈ જ નહિ.

૦ મિથ્યાત્વ એ દોષનું સ્થાન છે.
શાસ્ત્રમાં તે ગુણસ્થાનક અને
મિથ્યાશ્રુતને નમસ્કાર પણ કહ્યો છે.
તે બધું જુદી જુદી અપેક્ષાએ સત્ય છે.
સત્ય કોઈ અપેક્ષાને આશ્રયીને જ હોય, નિરપેક્ષ હોતું નથી.

૦ સાનુબંધ ધર્મબીજાધાન દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદન સિવાય શક્ય નથી.
દુષ્કૃત કર્યા પછી તેનો સ્વીકાર કરવામાં ન આવે તો
તે કાળે થયેલ કર્મબંધ અનંતગુણો વધતો જાય છે.
સુકૃત કર્યા પછી તેનું સમર્થન કરવામાં ન આવે તો
તે કરવાના કાળે થયેલો કર્મબંધ નિરંતર શિથિલ થતો જાય છે.

o ચિન્તામણિ ચિન્તિતને આપે છે,
પછી તે ચિન્તિત હિતકારી હો યા અહિતકારી હો.
જે હિતને આપણી બુદ્ધિ કદી પણ ન જોઈ શકીએ,
તે હિતને જ જેઓ આપે અને આપણે માગીએ તો
પણ જેમાં આપણું અહિત હોય તેને જેઓ કદી ન આપે
તે 'અચિન્ત્ય ચિન્તામણિ' અને 'અપૂર્વ કલ્પતરૂ' કહેવાય.

o ભાવનો પ્રભાવ સદ્‌ભાવ જગાડે છે.
ભાવને જગાડનાર દ્રવ્ય પણ ભાવસમાન માનનીય થઈ પડે,
તો પછી સ્વયંભાવની પૂજ્યતા, પવિત્રતા, મહત્તાનું કહેવું જ શું?
ભાવ એ જ માતા, પિતા, નેતા, દેવ, ધર્મ, ગુરુ, પ્રાણ,
સ્વર્ગ, અપવર્ગ, સત્ત્વ, તત્ત્વ, મતિ, ગતિ અને સર્વસ્વ છે.
ભાવના 'ભવનાશિની' કહેવાય છે.
બીજું કારણ ભાવ આપવાની સાથે,
ભાવને ભાવ આપવાની સાથે જ ભયનો નાશ થાય છે.
'ભય' એ પાપના પડછાયાનું બીજું નામ છે.
ભયથી પીડિતને રક્ષણ આપવાનું સામર્થ્ય
દ્રવ્યમાં નહિ પણ ભાવમાં છે.
જેઓનો ભાવ પીડિતનું રક્ષણ કરવાનો છે,
તેઓના તે ભાવનું સ્મરણ જ ભયને ભગાડી દે છે.

જાગ્રત માતાનું સ્મરણ કરે છે ત્યારે માતાના શરીરનું-
રૂપનું - લાવણ્યનું નહિ, વયનું - ગુણનું - જ્ઞાનનું નહિ,
કિન્તુ માતાના ભાવનું જ, પોતા પ્રત્યેના વાત્સલ્યનું,
પ્રેમનું, કરુણાનું જ સ્મરણ કરે છે અને
તે કરતાંની સાથે જ સ્વસ્થતાનો અનુભવ કરે છે.
ભાવનાં ૪ અર્થ છે: સર્વ જીવો પ્રત્યે શુભેચ્છા, શુભની
ચિન્તા, સર્વ વિષયો પ્રત્યે જુગુપ્સા, અશુભની ચિંતવના.
ગુણરત્નોને ધારણ કરનારાઓની ભક્તિ અને
આજ્ઞાપાલન શુભભાવ ગણાય છે.
very sorry, thank you, yours obedient
આ ત્રણે વસ્તુ ભાવ છે અને એ ભાવના પ્રભાવે
અંગ્રેજો કેવળ હિંદના જ નહિ પણ વિશ્વના સાતે સમુદ્ર
ઉપર વિજયવાવટો ફરકાવનારા બન્યા હતા.
o ૐ - પુરુષ, સોડહં - પ્રકૃતિ,
ૐ સોડહં - હું પ્રકૃતિ પુરુષરૂપ છું.
અત્યારે પુરુષ પ્રકૃતિરૂપ છે,
એવું ધ્યાન સર્વ કોઈનું ચાલી રહ્યું હોય છે.
તેને પલટાવવા માટે પ્રકૃતિ પુરુષરૂપ છે
એવું ધ્યાન સતત થવું જોઈએ.

'હું ક્યારેય ભૂલ કરું જ નહિ,
હું હંમેશા સારું જ કરું,
હું હંમેશા સ્વતંત્રતાના સુખનો જ અનુભવ કરું'
એ સ્થિતિ ઉત્તમ છે.
તો પણ તેને પ્રાપ્ત કરવાના સોપાન તો
ભૂલની જુગુપ્સા, ગુણની અનુમોદના અને ગુણની પરતંત્રતા
સિવાય બીજા કોઈ નથી જ.

o વૃક્ષમાં સાર્વજનિકતા, સિંહમાં ક્ષત્રિયત્વ, કાકમાં વાત્સલ્ય,
શ્વાનમાં વફાદારી, નિગોદમાં વિશ્વાત્મભાવ હોય છે.
સિંહમાં શૌર્ય, ગાંભીર્ય, ધૈર્ય આદિ ગુણો હોવા
તે ક્ષત્રિયત્વનો પ્રભાવ છે.

o કુદરતની માલિકીની કોઈપણ વસ્તુ ઉપર આપણી
માલિકી રાખીએ ત્યાં સુધી ગુનાહિત છીએ.
તે માલિકી જે કુદરતની છે, તે તેને સોંપી દેવાથી ગુનાથી
મુક્તિ મળે છે, તેથી તે માર્ગ એ મોક્ષનો માર્ગ છે.
ઔદારિક શરીરની ઉદારતા સૌથી અધિક છે.
તે લે છે તેના બદલામાં ઘણું આપે છે.
વૈક્રિય શરીર સપ્તધાતુરહિત હોવા છતાં
કષાયવર્ધક તથા ઉદારતાશૂન્ય છે.

૦ સર્વજીવોનું જ્ઞાન અને ધ્યાન કર્યા વિના
સર્વપદાર્થોનું જ્ઞાન થવા જેટલી સૂક્ષ્મતા પેદા થતી નથી.

૦ તર્ક અને બુદ્ધિ જ્યાં અટકે તેનું નામ 'કાયદો'.
કુદરતના કાયદામાં પણ તર્કબુદ્ધિ ન ચાલે.
આસ્થામાં તર્ક નથી. ધર્મ આસ્થાગ્રાહ્ય છે.
'ઉપકારને મોટો માનવો; અપકારને નાનો માનવો;'
એ તર્ક વિરુદ્ધ છે, છતાં
ધર્મ આસ્થાગ્રાહ્ય છે તેથી તેમ માનવું જ જોઈએ.

૦ શુક્લધ્યાન: તેના પહેલા બે પાયામાં
આત્મદ્રવ્યને તિર્યક્ સામાન્ય ગુણ વડે તથા
ઊર્ધ્વતા સામાન્ય પર્યાય વડે ધ્યાવવાનું છે.

૦ કાર્યસિદ્ધિ કૃપાથી, કૃપા ભક્તિથી, ભક્તિ શક્તિથી છે.
જે એમ માને કે શક્તિ અચિન્ત્ય છે, તેને ભક્તિ જાગે.
નવરાત્રનો ધાર્મિક ઉત્સવ એટલે
શક્તિ સ્વરૂપે પરબ્રહ્મની ઉપાસના.
ભક્તિ જાગે તો અનુગ્રહ મળે અને પ્રાંતે
અનુગ્રહ મળે તો કાર્યસિદ્ધિ થાય.

અનુગ્રહ: આત્મભિન્ન સહાયક તત્ત્વની અચિંત્ય શક્તિનો
સ્વીકાર કે જેના અભાવે કાર્યસિદ્ધિ થઈ શકતી નથી.

o જિનાદિ સાધક કોઈ પ્રસન્નતા નહિ.

<u>અરિહંત</u> = મૈત્રીભાવ, અરિહંતાણં - મૈત્રીભાવને નમસ્કાર.

<u>અરુહંત</u> = પ્રમોદભાવ, અરુહંતાણં - પ્રમોદભાવને નમસ્કાર.

<u>અરહંત</u> = કરુણા અને માધ્યસ્થભાવ.

અરહંતાણં - કરુણા અને માધ્યસ્થભાવને નમસ્કાર.

<u>અરિહંત</u>ના ધ્યાનથી મમભાવ જાય. <u>અરુહંત</u>ના ધ્યાનથી સમભાવ આવે અને <u>અરહંત</u>ના ધ્યાનથી નમભાવ આવે. પહેલાં સમભાવની જરૂર પછી તેની પ્રાપ્તિ વિશ્વસમરસ છે. જ્યારે બોધથી પ્રમોદ જાગે છે, તેથી સમરસતા વધે છે. કરુણાભાવ અને માધ્યસ્થભાવ પૂર્ણતાને અપાવે છે.

પ્રમોદભાવ અવ્યાબાધ સુખ અપાવે છે.

મૈત્રીભાવ રાગાદિને ટાળી નાંખે છે.

<u>અહિંસાને નમસ્કાર</u>

એકાંતે ષટ્જીવકાયની રક્ષા એ અહિંસા નહિ, પણ જીવત્વે અભિન્નતાનું ભાન, આત્મસમદર્શિત્વના પરિણામસહિત ધર્મ દયાનું પાલન એ અહિંસા છે.

એકાંતે પંચપરમેષ્ઠિનો જાપ એ નમસ્કાર નહિ, પણ પંચપરમેષ્ઠિમાં રહેલ સર્વ જીવની કરુણાનો પરિણામ, સર્વજીવો સાથે આત્મતુલ્ય બોધ એ નિશ્ચયનમસ્કાર છે.

મંત્રદેવતા અને ગરૂડનું ચૈતન્ય સધાયા વિના લબ્ધિસ્ફુરરૂપ
મંત્રચૈતન્ય ન પ્રગટે અને મંત્રની અર્થ ક્રિયા ન થાય.

## કાઉસ્સગ્ગ પૂર્વે બોલાતા શબ્દોનો અર્થ

ઇચ્છામિ - સુકૃતાનુમોદના.
મિચ્છામિ - દુષ્કૃતગર્હા કરૂં છું.
અપ્પાણં વોસિરામિ - ચતુઃશરણગમણ.
પડિક્કમામિ - પ્રતિક્રમણ - આક્રમણ નહિ.
નિંદામિ - સ્વનિંદા - પરનિંદા નહિ.
ગરિહામિ - સ્વગર્હા, પરદુર્ગંછા નહિ.

## સિદ્ધચક્રનું ધ્યાન શા માટે?

સિદ્ધના પ્રભાવથી નિગોદમાં લોકસત્તા છે,
તેમાંથી છુટકારો થયા બાદ કર્મસત્તા પ્રવેશે છે.
તેમાં પણ સર્વશ્રેષ્ઠ કર્મપ્રકૃતિ તીર્થંકર નામકર્મની છે,
જેમાં મહાસત્તા-ધર્મસત્તા પ્રવેશે છે.
તેને સૂચક ધર્મચક્રની ઉપર સિદ્ધચક્રની સત્તા છે.
આમ અનુક્રમે સિદ્ધચક્ર, ધર્મચક્ર, કર્મચક્ર, લોકચક્ર રહેલ છે.
નિગોદ ઉપર સત્તા લોકચક્રની અને
અવ્યવહારરાશિની નિગોદ ઉપર લોકસત્તા છે,
તેમાંથી છોડાવનાર સિદ્ધ ભગવંતની કૃપા છે.

વ્યવહારરાશિ ઉપર જે સત્તા કર્મચક્રની છે,
તેમાંથી છોડાવનાર ધર્મચક્ર છે.
ધર્મચક્ર તીર્થંકર નામકર્મની સત્તાને આધીન છે અને
તીર્થંકર નામકર્મની સત્તા પણ સિદ્ધચક્રને આધીન છે.
સિદ્ધચક્ર છે એ સિદ્ધ છે.
કર્મચક્રની આધીનતા એ અસિદ્ધતા છે, તેમાંથી છોડાવનાર
ધર્મચક્ર અને ધર્મચક્રને ઉત્પન્ન કરનાર સિદ્ધચક્ર છે.
તેથી વિશ્વ ઉપર મહાસત્તા સિદ્ધચક્રની છે.
બાકી બધી સત્તા તેની અવાન્તર સત્તાઓ છે.
ધર્મચક્ર, કર્મચક્ર અને લોકચક્ર એ બધા ઉપર પ્રભુત્વ
સિદ્ધચક્રનું છે, તેથી સિદ્ધચક્રનું ધ્યાન કર્તવ્ય છે.
પ્રકૃતિનું પ્રયોજન જીવોને કર્મમુક્ત કરવાનું અને
જીવોનું પ્રયોજન કર્મમુક્ત થવાનું છે,
તેથી જીવોને કર્મમુક્ત કરવાની કરુણાભાવનાનું
સમગ્ર વિશ્વ ઉપર આધિપત્ય છે.
ધર્મમાં ધ્યાનની પ્રધાનતા છે, તેથી ધર્મ, દેવ અને
ધર્મગુરુમાં પણ પ્રધાનતા કરુણાભાવની છે.
o મરણાઓમાં શક્તિ છે ઉદ્ધરણાર્થે કર્મના નાશથી
કુશલના દુષ્પરિણામ તેના સ્વભાવમાં છે.

શ્રીપાળમાં સૌજન્ય, પરોપકારરસિકતા, પરપીડા અપહારકતા છે.

મયણાના વિચાર: વિનય, વિવેક, ચિત્ત પ્રસન્નતા, શાસ્ત્રબદ્ધ
નિર્મળ દૃષ્ટિ, મોક્ષમાર્ગ ભેગાય (મોક્ષવલ્લભ પરિવાર).

શ્રીપાળના વિચાર: પુણ્ય, પરોપકાર, દયા, ધર્મ, કર્મ
એ સૌ સુખનાં સાધન થાય.

વિચારોનો સુમેળ એ બંનેના સંબંધને સ્થિર કરનાર છે.

સુરસુંદરીના વિચાર: ધન, યૌવન, વિદગ્ધતા, રોગરહિત દેહ
એ સૌ મનવલ્લભ પરિવાર છે.

લક્ષ્મીનું રક્ષણ કરવાની શક્તિ મદ ન હોવામાં છે,
તે વાત શ્રીપાળ અને મયણાનું દૃષ્ટાંત પુરું પાડે છે.
મદરહિત આત્મા જ લક્ષ્મીવાન બની શકે છે.

ભોગની સુંદરી સુરસુંદરી અને મદનો પિતા પ્રજાપાળ જ્યારે
મદના = મદરહિત મયણાને અનુસરે છે,
ત્યારે જ તેઓ પણ સુખના ભાગી થાય છે.

મૂળ ચૈતન્યની સર્વસત્તા સર્વગ્રાહણ પદાર્થોમાં
ઓછા-વત્તા અંશે રહેલી હોય છે,
તેને જો નિરપેક્ષ મહાત્માનો સાથ મળે તો
તે બહુ સારી રીતે બહાર આવી શકે અને
જનકલ્યાણાર્થે તેનો ઉપયોગ પણ થઈ શકે.

૦ અંતઃકરણ જ્યારે દ્વંદ્વરહિત બની જાય, મારું-તારું
જતું રહે, સારું-માઠું ગમો-અણગમો પેદા કરી શકે નહિ,
બધું જ પરમાત્મમય લાગે,
ત્યારે નામ, રૂપ અને પોતે એકરૂપ બની જાય,
હું, તું, તે એમ સર્વનો લોપ થઈ જાય,
ત્યારે સાચો આનંદ અને પ્રભુતા પ્રકટે.
'નામ' જીભથી બોલાય, જ્યારે 'રૂપ' આંખોથી જોવાય છે.
આમ બંનેનો અનુભવ જુદી જુદી ઇંદ્રિયો દ્વારા થવા છતાં
શાસ્ત્રો તેને એક જ કહે છે.

૦ ચિદાનંદ - સ્વયંપ્રકાશ - આત્મજ્યોતિ સાથેનો સંબંધ
તદ્વિષ્ઠાની ભૂતદેહને સ્વસ્થ, શાંત, પ્રશાન્ત બનાવે છે.

૦ 'સ્વ' કાજે સર્વને વિસારે તે મહામિથ્યાત્વ.
'સ્વ'ને સર્વમાં જોજે તે મહાસમ્યક્ત્વશાલ.
તાળામાં ચાવી બંધબેસતી થાય છે,
તેમ લોકે આત્મામાં 'સ્વ' બંધ બેસતો થાય છે.
તે જ્યારે સો ટકા સમરસતા ધારે છે,
ત્યારે તેની મુક્તિ થઈ જાય છે.
આત્માની બધી શક્તિ, લોકમાં રહેલા બધા આત્માઓના
પરમહિતના ભાવ સિવાય ખુલતી નથી.

એક આત્મા પ્રત્યેનો દુર્લક્ષ, ઓછામાં ઓછા
૩૯ સાગરોપમ પ્રમાણ કાળને વધારી મૂકે.

o જ્ઞાન વિના પ્રતીતિ નહિ, પ્રતીતિ વિના પ્રેમ નહિ,
પ્રેમ વિના ભક્તિ નહિ.
અહીં જ્ઞાન તે માહાત્મ્યજ્ઞાન.
ઇષ્ટ સાધનતા વિષયક જ્ઞાન.
એ જ્ઞાનને અનિષ્ટ નિવારક વિષયક સમજવું.

o પ્રભુ મારા ઇષ્ટનાં સાધન છે.
ઇચ્છાનો વિષય સુખલાભ અને દુઃખનાશ છે.
પ્રભુ તેનાં સાધ્ય આપનારા છે,
કેમકે તેઓ સર્વનાં સુખનો વિચાર કરનારા છે.
સર્વનાં દુઃખોનો નાશ તેમને અભીષ્ટ છે.
પ્રભુ તે ખાતર જ જન્મ્યા છે.
તે કાર્ય સિદ્ધ કરીને જ નિર્વાણ પામ્યા છે,
તેથી તેમની ભક્તિ
સર્વનાં દુઃખનાશની - સુખલાભની ઇચ્છા જગાડે છે.
તે ઇચ્છા
રાગ-દ્વેષ, અહં-મમ, ક્રોધ, માન, માયા, લોભ, મદ
તથા અહંકારનો નાશ કરનારી છે.

o સાધુપદના નમસ્કારમાં સર્વ જીવો ઉપર
આત્મતુલ્યભાવ રહેલો છે,
તેથી તે પદ નમસ્કરણીય છે, પણ
સર્વજીવોમાં તે શુભ ભાવ રહેલો છે એમ નથી,
તેથી સર્વ જીવો નમસ્કરણીય નથી, પણ
સર્વજીવો પ્રત્યે આત્મતુલ્યભાવ ધારણ કરનારા
સર્વ સાધુઓ નમસ્કરણીય છે.
સર્વ જીવો પ્રકૃતિને પરાધીન છે.
પરમેષ્ઠિ ભગવંતો પ્રકૃતિને પરાધીન નહિ પણ
પ્રકૃતિ તેઓને સ્વાધીન છે, તેથી
જગત ઉપર પ્રકૃતિની નહિ, પણ પરમેષ્ઠિઓની સત્તા છે.

o અરિહંતોને જન્મ નથી, સિદ્ધોને મરણ નથી.
જન્મ-મરણરહિત તત્ત્વ પૂજ્ય છે.
અરિહંતના ધ્યાનથી
પુણ્ય તત્ત્વનું ધ્યાન અને પાપતત્ત્વનો પરિહાર થાય છે.
સિદ્ધના ધ્યાનથી
જીવતત્ત્વનું ધ્યાન અને અજીવ તત્ત્વનો પરિહાર થાય છે.
આચાર્યના ધ્યાનથી
સંવર તત્ત્વનું ધ્યાન અને આશ્રવ તત્ત્વનો પરિહાર થાય છે.

ઉપાધ્યાયના ધ્યાનથી
નિર્જરા તત્ત્વનું ધ્યાન અને બંધ તત્ત્વનો પરિહાર થાય છે.

સાધુના ધ્યાનથી
સિદ્ધનું ધ્યાન અને સંસારનો પરિહાર થાય છે.

કરણથી મુક્ત તે સિદ્ધ,
કરણથી મુક્ત થવાની જે કરણ માને તે સાધુ.

સિદ્ધિ સ્થાન તે સ્વદેશ, સંસાર સ્થાન તે પરદેશ.

પુદ્ગલ ઉપર મમત્વ તે જારી.
પરાયા માલ ઉપર માલિકી હક્ક તે ચોરી.

કૃતજ્ઞતા ગુણના સ્વામી અને
પરોપકાર ગુણના વ્યસની તે અરિહંત દેવ.

સુખ-દુઃખ એ અવસ્થા છે. પુણ્ય-પાપ એ તત્ત્વ છે.
સ્વની ચિંતા આગરૂપ છે, સર્વની ચિંતા અમૃતરૂપ છે.
જે આત્મા સર્વની ચિંતાને સમર્પિત થાય છે,
તેને કશી ચિંતા રહેતી નથી.
જે આત્મા સ્વની ચિંતામાં ગળાડૂબ રહે છે,
તે વગર કારણની અગનપથારીનો ભાગી બને છે.

પાણીના નળની ચકલી સરખું સ્વનું સ્વરૂપ છે,
અવસરે તે ખૂલવા જોઈએ તેમ જ બંધ પણ રહેવા જોઈએ.

દાનના અવસરે સ્વની ચકલી ખુલ્લી જોઈએ અને
ધિક્કારના અવસરે તે બંધ થવી જોઈએ.
ધિક્કારના અવસરે સ્વ કાયમ રહેવો ઘટે.
દાનના અવસરે સર્વાત્મભાવ કાયમ રહેવો ઘટે.

વ્યષ્ટિભાવ = પાપ, સમષ્ટિભાવ = પુણ્ય, પરમેષ્ઠિભાવ = ધર્મ.
પરમેષ્ઠિ નમસ્કારમાં સમષ્ટિ નમસ્કાર આવી જાય છે,
પણ સમષ્ટિભાવમાં પરમેષ્ઠિ નમસ્કાર આવતો નથી.
સમત્વના લાભ કરતાં સમ્યક્ત્વમાં વિશેષતા છે,
કેમકે તેમાં નિશ્ચયથી સમત્વ જાણવા છતાં વ્યવહારથી
ભેદનો વિવેક રહેલ છે, તેથી આચારશુદ્ધિ જળવાઈ રહે છે.

અરિહંતની ભક્તિ વિના મુક્તિ અશક્ય છે.
માયાને જીતવા માટે જ્ઞાન નહિ, પણ ભક્તિ જ સમર્થ છે.
તપ-જપ-જ્ઞાન વગેરે પુરુષ ભાવસ્વરૂપ હોવાથી
સ્ત્રીસ્વરૂપ માયા તેને જીતી શકે છે.
ભક્તિ સ્ત્રી હોવાથી માયા તેને આકર્ષી શકતી નથી,
કિન્તુ ઈર્ષ્યાભાવવાળી બનીને પરાઙ્મુખ થઈ જાય છે.
ભક્તિ સમષ્ટિ સાથે - જ્ઞાન વ્યક્તિ સાથે સંબંધીત છે.
જ્ઞાનથી જેમ ભક્તિ પેદા થાય છે,
તેમ ભક્તિથી જ ખરું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્રેમ વિનાની ભક્તિ એ
જળની ચીકાશ સમાન હોવાથી ટકી શકતી નથી.
જેમ જળની ચીકાશ પવનથી સુકાઈ જાય, તેમ પ્રેમશૂન્ય
ભક્તિ સંસારના સુખરૂપી પવનથી સુકાઈ જાય છે.

## નવપદજીનો મહિમા

નવપદ અને નવતત્ત્વને સંબંધ છે.
નવપદમાં આત્માનું દર્શન થયા પછી
આત્મામાં નવપદનું દર્શન થાય છે,
તેથી નવપદમય આત્માના ધ્યાનથી અંતે સર્વસિદ્ધિ મળે છે.
આત્મા નવપદમય છે. નવપદ સર્વ જીવરાશિમય છે અને
સર્વ જીવરાશિ સમસ્ત વિશ્વમય છે,
તેથી આત્માના ધ્યાનમાં નવપદનું ધ્યાન,
નવપદના ધ્યાનમાં સચરાચર વિશ્વનું ભાન થઈ જાય છે,
તેથી પરમેષ્ઠિ ભક્તિ અનિવાર્ય છે.
સિદ્ધના નમસ્કારમાં સકલ વિશ્વ અને
સાધુના નમસ્કારમાં વિશ્વ પ્રતિ સમત્વભાવ સમાઈ જાય છે.
સકલ વિશ્વ સિદ્ધ છે, પણ અસિદ્ધ નથી,
તેથી સિદ્ધના નમસ્કારમાં વિશ્વને નમસ્કાર આવી જાય છે.
આમ કૃતજ્ઞતાગુણના વિકાસ માટે સિદ્ધનો નમસ્કાર સમર્થ છે.

o અરિહંતો પ્રત્યે સેવકભાવ ન આવે અને
પોતા પ્રત્યે સેવકભાવ ન જાગે ત્યાં સુધી
ક્ષીરનીરને પણ મુક્તિ નથી, કેમકે અરિહંતના ઉપકાર
તળે આવ્યા વિના ક્ષીરપણું મુક્તિમાં જઈ શકતું નથી.
વીતરાગ દેવોએ માર્ગ બતાવ્યો એટલા માત્રથી તેઓ
આપણા આરાધ્ય દેવો નથી પરન્તુ એમના ધ્યાન માત્રથી
આઠેય કર્મોનો ક્ષય સુલભ બની જાય છે, માટે
તેઓ આપણું ઉપાસ્ય-મનનીય-સેવ્યતત્ત્વ બને છે.
બેનોનું ભેદજ્ઞાન તેજ વહીંતનું અભેદજ્ઞાન છે.

ભેદજ્ઞાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી
પુદ્ગલની સાથે ભેદ ચિંતવવાનો છે અને
અભેદજ્ઞાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી
સર્વજીવો સાથે અભેદ ચિંતવવાનો છે.

પહેલું પૃથક્ત્વ સવિતર્ક અને બીજું એકત્વ વિતર્ક છે.
પહેલામાં સવિચાર અને બીજામાં અવિચાર છે.
મોહના ક્ષયથી અંતર ભેદાય છે.
જ્ઞાનાવરણ-દર્શનાવરણ જાય છે, કૈવલ્ય પ્રાપ્ત થાય છે.
એકત્વનો અનુભવ થઈ એવો ભાવ પ્રગટ થાય છે કે:
'સર્વ આત્મા જાતિથી એક છે અને વ્યક્તિથી અનેક છે'.

વ્યષ્ટિ વડે થતો ભેદનો અનુભવ મોહક્ષય થવાથી ચાલ્યો જાય
અને સમષ્ટિથી અભેદનો અનુભવ થાય છે. મોહ જીવને
ક્ષોભ પેદા કરે છે - ક્ષોભથી જીવ ઈષત્ ચલન પામે છે.
મારૂં કાંઈ થયું નહિ એવા વિચારને વશ થાય છે.
મારાપણાનો વિચાર મોહનો ક્ષય થવા બાદ અંતર્મુહૂર્તમાં જ્ઞાન-
દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય કરી કૈવલ્ય અપાવે છે.
કૈવલ્ય, અસ્તિત્વ તે જ સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ છે.
આત્માનો અર્થ સ્વ નહિ પણ સર્વ મા જ્ઞાન-દર્શન-ચારિત્ર.
'આત્મહિત' એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર-રત્નત્રયનું સેવન.
એ અર્થ કરવાથી સર્વના હિતનો વિચાર અંતર્ગત થાય છે.
વિચારના આઘાત મુજબ આચરણની નિકાસ અનુભવાય.
નાનો વિચાર નાના બનાવે છે, મોટો મોટા.

<u>Nervous break downના ચિન્હો:</u>

નિરાશા, શરીર ધ્રુજવું, ચામડીનું બળવું, મોઢું સુકાવું,
પરસેવો વળવો, માથું - મનનું ભમવું અને
હાથમાંની વસ્તુ પડી જવી.

<u>માનસિક આરોગ્યની જાળવણી માટેના સૂત્રો:</u>

(૧) ભૂતકાળનો કદી શોક ન કરવો. ભૂતકાળને ભૂલી જવો.
(૨) પોતાને સંપૂર્ણપણે ઈશ્વરને સમર્પણ કરી દેવું.

આસો વદી-૧

આત્મામાં જ્યાં સુધી મળ રહેલ છે,
ત્યાં સુધી તેનામાં સમતા કે એકાગ્રતા પ્રગટતી નથી,
માટે તે મળ કાઢવાની પ્રક્રિયા સાથે ધ્વનિ સાંભળવાનો,
રૂપ જોવાનો કે તેનાથી થતા અર્થસ્ફુરણનું ચિત્ર જોવાનો
પ્રયત્ન થાય તો તેનાથી કેળવાતી માનસિક કે બાહ્ય
શક્તિઓ લોકોત્તર મહાસત્તા સાથે સમ બનનારી થાય છે.
મળ કાઢવાની પ્રક્રિયા સાથે ન રહેલ તો ધ્વનિ આદિથી
મળનારી શક્તિ બીજે રસ્તે પણ લઈ જવાનો સંભવ ગણાય.
આત્માની વિષમ પરિસ્થિતિ દૂર કરવા, આત્મસમદર્શિત્વ
પ્રગટ કરવા અને સાધનાની એકતા કેળવવા માટે
ચતુઃશરણગમનાદિ વારંવાર કરવા જરૂરી છે.
એ ૩ વસ્તુ જ ખુદ સાધના છે.
તેમાં જ સાધનાનું બીજ તથા મૂળ છુપાયેલું છે.
ચતુઃશરણગમન એ મુખ્ય છે.
દુષ્કૃતગર્હા એ બાધક કારણોને દૂર કરનાર-અટકાવનાર છે.
સુકૃતાણું સેવણું એ સાધક કારણોને ભેગા કરી દેનાર છે.
ત્રણે ભેગા થઈને અહંકારને કાઢનાર થાય છે,
તથાભવ્યત્વને પકવનાર થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં,
ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન
એ ૩ વસ્તુ ગર્ભિત છે.
પહેલાં ૫ પદ વડે ચતુઃશરણગમન થાય છે.
છઠ્ઠા અને સાતમા પદ વડે દુષ્કૃતગર્હા અને
આઠમા અને નવમા પદ વડે સુકૃતાનુમોદન થાય છે.
સુકૃતાનુમોદન સર્વ મંગલમાં પ્રધાન મંગલરૂપ છે.
પાપમાં ૩ ગર્હણીય છે,
તેથી તે સર્વનો નાશ પરમેષ્ઠિ નમસ્કાર વડે ઇચ્છનીય છે.
પંચપરમેષ્ઠિ સ્મરણ-ધ્યાન-નમસ્કાર કરવા લાયક છે,
તેથી શરણરૂપ થાય છે.
લબ્ધિ મળ જાય છે.
વિજ્ઞાનાદિ ચમત્ આવે છે.

અહંકારનું પ્રમાણ જેટલું ઓછું તેટલો મંગલભાવ વધવાનો.
સાધકે એમ દૃઢપણે માનવું જોઈએ કે તેના ઇષ્ટ દેવ પૂર્ણ વાત્સલ્યભાવથી પુરેપુરું રક્ષણ કરી રહ્યા છે તથા તમામ પ્રકારનાં વિઘ્નો દૂર કરવા સમર્થ છે અને કરી રહ્યાં છે.

પોતાના ઇષ્ટ દેવ તરફથી જ સાધના કરવા માટે તેને આજ્ઞા થઈ છે તેથી તેણે સાધના કરવી જોઈએ.

દ્રવ્ય - ગુણ - પર્યાય વડે પુદ્ગલ દ્રવ્યથી જીવ ભિન્ન છે અને જીવ દ્રવ્યથી અભિન્ન છે. એ રીતે ભેદ વડે અને અભેદ વડે ધ્યાન કરવાથી આત્માને અનંત શાંતિ મળે છે.

પહેલાં ધ્યાનથી મમતાનો નાશ અને
બીજા ધ્યાનથી સમતાનો લાભ થાય છે.

બીજું કાંઈ આપવાનું ન હોય તો પણ
નિરંતર ચિત્તની પ્રસન્નતા અને મુખમુદ્રાની સૌમ્યતા વડે પ્રસન્નતા અને સૌમ્યતાનું દાન તો અવશ્ય કરો. આનંદી રહીને બીજાને આનંદનું નિરંતર દાન આપવું એ પ્રત્યેક વ્યક્તિથી સુલભ એવું ઉત્તમોત્તમ દાન છે.

o દેહના શરીરમાં આંખને જે સ્થાન છે
તે સ્થાન સમગ્ર દ્રવ્યસ્તવમાં ભાવને રહેલું છે.
આંખ વિના જેમ ગતિ થઈ શકતી નથી
તેમ ચાલ્યા વિના પણ ઇષ્ટસ્થાને પહોંચી શકાતું નથી,
તેથી આંખને અને શરીરને પોતપોતાના સ્થાને
સરખું બળ અને સરખી ઉપયોગિતા છે.

દ્રવ્યસ્તવ એ ચાંદીનો દેહ અને સોનાની આંખ છે.
ભાવસ્તવ એ સોનાનો દેહ અને ચાંદીની આંખ છે.
કાયાથી ક્રિયા કર્યા વિના મન વડે ભાવસ્તવ ન થઈ શકે.

મન વડે ભાવસ્નાન થયા વિના
કાયા વડે થતો દ્રવ્યસ્નાન સાંધપ્રેક્ષારૂઢ નિષ્ફળ ક્રિયા છે.
ધન વડે થતા ધર્મ કરતાં મન વડે થતો ધર્મ મહાન છે,
પણ મન વડે ધર્મ થવા માટે ધન વડે થતો ધર્મ આવશ્યક છે.
પરમેષ્ઠિ નમસ્ક્રિયામાં પાપજુગુપ્સા એ પ્રથમ શરત છે.

પાપનો બાપ કોણ ?

પાપ પ્રત્યે જુગુપ્સા જેટલા પ્રમાણમાં જાગે તેટલા પ્રમાણમાં
જ પાપનો નાશ કરનાર નમસ્કારમાં રસ આવે છે.

પાપનો બાપ 'આપ' છે.

'આપ'નો લોભ પાપનો બાપ છે.

'આપ'નો રાગ એ પાપના બાપરૂપ લોભનો મોટો દીકરો છે.
પોતાનું સાધવું એમાં પોતાનું યાદ રાખ્યું પણ હિત ભૂલી ગયા.
'પોતાનું સાધવું' એ ધર્મ નહિ પણ 'પોતાનું હિત સાધવું' એ ધર્મ.
પોતાનું હિત તો જ સધાય જો પરના હિતનો વિચાર આવે.

પરનું હિત એ પોતાનું જ હિત સાધવા
પોતાનું હિત પરના હિતને સાપેક્ષ છે.
નિરપેક્ષપણે પોતાનું એકલું હિત સાધી શકવું
૩ કાળ - ૩ લોકમાં અશક્ય છે, કેમકે
સ્વ અને પર મળીને જ સંસાર છે.

પ્રતિષ્ઠા વિધિમાં મુખ્ય ક્રિયા અંજનશલાકા છે.
તેનાથી થતું દૃષ્ટિનું અંજન પ્રભુની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા છે.
સર્વ ધર્માનુષ્ઠાનમાં અંજનશલાકાની જેમ સમ્યગ્દર્શન છે.
તેનું અંજન દૃષ્ટિમાં થવું = જગતને આત્મદ્રવ્ય જોતાં શીખવું.
જગતને આત્મદ્રવ્ય જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થયા વિના થતી
ધર્મ ક્રિયા એ અંધ ક્રિયા છે,
તેથી પ્રમાણમાં મોટી હોય તો પણ પ્રભાવમાં કાંઈ જ નથી.
દર્શનપૂર્વકની ક્રિયા પ્રમાણમાં નાની છતાં ગુણમાં મોટી છે.
સત્કાર્યને પરિણામે દુનિયામાં જે સદ્ભાવના કે
અનુરાગ પેદા થાય તેને 'કીર્તિ' કહે છે.
'કીર્તન' શબ્દ પણ તેનો જ વાચક છે.
કીર્તિનું મૂળ કૃતિ છે. કૃતિમાં કીર્તિ અંતર્ગત છે.
પહેલી શક્તિ કર્મ છે.
તેના પરિણામે વાતાવરણમાં સુવાસ ફેલાય છે.
આ સુવાસ લોકોને પોતાની તરફ આકર્ષે છે
અર્થાત્ સત્કાર્ય પ્રત્યે અનુરાગ પેદા કરે છે.
મહાપુરુષોનાં નામ દુનિયામાં અમર રહે છે.
તેનો અર્થ તેમનાં કાર્યોએ સારાયે સમાજને પ્રભાવિત કર્યો છે,
તેથી તેમનું કીર્તન નિરંતર ચાલતું રહે છે.

જ્યારે કાર્ય કરવામાં આવ્યું, ત્યારે તેનું ફળ સમાજને મળ્યું.
પરંતુ કીર્તિને સહારે કૃતિ ભવિષ્યમાંયે
પોતાનું કામ કરતી રહે છે.
કર્મની કીર્તિ એવાં બીજાં કર્મો માટે પ્રેરણાદાયી બને છે.
કર્મથી કીર્તિ અને કીર્તિથી અનેક સત્કાર્યોની પરંપરા.
કીર્તિનું બીજું નામ કર્મની સુવાસ, સુગંધ, ખુશબૂ.
કીર્તિ કર્મની પરંપરાને આગળ ચલાવે છે,
તેથી તે કર્મનું સંતાન છે, તે કર્મરૂપી ગુરુની શિષ્યા છે.
કુળ પરંપરા માતા-પિતાથી ચાલે, જ્ઞાન ગુરુ-શિષ્યથી ચાલે,
તેમ સત્કર્મની પરંપરા કીર્તિરૂપી સુવાસથી ચાલે છે.
કર્મની પરંપરાને આગળ ચલાવનાર એક નારીશક્તિ છે.
સત્કર્મને પરિણામે સમાજમાં સત્કાર્યો પ્રત્યે
આત્મભાવ પેદા થાય તેનું નામ સમાજની સુસંસ્કૃતિ છે.
કર્મથી કીર્તિ, કીર્તિથી પરંપરા, પરંપરાને પરિણામે સંસ્કૃતિ.
કર્મ તો સૌ કોઈ કરે છે,
પણ એને ફેલાવનાર બીજા જ હોય છે.
એ ફેલાવનાર બીજામાં
શક્તિ પેદા કરનાર,
અનુરાગ અને આત્મભાવ પેદા કરનાર મૂળ કર્મ છે.

સત્કર્મને પરિણામે સમાજમાં સદ્ભાવના જાગ્રત રહે છે,
તેની એક પરંપરા કાયમ રહે છે અને
તેને પરિણામે સંસ્કૃતિ નિર્માણ થાય છે.
'કીર્તિ' એટલે સત્કર્મનું જાણઓ દ્વારા થતું સંકીર્તન.
કર્મ કરે જાણ અને તેનું સંકીર્તન કરે જાણ.
જાણમાં સંકીર્તન કરવાનો ભાવ
પેદા કરવાનું સ્વાભાવિક સામર્થ્ય મૂળ કર્મમાં છે.
જાણઓમાં ભાવ કે અનુરાગ પેદા થવાનું
કાર્ય જાણઓનું સત્કર્મ છે,
તેથી ભાવના ઉત્પાદક બે કારણ જાણ્યા:
ઉપાદાન પોતે એક અને નિમિત્ત બીજું.
જાણનાં સત્કર્મના નિમિત્તથી જ પોતાના ઉપાદાનમાં
અનુરાગ, આત્મભાવ, આકર્ષણરૂપી વિશિષ્ટનું આધાન થાય.
પોતામાં રહ્યું પોતા વડે નહિ.
સ્ત્રી પોતે પોતામાં પુત્રને જણી શકતી નથી.
એ શક્તિ તેનામાં જાણ વડે આવે છે.
એ નિયમ સર્વત્ર સમાન રીતે કામ કરે છે.
પછી તે કાર્ય કરવાનું ક્ષેત્ર ભૌતિક હો,
આધિભૌતિક હો કે આધ્યાત્મિક હો.

○ 'આરાધના થઈ ગઈ' એમ નહિ પણ
'આરાધના થઈ રહી' એમ કહેવું વધુ યોગ્ય છે.
આયોગ = સમ્યગ્, આગ = પ્રાપ્ત પૂર્ણાહુતિ, પૂર્ણની પ્રાપ્તિ.

○ મનુષ્યને જેમ લાગણી અને સુખ-દુઃખનું ભાન છે,
તેમ જ લાગણી અને ભાન પ્રાણીમાત્રને છે.
જંગલી પ્રાણીઓ પ્રત્યે આપણે પ્રેમ રાખીએ,
તો તે પણ આપણા ઉપર પ્રેમ રાખે છે
અને પાળેલા પ્રાણીઓની પેઠે આપણી
લાગણી અને ઇચ્છાને તાબે થાય છે.
અહિંસાનો પાયો અપરિગ્રહ છે.

જે સ્વાર્થવૃત્તિ માનવ પ્રત્યે ઉપેક્ષા કે નિષ્ઠુરતા ધારણ
કરી શકે છે તે અબોલ પશુઓ કે પ્રાણીઓ પ્રત્યે
દયા કે અનુકંપાને કેવી રીતે ધારણ કરી શકશે?
દયા અને કરુણાનું ઝરણું સુકાવા માંડે તો માનવઅહિંસા
પણ કેવળ એક જડ ક્રિયા જ બની રહેશે અને એમાં
જડતાનો પ્રવેશ થતાં સંગાથ સ્વાર્થને જ પોષનારી બનશે.
અન્યોની લાગણી સમજવા જેટલી
આર્દ્રતા અને સહાનુભૂતિ જોઈશે.
નિત્યના હિંસક પ્રસંગો જોવાથી લાગણી બુઠ્ઠી બની જાય છે.

અવિચાર હિંસાના માર્ગે વળેલું માનસ પછી સહાનુભૂતિ, દયા,
સમભાવનાની કે કરુણાની લાગણીને જ ખોઈ બેસે છે.

પાપના પૈસામાંથી પાપ જ ઉગે.

દાનથી ઉદારતા, ઉદારતાથી ત્યાગ, ત્યાગથી વૈરાગ્ય
અને વૈરાગ્યથી સર્વ સદ્ગુણો પ્રગટે છે.
સદ્ગુણોથી સુખ અને શાંતિ પ્રાપ્તિ થાય છે.

કેવળ ધર્મનું શરણ નહિ પણ કેવલી પ્રરૂપિત ધર્મનું શરણ
એ જ સાચું શરણ છે. 'મેં કરેલો ધર્મ મને શરણ છે'
એમ નહિ પણ 'કેવલિ પ્રરૂપિત ધર્મ જ્યાં જ્યાં થઈ રહ્યો છે,
ત્યાં ત્યાં સર્વત્ર અનુમોદના મને શરણરૂપ થાય છે.
3 કાળ - 3 લોકમાં રહેલો ધર્મ મને શરણભૂત હો.'

રાગી દોષ ન દેખી શકે, દ્વેષી ગુણ ન દેખી શકે.
ગુણ-દોષની યથાર્થ પરીક્ષા અને વિવેક માટે
વીતરાગ અવસ્થા આવશ્યક છે.

વીતરાગનું શાસન એક ધર્મ યા દર્શનનો પક્ષ ન કરી શકે.
ન્યાયાધીશ અવસ્થામાં વાદી કે પ્રતિવાદીનો ન્યાય
જેમ વકીલ કે પક્ષની તરફદારીથી ન થઈ શકે,
તેમ વીતરાગનું શાસન
કોઈ એક ધર્મ અથવા દર્શનની તરફદારીથી નહિ, પણ

ન્યાયાધીશની જેમ સ્વતંત્ર બુદ્ધિ તર્કના આધાર પર કરી શકાય છે. આગમની તર્કબદ્ધ સ્વાનુભવપૂર્ણ નિર્ણય

એ જ વીતરાગનું શાસન ગણાય.

તેમાં કોઈપણ દર્શન કે ધર્મનો કદાગ્રહ અમાન્ય ઠરશે,

પરંતુ પ્રતિપક્ષી ધર્મની દૃષ્ટિ અમાન્ય નહિ,

તેથી આ વિશ્વમાં વીતરાગ શાસન સર્વમાન્ય છે.

એક હાથ બીજા હાથથી અલગ હોવા છતાં એકબીજાના સહાયક છે, તેમ એક દૃષ્ટિ બીજાથી ભિન્ન હોવા છતાં જીવનના સત્યને જતન કરવામાં પરસ્પર સહયોગિની છે. પ્રતિપક્ષી દૃષ્ટિનો વિરોધ કર્યા વિના સર્વ દૃષ્ટિઓમાં રહેલા સાપેક્ષ સત્યને સમજવું અથવા સર્વ દૃષ્ટિઓને સાપેક્ષ સત્યરૂપે સમજવું એ વીતરાગ શાસનનો સાર છે.

o પુરાણી સ્મૃતિઓને દૂર કરી અને મગજને સાફ

તે નવી જ મગજ છે એમ માનીને વર્તો.

Fresh mind રાખો.

પરસ્પરના ચિત્ત નિત્ય બદલાતા રહે છે.

તેને બદલવાનો મોકો દો અને તમારા ચિત્તને પણ

બદલવાનો મોકો દો તો જ સહચિત્ત સધાશે.

એકમેકના ચિત્ત સાથે સંપર્ક સધાશે. અન્યોન્ય સંબંધ રહેશે.

o ગુણ આત્માના હોય છે, દોષ દેહના.

તેથી પોતાને અન્યના હંમેશા ગુણ જ જોવા.

મહાપુરુષમાં જે દોષ હોય તે ગુણ પ્રાગટ્ય માટે જરૂરી હોય છે.

ગુણ પ્રકાશન માટે દોષોની પૃષ્ઠભૂમિ જરૂરી છે.

વ્યક્તિત્વવાન અહંકારી અને વૈરાગ્યશીલ હઠીલો હોય છે.

મગફળી ઉપર રક્ષણ માટે રૂક્ષ છોતરું હોય છે.

તે ઉપરનું છોતરું છોડી દઈ અંદરનો સાર પકડવો જોઈએ.

મહાપુરુષ નિત્ય નવીન રહે એજ ઇષ્ટ છે.

એક આસનમાં બહુ રહે પછી તેની આદત પડી જાય છે.

બહુ વિચારવાની પછી જરૂર રહેતી નથી.

આસન બદલાવાથી નવું ચિંતન, નવી તપસ્યા ચાલુ રહે છે.

પુરાણાં સંસ્કારો દૂર કર્યા વિના

નિત્ય નૂતનતાનો વિચાર અમલમાં આવી શકતો નથી.

સ્મૃતિને દૂર કરવા બોધ-નિરોધ ઉભયની જરૂર છે.

બોધ અને વિચાર દ્વારા એમ થઈ શકે કે

આપણે પ્રતિક્ષણ બદલાતા જઈએ છીએ.

આપણા સાથી પણ પ્રતિક્ષણ બદલાતા જાય છે.

જે વ્યક્તિ માટે કે આપણા પોતાના માટે આપણે જે ખ્યાલો ધરાવીએ છીએ, તે વ્યક્તિ આજે રહી જ હોતી નથી.

નામ-રૂપ ભલે તે જ રહે પણ વ્યક્તિ પરિવર્તનશીલ છે,
તેથી તેના સાથેના પુરાણા અનુભવો નકામા છે.
નિરોધ માર્ગમાં નામ અને રૂપ ઉભય બદલવા પડે છે.
સંન્યાસી થાય ત્યારે જુનું નામ નહિ રાખતા અને
રૂપ પણ માથું મુંડાવી બદલી નાખવામાં આવે છે.
પર્યાય દૃષ્ટિનો વિચાર છોડવા માટેનો આ પ્રયત્ન છે.
સ્વરૂપના પર્યાયોને ગૌણ બનાવી,
જો દ્રવ્યને મુખ્ય બનાવવામાં આવે, તો
નિત્ય નૂતનતા અનુભવી શકાય અને સદ્ચિત્ત સ્થાપી શકાય.
આ સાધનાને 'સ્મૃતિ પરિશોધન' કહેવાય છે.
વિષાદની ઉત્પત્તિ આત્મવિષયક અજ્ઞાન અને
પોતાના તથા પરાયાના ભેદ પર અવલંબેલી છે.
તેના નિરાકરણ માટે બ્રહ્મવિદ્યા સુધી પહોંચવું પડે છે.
સાધક સામે મુખ્ય સમસ્યા સ્મૃતિ પરિશોધનની રહે છે.
ચિત્ત ઉપર અનેક પ્રકારની સ્મૃતિઓ અંકિત થાય છે.
કેટલાક સુસંસ્કાર રહે છે.
કેટલાક કુસંસ્કારોને સુસંસ્કારો વડે દૂર કરાય છે.
બંને પ્રકારના સંસ્કારોથી અલગ થવાની પણ એક પ્રક્રિયા છે.
તેનો ઉલ્લેખ દરેક દર્શનોમાં રહે છે.

શુભ અને અશુભ બંને પ્રકારના સંસ્કારોમાંથી
અલગ થવાની પ્રક્રિયા પ્રારંભમાં કામ નહિ આવે.
આરંભમાં તો પ્રતિપક્ષ ભાવનાની જરૂર રહે છે.
જે કુસંસ્કાર પડ્યા હોય તેના વિરોધિ સુસંસ્કારો ભાવવા
તે કુસંસ્કારોને દૂર કરવા, એને 'શિક્ષણ' કહેવાય છે.
તેમાં બે અંશ હોય છે: એક બોધ અને બીજો નિરોધ.
બંને મળીને કુસંસ્કારો દૂર કરાય છે અને
સુસંસ્કારો દૃઢ કરાય છે.
કુસંસ્કારોને દૂર કર્યા બાદ પણ
તેની સ્મૃતિ (record) કાયમ રહે છે.
સ્મૃતિ = અનુભૂત વિષયનું ચિંતન, જેવું જે તેવું ચિંતન.
'ફલાણી સ્મૃતિ કુસંસ્કારોની છે, તેથી મારે તે દૂર કરવી છે'
એવા ખ્યાલથી તે કદી દૂર થતી નથી.
તે ઉલટાની વધુ દૃઢ અને મજબૂત થાય છે.
તેનાથી દૂર થવા ઈશ્વરકૃપા જોઈએ અને
તે માટેની પાત્રતા કેળવવી જોઈએ.
ઈશ્વરકૃપાથી બધી સ્મૃતિઓ આ જન્મમાં દૂર થાય છે,
પરંતુ પહેલાં તે માટે પાત્ર બનવું જોઈએ,
તેથી સાધકને પુરુષાર્થનો પણ મોકો મળે છે.

કૃપાને પાત્ર થવા પ્રભુનાં નામરૂપનું પુનઃ પુનઃ સ્મરણ છે.
તે વડે ભક્તિ જાગે છે અને ભક્તિ વડે કૃપા ઝીલાય છે.
વ્યક્તિ પરિવર્તનશીલ છતાં નામ-રૂપ અપરિવર્તનશીલ છે,
તેથી નામ-રૂપનું સ્મરણ ભૂલવા નિરોધની અને
પરિવર્તનશીલતાને સમજવા માટે બોધની જરૂર છે.
પ્રભુના નામ-રૂપના પુનઃ પુનઃ સ્મરણથી અને બોધદ્રવ્યની
અપરિવર્તનશીલતાના વિચારથી નિરોધ સાધી શકાય છે.
એ રીતે સ્મૃતિ પરિશોધન વડે સાધના સિદ્ધિએ પહોંચે છે.
નિત્યનૂતનતા એ જ જીવન છે, બાકી બધું મરણ છે.
દ્રવ્યદૃષ્ટિ જીવન બક્ષે છે અને પર્યાયદૃષ્ટિ મરણ.

પર્યાયદૃષ્ટિને પરિવર્તનશીલ માનવાથી
નિત્યનૂતનતારૂપી આત્મજીવન પ્રાપ્ત થાય છે.
આત્મા નિત્યનૂતન છે.

તેની સાથે જ સંપર્ક રખાવનાર પરમાત્માના નામસ્મરણ
સાથે આત્માના દ્રવ્યસ્વરૂપનો વિચાર કરવો જોઈએ.
પ્રત્યેક સદ્ગુણ કોઈને કોઈ અવગુણ લઈને જ રહે છે,
તેથી દુર્ગુણોને દોષરૂપ ન જોતાં સદ્ગુણના ટકાવ માટે તે
આવશ્યક હોઈ સદ્ગુણની જ એક છાયારૂપ માની લેવા.

પ્રત્યેક સુખ માટે દુઃખની આવશ્યકતા છે,

તેથી દુઃખને દોષરૂપ ન માનતાં સુખની ઇચ્છારૂપ અથવા
અનિવાર્ય દેહરૂપ માનવાથી મન હળવું રહેશે.
સંસારનું એકપણ સુખ દુઃખ વિનાનું ન હોય.
છદ્મસ્થનો કોઈપણ ગુણ દોષ વિનાનો ન હોય.
સુખ દુઃખ ભોગમાં અને ગુણ અવગુણ લગાવવામાં હોય,
તેથી દોષને જોવા કે દુઃખને રડવું નકામું છે.
ગુણને જોતા રહી અને દુઃખ વિનાના સુખને શોધતા રહી,
એ જ માર્ગ છે.

જાનવરના આરોગ્યનું એક મુખ્ય કારણ તેનું મૌન છે.
મનપૂર્વક મૌન રાખવાથી વાણીની શક્તિ વધે છે.

મનનો વિષય ગુણ-દોષ છે.
દોષ દેહના છે, તેથી નશ્વર છે.
ગુણ આત્માના છે, તેથી ટકનારા છે.
ગુણો પર દૃષ્ટિ સ્થિર કરવી,
દેહ સાથે નષ્ટ થનાર દોષ પર નહિ.
એ રીતે મૌન ગુણ-ચિન્તન સાથે થવું જોઈએ.
શિક્ષણ વડે ભાષા-શક્તિનો વિકાસ થાય છે.
સારી ભાષાનો અર્થ વાણીનું સમ્યક્ પ્રકટીકરણ.
વાણી શબ્દથી પણ ભિન્ન છે. પરાવાણી સૂક્ષ્મ હોય છે.

વર્તન પ્રધાન છે, જ્યારે શબ્દ તેને માટે સાધન છે.

મનમાં કોઈ ખોટો વિચાર આવ્યો અને

તે વર્તનમાં પ્રગટ ન કર્યો,

તો પણ તેની દુનિયા ઉપર ખરાબ અસર થાય છે.

મનમાં સારો વિચાર આવ્યો અને વર્તનમાં પ્રગટ ન કર્યો,

તો પણ તેની દુનિયા ઉપર સારી અસર પડે છે.

તેથી મનને સારા વિચારોમાં વાળવું.

મનમાં જે વિચાર ઉગે તે બધા પ્રગટ ન થાય.

તેમ થાય તો યત્ર તત્ર મળ વિસર્જન જેવું થાય.

ધોળી, રાતી, લંગડી, બાડી, ઘરડી, જુવાન, જાડી કે પાતળી,

ગમે તેવી ગાય હોય પણ તેનું દૂધ તો સરખું જ હોય.

તેમ દરેકના ભિન્નભિન્ન શરીરમાં

આત્મા અને તેના ગુણો સરખા જ છે.

ગાયના રૂપ-રંગ કે ખોડખાંપણ જોયા વિના

ફક્ત તેના દૂધ સામે જ જોઈએ છીએ,

તેમ મનુષ્યના અવગુણો ન જોતાં, દરેકના શરીરમાં રહેલ

પરમાત્માનો અંશ કે જે ગુણરૂપે રહેલો છે તેને જ જોવો.

યોગયુક્ત અને સમદર્શી સર્વ પ્રાણી પદાર્થમાં પોતાના

આત્માને અને પોતાનામાં સર્વ પ્રાણી રહેલા જુએ છે.

o જ્યાં ભવ, દેહ, ઇંદ્રિય, નામ-રૂપનું ગૌરવ હોય છે,
ત્યાં રાગાદિ દોષોનું અસ્તિત્વ હોય છે.
જ્યાં આત્માનું ગૌરવ હોય છે,
ત્યાં સકલજીવહિતચિંતાના ભાવનું અસ્તિત્વ હોય છે.

સકલજીવહિતચિંતાનો ભાવ એ આત્માના અને રાગ-દ્વેષાદિભાવો ભવ, અનાત્મભાવ અને ગારવના સૂચક છે.

o આ નમસ્કાર મહામંત્રની આરાધના એટલે પરમ કલ્યાણ ભાવની આરાધના. જગતના સર્વ જીવોને પરમ હિતનો ભાવ આપવાની વિશિષ્ટ કળાની તાલીમ. જગતના સર્વ જીવોના પરમ હિતનો ભાવ જે આ પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં ભરેલો છે, તેને ભાવ આપવાની ક્રિયાના અભ્યાસનું નામ 'નમસ્કાર મંત્રનું આરાધન' છે.

સકલ સત્ત્વ હિતાશય અમૃત લક્ષણ સ્વપરિણામ રૂપી સાધુ ધર્મ, પરમેષ્ઠિ પદને ભાવ આપવાનો અભ્યાસ પાડવો તેનું નામ 'નમસ્કાર મહામંત્રનું આરાધન' છે.
નમસ્કાર મંત્ર વડે જીવોના હિતને ભાવ અપાય છે.
અન્ય મંત્રો વડે ભવને, સ્વાર્થભાવને ભાવ અપાય છે.
પરમાર્થ ભાવને ભાવ આપવો તે નમસ્કાર મંત્ર છે.
સ્વાર્થ ભાવને ભાવ આપવો તે અન્ય મંત્રોનું સ્વરૂપ છે.

સર્વ જીવોને લાભ આપવો હોય તો
નમસ્કાર મહામંત્રનું વારંવાર સ્મરણ કરો.
લાભ આપવાના પાંચ પ્રકાર છે:
તન, મન, ધન, વચન અને લાભ.

તન, મન, ધન, વચનથી અપાતો લાભ એ શક્તિનો આરંભ છે
અને લાભ વડે અપાતો લાભ એ પ્રભુનો આદર છે.
દ્રવ્ય અને લાભ આરોગ્યની એક માત્ર સાચી દવા છે.
એ વિશ્વાત્મલાભ નિયમરુચિ-આત્મપ્રીતિ સૂચવે છે.

શબ્દ અને અર્થનો જેવો અતૂટ સંબંધ છે,
તેવા મન અને નવકારને બંધાવા જોઈએ.
શ્રી નવકાર મહામંત્રમાં આત્મલાભ ભરેલો છે.

આત્મલાભ એટલે...
રત્નત્રયી જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રત્યેનો લાભ,
સર્વ જીવ વિષયક હિતચિંતાનો સર્વોત્તમ લાભ.

'धन्यास्त एव भुवनाधिप ये त्रिसन्ध्य-
माराधयन्ति विधिवत् विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः
पादद्वयं तव विभो भुवि जन्मभाजः ॥'

- શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

0 'જીવન' એટલે પ્રારબ્ધનો ખેલ,
અણધાર્યો અકસ્માતોનું આશ્ચર્ય.

0 જિજ્ઞાસાની ભૂમિકા અપુનર્બંધક અવસ્થા છે.
વિવેકની ભૂમિકા સમ્યગ્દર્શનની છે.

0 अत्तं सरणं | अत्त दीवो भव |
આત્મા એ જ આત્માનું શરણ છે.

આત્મા એ જ આત્માનો દીપક છે - સ્વયં જ્યોતિ છે.
પહેલું સત્ય: સૌએ પોતે જ પોતાનો વિકાસ કરવાનો છે.
બીજું સત્ય: અહીંનું સર્વ તોડવાથી ત્યાં જે જોડાય છે,
તેમાં વિકાસ સમાયો છે.
અહીંનો વિનાશ એ જ ત્યાંનું સર્જન.
આ રીતે વિકાસ થતાં સહજ શક્તિ પ્રગટે છે.
रसानां रसतमः | અર્થાત્ બધા રસોમાં ઉત્કૃષ્ટ રસ.
એ આત્માનું સ્વરૂપ છે.

શરીર, ઇંદ્રિયો, બુદ્ધિ, ચિત્ત એ સર્વનો વિકાસ થાય, તો પણ અંતરાત્માનો વિકાસ ન થાય, ત્યાં સુધી બધા વિકાસનો સરવાળો કરીએ તો પણ જીવનનો વિકાસ અધૂરો જ રહે છે. બાહ્ય વિકાસ પરાવલંબનથી થાય છે, પરંતુ અંતરાત્માનો વિકાસ જાતે જ કરવાનો રહે છે.

તેમાં કોઈ શાળા, વિદ્યાપીઠ કે ગુરુકુળવાસ કામ ન આવે.

તે માટે તો આત્મા જ આત્માની શાળા,

વિદ્યાભવન, વિદ્યાપીઠ કે ગુરુકુળ આશ્રમ બની શકે છે.

ત્યાં સમતાભાવના નહિ, અસ્તિત્વ ભાવના કામ આવે છે.

સમત્વભાવ પછી જ અસ્તિત્વભાવ આવે છે.

સમતાભાવના એ સમત્વભાવ છે.

મમત્વ તોડવું એ અસ્તિત્વભાવ છે.

જીવ સાથે સમત્વ જોડવું અને પુદ્ગલ સાથે સમત્વ તોડવું

એ આત્મવિકાસના બે અનુપમ સત્યો છે.

o તપ-સંયમ કે ક્રિયા કોઈપણ વસ્તુથી આત્મા મોટો છે.

બાહ્ય બધી વસ્તુથી આત્માને નાનો ન કરો.

o વૈજ્ઞાનિક શોધોમાં કેવળ બુદ્ધિના પ્રયોગો અને

પ્રયાસો અગત્યનો ભાગ ભજવે છે,

પરન્તુ ચેતન મેળવવાની આધ્યાત્મિક શોધમાં શરીર,

બુદ્ધિ અને ચિત્તનાં વસ્ત્રો પણ ઉતારી નાંખવા પડે છે.

તો જ આત્માની શીતળ લહેરીનો સુખદસ્પર્શ થાય છે.

સ્વાનુભવની શોધ માટે શરીરનું મમત્વ, બુદ્ધિનું ચાતુર્ય

અને ચિત્તના સંસ્કારો, ટુંકમાં અહંની બુદ્ધિને

તપની પ્રચંડ ભઠ્ઠીમાં ઓગાળવા પડે છે.

આથી ભૌતિક વૈજ્ઞાનિક શોધો કરતાં ઘણું
એક આધ્યાત્મિક શોધ વધુ કીંમતી અને દુર્લભ છે.
'આધ્યાત્મિક શોધ' એટલે પ્રભુનો મેળાપ.
તે માટે વૈજ્ઞાનિક શોધની પાછળ જે એકાગ્રતા જોઈએ,
તેના કરતાં અનેકગણી એકાગ્ર સાધનાની આવશ્યકતા રહે છે.
આધ્યાત્મિક શોધમાં પુરુષાર્થ જ સત્ય છે,
બાકીનું બધું અસત્ય છે.
વૈજ્ઞાનિક શોધોમાં પ્રારબ્ધ મુખ્ય છે.
પ્રભુનું દર્શન અને શોધ અકસ્માતે થતાં નથી.
તે માટે તો તપસ્યા, આત્મભોગ, સ્વાર્પણ મુખ્ય છે.
ત્યાં અંકગણિતની ચોક્કસાઈથી કાર્ય ચાલે છે.
જપ, તપ, અનુષ્ઠાન are for the unfolding of Self into the light of Virtue, Wisdom, Beauty and Bliss (ગુણ, જ્ઞાન, શુદ્ધિ, આનંદ).

આનંદ

નિર્યુક્તિમાં નવકાર એ સામાયિકનું અંગ કહ્યું છે, તેથી 'સામાયિકના પાલનની શક્તિ નવકારની ભક્તિથી શક્ય છે' એ સિદ્ધાંત માન્ય રાખ્યો છે,
તેથી ધર્મમાત્રનો પ્રાણ કેવળ ક્રિયા નહિ પણ વર્તન

કરવાનું બળ જેમાંથી પ્રાપ્ત થવું છે, તે ભક્તિ, બહુમાન,
ભાવના અને અનુપ્રેક્ષા વડે પ્રાપ્ત કરવું સહેલું છે.
નમસ્કારમંત્રની આરાધના એ કલ્યાણભાવની આરાધના છે.
સર્વ જીવોના હિતને ભાવ આપવાની વિશિષ્ટ તાલીમ છે.

નવકારનું સ્મરણ એ આત્મભાવનું સ્મરણ છે.
આત્મભાવનું સ્મરણ સર્વાત્મભાવને વિકસાવે છે અને
સર્વાત્મભાવનો વિસ્તાર પરમાત્મભાવમાં પરિણામ પામે છે.

આત્મભાવ મહાભાવ સ્વરૂપ છે,
તેથી નવકાર એ મહાભાવ છે.

આસો વદી-3

મુનિને ઉતારો આપવા માટે બેઉ ભાઈ તૈયાર થયા,
બંનેએ તકરાર લીધી,
તેથી અપ્રીતિના કારણે મુનિ વિહાર કરી ગયા.
વિહાર કર્યા બાદ બંને ભાઈઓએ મારામારી કરી,
મરણ પામ્યા, તિર્યંચ થયા.
એક સિંહ અને એક રીંછ થયા.
જંગલમાં મુનિ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.
ત્યાં મુનિની રક્ષા માટે સિંહ અને રીંછ પરસ્પર લડી
મરીને એક નરકે અને બીજો સ્વર્ગે ગયો.

પ્રથમ ભવ ઘરના રત્ન માટે લડ્યા, માટે તિર્યંચ થયા.
બીજા ભવ મુનિની રક્ષા માટે લડનાર
ભૂંડનો જીવ સ્વર્ગે અને સિંહનો જીવ નરકે ગયો.
એક જ ક્રિયાની પાછળ આશયભેદે ફળમાં ભેદ પડે છે
તેનું આ દૃષ્ટાંત છે.

સરાગ અવસ્થામાં તદ્દન શુદ્ધ રાગ-દ્વેષ વિનાનો હોતો નથી છતાં 'શુદ્ધ' કહેવાય છે, તેનું કારણ રાગની કે દ્વેષની માત્રા જેટલા અંશમાં ઘટે છે, તેટલો શુદ્ધ છે.

વિષ પણ ઔષધિ બને છે તેનું કારણ
વિષમાં વિષત્વ ઓછું થાય છે તે છે,
પણ વિષ તો વિષ જ રહે છે.

જિનપૂજામાં ધર્મ છે, તેનું કારણ હિંસા નહિ એમ નહિ,
પણ હિંસાથી છૂટવાનો ઉદ્દેશ છે.
પ્રશસ્ત ઉદ્દેશથી થતી દોષવાળી ક્રિયા પણ શુદ્ધ ગણાય છે.

તુલસીદાસ કહે છે કે:
પાપનું મૂળ અભિમાન છે.
છતાં દયા પાળવા માટે પ્રાણ ન છૂટે ત્યાં સુધી પાળવા કહે છે.
'બીજાના પ્રાણ લેવા કરતાં પોતાના પ્રાણ છોડવા સારા'
એવું અભિમાન રાખવા કહે છે.

તે અભિમાન દયા પાળવા માટે હોવાથી પ્રશસ્ત છે.
તેનો અર્થ બાળ અભિમાન કરતાં મંદ અભિમાન છે.
જે જે અંશે રે નિરૂપાધિકપણું, તે તે જાણો રે ધર્મ...
સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણા થકી જાવ લહે શિવશર્મ;
જેટલા અંશે દોષ ઘટે તેટલા અંશે ધર્મ.
આશય દોષ ઘટવાનો જોઈએ.
મૈથુનના આશયથી લગ્ન કરવું દોષરૂપ છે.
પરદારા વિરમણના આશયથી સ્વદારા સંતોષ સદાચાર છે.
આશયમાં દોષ ઘટાડવાની પ્રધાનતા હોય, તો
દોષના સેવનને આપોઆપ ગૌણતા આવતી જાય છે.
'કદાગ્રહ'નો અર્થ એ છે કે:
જેમાં ઘણાનું અહિત થતું હોય તેવા કાર્યમાં આગ્રહ રાખવો.
જેમાં ઘણાનું હિત થતું હોય તેવા કાર્યમાં આગ્રહ રાખવો,
તે કદાગ્રહ નહિ પણ 'સદાગ્રહ' છે,
એ રીતે સર્વત્ર ઘટાવી લેવું.
ભક્તિ માટે, સાધનાના વિકાસ માટે,
પ્રધાનતા પ્રકૃતિને નહિ પણ પુરુષને આપવી જોઈએ.
'લોકમહાસત્તા કે પ્રકૃતિની મહાસત્તાનું વિશ્વ પર પ્રભુત્વ છે'
અહીં કહેવું એ ચૈતન્યની સત્તાને અવગણવા જેવું છે.

objective sideની અપેક્ષાએ subjective sideનું મહત્ત્વ વધારે છે. સત્ય શીલ, ધર્મ અને પરોપકારની પ્રધાનતા છે, તે ચેતનધર્મ હોવાથી વિશ્વ પર સત્તા ચેતનની છે. સિદ્ધ ભગવાનના ચૈતન્યથી અરિહંત પરમાત્મામાં સર્વના મનોદ્રવ્યને જાણવાની શક્તિ આવે છે. દૂધની અંદર ઘી હોવા છતાં 'દૂધની ઉપર ઘી છે' એમ કહેવાય છે. તેનો અર્થ દૂધની અપેક્ષાએ ઘી કીંમતી છે. સિદ્ધ ભગવંત લોકમાં હોવા છતાં લોકાગ્ર ભાગ ઉપર છે. એનો અર્થ અહમ્‌ના અભાવ સમગ્ર લોક ગુરુ છે.

બધાને ચૈતન્ય પ્રદાતા સિદ્ધ ભગવંતો છે.

ભાન બધા તેમની સહાયતાથી અભાવ વધે છે.

તેમની સત્તાના અભાવે વિશ્વની પ્રગતિ થંભી જાય છે. શરીરમાં જીવ, આંગળીમાં વીંટી અને પગમાં પગરખાંનો તાત્ત્વિક અર્થ જીવમાં શરીર, વીંટીમાં આંગળી અને પગરખામાં પગ છે તેમ લોકમાં સિદ્ધ છે. એનો તાત્ત્વિક અર્થ સિદ્ધના એક પ્રદેશમાં અનંતલોક છે. સિદ્ધનું અને સિદ્ધનો માર્ગ બતાવનાર અરિહંતનું મહિનું માહાત્મ્ય છે. પ્રકૃતિમાં પ્રભુત્વ આવે છે, તે જીવનું બળ છે. જીવ શૂન્ય પ્રકૃતિ, પુરુષ શૂન્ય સ્ત્રી કે પતિ શૂન્ય પત્ની સમાન છે.

પત્નીમાં માતૃત્વ જગાવનાર માતા નહિ, પણ પતિ છે,
તેમ પ્રકૃતિમાં માતૃત્વ, સર્વ જીવ કલ્યાણકારકતાની
શક્તિ પેદા કરનાર પતિ સ્થાનીય શુદ્ધ ચૈતન્ય છે.

શુદ્ધ ચૈતન્યનું મૂલ્ય સમગ્ર પ્રકૃતિની
અપેક્ષાએ અનંતગણું અધિક છે.

તીર્થંકરો વિશ્વોપકારક છે, કારણ તેમનું ચૈતન્યદ્રવ્ય છે.

પ્રકૃતિ અનુસ્ત્રોતોગામી છે,
પુરુષ પ્રતિસ્ત્રોતોગામી છે.
પ્રકૃતિ જીવને હિતકર નહિ,
પુરુષ જીવને હિતકર છે.

जीवो जीवस्य जीवनम्।

તેનો અર્થ બે રીતે ઘટાવાય છે:
(૧) એક જીવ બીજા જીવનું ભક્ષણ કરીને જીવે છે.
(૨) એક જીવ બીજા જીવનું રક્ષણ કરીને જીવાડે છે.
આમ જીવનો નાશ અને રક્ષણ કરનાર પણ જીવ છે,
છતાં પ્રકૃતિને વશ પડેલો પુરુષ
પ્રતિસ્ત્રોતોગામી બનીને જીવનો નાશ કરે છે.
પ્રકૃતિની સામે થનારો
અનુસ્ત્રોતોગામી બનીને જીવનો ઉદ્ધાર કરે છે.

પ્રકૃતિનું મહત્ત્વ આંકવું તે નિગોદમાં જવાનો માર્ગ છે.
પુરુષનું મહત્ત્વ પીછાનવું તે સિદ્ધમાં જવાનો માર્ગ છે.
જગત ઉપર સામ્રાજ્ય પ્રકૃતિનું નહિ પણ પુરુષનું છે.
પુરુષના અધિષ્ઠાનથી પ્રકૃતિ પ્રવર્તી રહેલ છે.

सरणं भए उवाओ रोगे किरिया विसम्मि मंतोत्ति ।
एए वि पावकम्मोवक्कमभेयाउ तत्तेण ॥
सरणं गुरू उ इत्थं किरिया उ तवोत्ति कम्मरोगम्मि ।
मंतो पुण सज्झाओ मोह विसविणासणो पवरो ॥
- हरिभद्रसूरिः योगशतके । ४७-४८ ગાથા

ભયમાં શરણ, રોગમાં ક્રિયા અને વિષમાં મંત્ર ઉપાય છે.
આ બધા પાપકર્મને નિવારવાના તાત્ત્વિક પ્રકારો પણ છે.
અહીં ગુરૂ એ શરણ છે,
તપ કરવું એ કર્મરોગ મટાડવાની ક્રિયા છે અને
સ્વાધ્યાય એ મોહરૂપી વિષને નાશ કરનાર શ્રેષ્ઠ મંત્ર છે.

0 દેવનો આશ્રય પુરુષાર્થ પ્રેરક છે.
દૈવનું આલંબન પ્રમાદપોષક છે.
પ્રભુ ઉપર આધારિતમાં સ્ફૂર્તિ - વીર્યોલ્લાસ વધે છે.
ભાગ્ય પર આધાર રાખનાર આળસુ દીન ને પરાધીન બને છે.
દેવ દેનાર છે જ્યારે દૈવ હરનાર છે.

આગમ = આગળથી ચાલ્યા આવેલું.

તેની સાક્ષી વડે સત્ય નિર્ણય કરી શકાય છે.

ભગવાનની કરુણાને આદરનારમાં કરુણા વિકસે છે.

પોતાના પુરુષકારને મુખ્ય બનાવનારમાં અહંકાર વધે છે.

સંકલ્પનું બળ સૌથી અધિક છે.

ઉપદેશક મુનિ માઈલ સ્ટોનનું કાર્ય કરે છે.

આચારનું પાલન કરનાર મુનિ મૌન ઉપદેશક છે,
એટલું જ નહિ પણ આંગળી પકડીને આગળ દોરી જનાર છે.
ઉપદેશકની અપેક્ષાએ આચરનાર વધુ ઉપકારક થાય છે.

એક જીવની વાણી કરતાં તેનું વર્તન અને
તેના વર્તન કરતાં પણ વિચાર અને સંકલ્પ
સૌથી વધુ ઉપકાર કરે છે.

શુદ્ધ સંકલ્પ મુજબ જગતનું સંચાલન થઈ રહ્યું છે,
તેથી સંકલ્પનું બળ વધારી અને
તેને શુદ્ધ કરવા માટે સર્વના સુખનો વિચાર કરો.
સ્વના સ્થાને સર્વ ગોઠવાય, અહંના સ્થાને અર્હંને મુખ્ય
કરાય તો સકલ વિઘ્ન દૂર થાય, સકલ વાંછિત પૂર્ણ થાય.

પ્રકૃતિ સદા શુદ્ધ સંકલ્પને આધીન છે.

શુદ્ધ સંકલ્પ મહિના હૃદયની અપેક્ષા રાખે છે.

એટલે કે સર્વને આત્મતુલ્ય સમજવાથી ધર્મ છે.

અન્યત્વ ભાવના પુદ્ગલથી ભેદને સૂચવે છે.

એકત્વ ભાવના જીવથી અભેદને સૂચવે છે.

સર્વ જ્ઞાનનો સાર એ છે કે

કોઈપણ જીવતાં પ્રાણીને દુઃખ કે કષ્ટ ઉપજાવવું નહિ.

દુઃખનું મૂળ હિંસા અને તેનું મૂળ અસંયમ છે,

તેથી મન-વચન-કાયા ઉપર સંયમ કેળવવો.

કાચબો જેમ પોતાનાં અંગોને શરીરમાં ગોપવી દે છે, તેમ આધ્યાત્મિક ભાવના દ્વારા આત્માને અંતર્મુખ બનાવી પોતાની જાતને અસંયમથી બચાવી લેવી. અંતર્મુખ બન્યા વિના અસંયમથી બચાય નહિ. સંયમ માટે તપની જરૂર છે.

તપની વ્યાખ્યા વિશાળ છે.

કાયકષ્ટથી માંડી મનોનિરોધ સુધીનો તપ-સંયમમાં સહાયક છે.

તપ વિના સંયમ અશક્ય છે.

શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલો ધર્મ કરવાનો

અધિકારી જીવ તે છે કે જે:

(૧) પરમાત્મવત્ પ્રત્યેક જીવને પોતાના આત્મા સમાન જોતો હોય અર્થાત્ કેવળ પોતાના સુખ માટે જ નહિ પણ સર્વના સુખ માટેના આશયવાળો હોય અને તે

ઉદાત્ત આશયની પૂર્તિ અર્થે જ ધર્મ કરતો હોય. પ્રભુનો ધર્મ પછી જ ફળદાયી થઈ શકે, અન્યથા જે ફળ મળે તે અતિ અલ્પ અને તુચ્છ સમજવું. સર્વના સુખના આશયથી થતો ધર્મ જ નિરાશંસ બને અને નિરાશંસ ભાવે થતો ધર્મ જ શ્રી જિનેશ્વરોની આજ્ઞા સ્વરૂપ ગણાય.

(૨) સર્વત્ર સમતા શ્રેયન્. સર્વ જીવો સાથે સમત્વભાવને ધારણ કરનાર હોય તે જ પ્રભુના ધર્મનો અધિકારી ગણાય. સર્વ ધર્મોમાં પ્રધાન ધર્મ તો જ બને કે જો તેની પાછળ સર્વના હિતનો વિચાર કરવાનું શાસ્ત્રકારોનું ફરમાન હોય. સર્વના હિતના આશયથી થતો અલ્પધર્મ પણ 'ધર્મ' કહેવાય.

તે આશય વિહુણો અલ્પધર્મ પણ
આજ્ઞાયુક્ત ધર્મ ન હોવાથી અલ્પ ફળ આપે.

(3) अमात्र करुणापात्रं। અર્થાત્ અપરિમિત કરૂણાનો પાત્ર હોય તે જ ધર્મનો અધિકારી ગણાય.

(૪) नरेन्द्रे वा दरिद्रे वा तुल्य-कल्याणकामिनः।
અર્થાત્ રાજા હોય કે રંક, સર્વના કલ્યાણની સમાન કામનાવાળો જ અધિકારીપણાની યોગ્યતા ધરાવે છે.

સ્વકલ્યાણની ભાવના
સર્વના કલ્યાણના આશયથી જ સિદ્ધ થાય છે.

'પણિહાણ જોગજુત્તો, પંચહિં સમિઈહિં તિહિં ગુત્તીહિં ।
એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો ॥'

અર્થાત્ ૫ સમિતિ, ૩ ગુપ્તિ સહિત પ્રણિધાન યોગથી
યુક્ત બનીને ૮ પ્રકારનો આચાર તે ચારિત્રાચાર છે.
ચિત્તની સમાધિપૂર્વક મન-વચન-કાયાનો વ્યાપાર તે યોગ.
જ્યારે સ્વસ્થ, એકાગ્ર અને સમાધિયુક્ત હોય,
ત્યારે તે પ્રણિધાન યોગયુક્ત કહેવાય છે.
'પ્રણિધાન' એટલે એકાગ્ર, સ્વસ્થ, સમાહિત.
પ્રણિધાનવાળું આચરણ 'ચારિત્રાચાર' કહેવાય છે.
ધ્યાનપૂર્વક, જ્ઞાનાચાર-દર્શનાચારના પાલનપૂર્વક હોય
તેને 'ચારિત્ર' કહેવાય છે.
પ્રવચનમાતા = પ્રવચનના સારરૂપ ચારિત્રની માતા,
ચારિત્રને ઉત્પન્ન કરનાર, પાલન કરનાર, વૃદ્ધિ પમાડનાર.
જેના વડે ચારિત્રનું રક્ષણ-પોષણ થાય,
તેવા ૮ નિયમોને 'ચારિત્ર' કહેવાય.
સમિતિ = સમ્યક્ પ્રવૃત્તિ, ગુપ્તિ = સમ્યક્ નિવૃત્તિ.
એકમાં પ્રવૃત્તિ કેવી રીતે કરવી એનું વિધાન છે.
બીજામાં પ્રવૃત્તિનાં મુખ્ય સાધન મન-વચન-કાયા,
તેનો નિગ્રહ કેવી રીતે કરવો એનું વિધાન છે.

સમ્યગ્દર્શન = સાચું દૃષ્ટિબિંદુ.

'શ્રી જિનેશ્વર દેવે કહ્યું તે જ સત્ય છે'

એવું સાચું દૃષ્ટિબિંદુ મળે, ત્યારે જ જ્ઞાન અને ક્રિયા ઉભયનું સમ્યક્ પ્રકારે આરાધન થઈ શકે છે.

સરળ થવું તે બરાબર છે પણ મૂઢ થવું બરાબર નથી.

વિચારનો સાર - તત્ત્વજ્ઞાન, તત્ત્વજ્ઞાનનો સાર - ધર્મ.
ધર્મનો સાર - આચાર. આચાર એ પ્રધાનધર્મ છે.

કલ્પના, તર્ક કે તત્ત્વજ્ઞાન કરતાં પણ
સંસ્કારોની પ્રબળતાને જાણવી એ કપરું કામ છે.

જીવની ક્રિયાનું નામ 'જીવન' છે.

કંપન - સ્પંદન = Vibration.

અધ્યવસાય = feeling, sentiment.

પરમાણુઓ = molecules.

o એક અવસ્થામાં સુખનો કે દુઃખનો અનુભવ કરવો તે આપણી માનસિક સ્થિતિ કે સમજણ પર આધાર રાખે.

સામગ્રીના અભાવમાં પણ સાધુઓને સુખ છે.

સામગ્રીના સદ્ભાવમાં પણ તૃષ્ણાવાનને દુઃખ છે.

માત્ર વિચારોનાં ઘર્ષણને લીધે જ મનુષ્યો અન્યજનોને પ્રતિપક્ષી માને છે, અન્યજન ઉપર દ્વેષ રાખે છે તેમાંથી ક્લેશ, કંકાશ અને કુસંપ જન્મે છે.

આ ઘર્ષણને ટાળવા માટે સામા પક્ષની વાત શાંતિપૂર્વક
સાંભળતાં શીખવું જોઈએ અને તેમાં જે વસ્તુ સાચી
જણાય તેનો સ્વીકાર કરતાં જરા પણ અચકાવું ન જોઈએ
કેમકે સત્ય જ સારભૂત વસ્તુતત્ત્વ છે.
તેના આશ્રયમાં રહેનારા જ સંસારના પારને પામી શકે છે.
જગમાં રહેલા ગુણને પણ અનુમોદના કરી ગ્રહણ કરવા,
એ પણ આધ્યાત્મિક વિકાસને ઝડપી બનાવે છે.
વસ્તુ વિષેનું આપણું જ્ઞાન અપેક્ષિત હોય છે, તેથી
'આપણી માન્યતા સાચી - જગની ખોટી' ન કહેવું.
આપણી માન્યતા અમુક અપેક્ષાએ સાચી,
તો જગની બીજી અપેક્ષાએ સાચી હોય.
જો તે અપેક્ષા સમજવા કોશિષ કરીએ તો જગને અસત્ય
માનવાનો કે તેનો વિરોધ કરવાનો પ્રસંગ આવે નહિ.
વસ્તુને જોવાની અનેક દૃષ્ટિઓ હોય છે,
તેમાંની બે મુખ્ય દૃષ્ટિઓ : તાત્ત્વિક અને વ્યાવહારિક.
તાત્ત્વિક દૃષ્ટિ વસ્તુનાં મૂળ સુધી કે પરમાર્થ સ્વરૂપ સુધી
પહોંચાડે છે. વ્યાવહારિક દૃષ્ટિ વસ્તુનાં બાહ્યસ્વરૂપ અને
સાધનનો વિચાર કરાવે છે. કોઈવાર તાત્ત્વિક તો કોઈવાર
વ્યાવહારિક દૃષ્ટિને મહત્ત્વ આપવું પડે છે.
આ બંનેના સુમેળથી કાર્યની સિદ્ધિ થાય છે.

## મંત્રનો શાબ્દિક અર્થ

મંત્રનો શાબ્દિક અર્થ ઇષ્ટદેવની પરમ સ્તુતિ છે.
માંત્રિક = દેવ - ગુરૂ - આત્માની એકતા અને તેનું ભાન.
એ એકતાનું ભાન
મંત્રના પુનઃ પુનઃ રટણથી જાગ્રત થાય છે,
તેથી રાગ-દ્વેષનો વિલય અને ચિત્તની સમાધિ સિદ્ધ થાય છે.
આ એકતાની સિદ્ધિ
વૈખરીથી મધ્યમા અને મધ્યમાથી પશ્યંતી અને
પશ્યંતીમાંથી પરા સુધી પહોંચવા વડે થાય છે.
મંત્રના અક્ષરો જાપ અને ધ્યાન વડે પરમાત્માનો
સાક્ષાત્કાર કરાવે છે જેને 'શબ્દાકાર' પણ કહેવાય છે.
'મંત્રચૈતન્ય' તેને કહેવાય કે જેમાં
દેવ-ગુરૂ-આત્માની એકતાનો અનુભવ થાય છે.
એ એકતામાં જ શાંતિ, સુખ અને આનંદ રહેલા છે.
એવી એકતા સિદ્ધ કરવી એ જ મંત્રસાધનાનું લક્ષ્ય છે.
એ એકતા ચૈતન્યની ભૂમિકા ઉપર સિદ્ધ થાય છે,
તેથી મંત્ર વડે સુતેલા ચૈતન્યને જગાડવાની એક ક્રિયા
કરવામાં આવે છે. તેનું જ્યારે સ્વસંવેદન થાય છે,
ત્યારે મંત્રની ફળશ્રુતિઓ સિદ્ધ થતી દેખાય છે.

'સર્વત્ર લોકો સુખી થાઓ.'
પણ તે ક્યારે બને?
'સર્વત્ર દુર્બુદ્ધિનો નાશ થાઓ.'
પણ તે ક્યારે બને?
'બધાનું હિત કરવા તત્પર થાઓ.'
પણ તે ક્યારે બને?
'શિવમસ્તુ સર્વત્ર જગતઃ!'ની ભાવના કરી.
ભાવનાથી પરહિતરતતા, તેથી દોષનાશ અને
પરિણામે સુખલાભ થાય છે. આ ક્રમ છે.
'ધર્મ' શબ્દથી દાર્શનિક વિચારો અને
જીવનની રહેણીકરણી ગ્રહણ કરાય છે.

<u>અધ્યાત્મ પોષક તત્ત્વો</u>

(૧) આત્માની સ્વતંત્રતા અને નિત્યતા.
(૨) પુણ્ય-પાપ અને તેનાં ફળનો સ્વીકાર.
(3) સર્વશ્રેષ્ઠ અવસ્થા મોક્ષ અને તેના ઉપાય તરીકે ધર્મનો સ્વીકાર.
(૪) પુનર્જન્મ અને કર્મના નિયમનો સ્વીકાર.
(૫) સત્ય શોધનની તીવ્ર જિજ્ઞાસા અને સત્યનો સ્વીકાર કરવાની નિખાલસતા.

૦ પરમેષ્ઠિ કે પરમ અવસ્થાએ પહોંચેલા આત્માઓના
સ્મરણથી ચિત્તમાં શાંતિ, પ્રસન્નતા, ઉત્સાહ જાગે છે.
કોઈ વિઘ્ન નહિ નડે અથવા નડશે તો તેમાં સફળતાપૂર્વક
પાર ઉતરવાની આશા અને આશ્વાસન મળે છે.
નમસ્કારના સ્મરણથી અરિહંતોએ ઉપદેશેલા માર્ગનું સ્મરણ,
સિદ્ધાવસ્થાએ પહોંચવાના ધ્યેયનું સ્મરણ અને
આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ જેવું પવિત્ર જીવન
ગાળવાની ભાવના જાગે છે અને વૃદ્ધિ પામે છે,
તેથી અહિંસાના સંસ્કારો દૃઢ થાય છે,
ત્યાગ-વૈરાગ્યને પ્રોત્સાહન મળે છે,
સાધુતા પ્રત્યે આદર-માનની લાગણી પેદા થાય છે.

૦ યંત્રો તથા તેના પૂજા-પાઠની
વિશિષ્ટ પદ્ધતિઓ શાસ્ત્રો દર્શાવે છે.

૦ દુઃખનાં વિચારો કરવા એ આર્તધ્યાન છે.
હિંસાના વિચારો કરવા એ રૌદ્રધ્યાન છે.

વધારે ઉત્પન્ન કરો અને વધારે વાપરો, તેના બદલે
જરૂર જેટલું ઉત્પન્ન કરો અને સમજીને વાપરો.
ઉત્પાદન વધારવા માટે જરૂરીયાતો વધારવી એ
ઈંડું મેળવવા માટે મરઘી મારવા જેવું બેહૂદું છે.

० 'मित्ती मे सव्व भूएसु |' 'शिवमस्तु सर्व जगतः |'
આ બે સૂત્રો ઉપર વારંવાર મનન કરવું કર્તવ્ય છે.

० ધ્યાન એ અનેક પ્રકારની એકાગ્રતાઓમાંથી
મનને મોકળું કરવાનો અને
પવિત્ર બનાવવાનો સુંદર ઉપાય છે.
ધ્યાનથી આત્મશક્તિઓ આવિર્ભાવ પામે છે,
તેથી તે નિરર્થક કે નિરૂપયોગી નથી.
વિચારશક્તિ-ચિંતનશક્તિ સુધારવી કે વધારવી હોય,
તો ધ્યાન માટે પદ્ધતિસર શિક્ષણ લેવું જોઈએ અને
તે માટે રોજ નિયમિતપણે સમય કાઢવો જ જોઈએ.

० 'ઉર્ધ્વગામિની' એટલે જીવનના ઉચ્ચ આદર્શો તરફ
દોરી જતી સંસ્કૃતિ. વિશ્વધર્મની ભાવના જગતમાં
પ્રચાર પામો અને તે સૌનું કલ્યાણ કરો.

० જ્યાં સુધી વેદનો ઉદય વર્તે છે, ત્યાં સુધી સ્વસુખની
અભિલાષાનો અંશ કાયમ રહે છે અને તે આત્મદર્શનમાં-
આત્મિક સુખોપભોગમાં અંતરાયકારક થાય છે.
મોક્ષ માટે નિર્વેદની જરૂર છે.
'વેદોદયજનિત સુખ દુઃખરૂપ છે' એવી દૃઢ શ્રદ્ધા જેમ
વધતી જાય છે, તેમ નિર્વેદપણું નજીક આવતું જાય છે.

o ઈંદ્રિયોના સુખ-દુઃખ માટે પ્રયત્ન કરવો પડતો નથી,
પરંતુ ઈશ્વર કૃપારૂપ અતીન્દ્રિય સુખ માટે તો કરવો પડે છે.
ઈશ્વરમાં જેને અનન્ય શ્રદ્ધા છે, તેનાં દર્દો, દુઃખો અને
આપત્તિઓ ઈશ્વર પોતે આંખના પલકારામાં દૂર કરે છે.
જેવી અને જેટલી શ્રદ્ધા, તેવી અને તેટલી સિદ્ધિ.

ઈશ્વરને ઓળખ્યા વિના શ્રદ્ધા કઈ?

હૃદયમાં ઊંડા ઉતર્યા વગર ઈશ્વર ક્યાંથી?

એકાંત વગર હૃદય કયું?

પ્રત્યેક મનુષ્યને ઈશ્વરનો અનુભવ થયા જ કરે છે,
છતાં તે એમ માને છે કે આ અનુભવ નથી પણ ભ્રાંતિ છે.
એ ભ્રાંતિને કોઈ 'શેતાન' તો કોઈ 'માયા' કહે છે.

એ માયાને જીતવી દુષ્કર છે.

ઈશ્વરનું દર્શન નિરિંદ્રિય હોય છે.

ઈશ્વરનો પ્રેમ ઉત્સાહનું સ્વરૂપ ધારણ કરે છે.

ઈશ્વરની મોજ જ એની કૃપા પણ સત્ય વસ્તુ છે.

'અર્હં' એ પરમાત્માનું નામ છે.

વિશ્વમાં લાયકમાં લાયક તત્ત્વ અર્હં છે. જેની આગળ
વિશેષ લાયકાત ન હોય તેને સૂચવનારો શબ્દ અર્હં છે.
સિદ્ધચક્રનો તે બીજમંત્ર છે.

સિદ્ધ પુરુષોનો સમુદાય તે સિદ્ધચક્ર.

જેમાં વિશ્વના તત્ત્વરૂપ દેવ-ગુરુ-ધર્મ એ ત્રણે તત્ત્વનો
સમાવેશ થાય છે, એ ત્રણેનો વાચક શબ્દ 'અર્હં' છે.
દેવ-ગુરુ-ધર્મ એ આત્માની જ ચડતી ભૂમિકાઓ છે,
તેથી તેનો જાપ કરવો તે શબ્દરૂપે
આત્માનો જ જાપ કરવા બરાબર છે.

જાપથી પવિત્ર પરમાણુઓ આપણા તરફ ખેંચાઈ આવે છે,
આજુબાજુનું વાતાવરણ પવિત્ર બને છે,
મન-શરીરાદિના પરમાણુઓ પવિત્ર બને છે,
સંકલ્પો સિદ્ધ થાય છે, પ્રતિકૂળતાઓ દૂર થાય છે,
અનુકૂળતાઓ આવી મળે છે,
મોક્ષમાર્ગમાં આગળ વધવાના અધિકારી થવાય છે તથા
ઉપકારની પુંજવણી ઓછી થાય છે.

આ જાપથી વિશ્વનાં લાયકમાં લાયક તત્ત્વને નમસ્કાર છે.
આગળ વધવા ઇચ્છનારને આ જાપ એ પ્રથમ ભૂમિકા છે.

મનુષ્ય કરતાં વધારે ઉત્તમ કોઈ જીવન નથી,
તેમ મન કરતાં વધારે ઉત્તમ કોઈ સાધન નથી.
આપણા મનનો ઉપયોગ કરવા ઉપર
આપણું ભવિષ્ય આધાર રાખે છે.

વરાળ અને વિજળીની જેમ વિચારબળનો પણ
અમુક આકારમાં ગોઠવવાથી તેની શક્તિ કામ કરી બતાવે છે.
વરાળ અને વિજળીનો ઉપયોગ ધનાઢ્યો જ કરી શકે છે,
પરંતુ વિચારશક્તિનો ઉપયોગ સૌ કોઈ કરી શકે છે.
આત્માનું શુદ્ધસ્વરૂપ પ્રગટ થવાનાં સાધન તે ધર્મ છે.

આત્માદિ વસ્તુનું જ્ઞાન તે જ્ઞાન છે,
તેની દૃઢ શ્રદ્ધા તે દર્શન છે,
જ્ઞાન અને શ્રદ્ધા પ્રમાણે વર્તન કરવું તે ચારિત્ર છે.
સર્વ ઇચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે.
આ ૪ને ધર્મ કહેવાય છે.
આ ૪ને પાંચ પરમેષ્ઠિ સાથે મેળવતાં ૯ થાય છે.
તે ૯ના સમુદાયને 'સિદ્ધચક્ર' કહે છે.
તે ૯નો વાચક શબ્દ અર્હં છે.
અર્હં બીજરૂપ હોવાથી તેમાં સિદ્ધચક્રનો સમાવેશ થાય છે.

રાગના બદલે વૈરાગ્ય, લોભના બદલે સંતોષ,
દ્વેષના બદલે પ્રેમ, માનના બદલે નમ્રતા, ક્રોધના બદલે ક્ષમા.
જેમ કીલ્લો સામેથી આવતા ગોળીબારને અટકાવે છે,
તેમ શુભ પરમાણુઓનું બનેલું મન
અશુભ પરમાણુઓના વિચારોને અટકાવી દે છે.

આપણા વચનને માટે આપણે જેટલા જવાબદાર છીએ,
તેના કરતાં પણ વિચારો માટે વધારે જવાબદાર છીએ,
કારણકે વચન કરતાં પણ વિચારો ઘણે દૂર જાય છે
અને મનુષ્યોને ઘણા ભારીક અસર કરે છે.
તે સત્તાગત સંસ્કારોને વિશેષ પ્રેરક-પોષક બને છે.

<u>વિચારોના સદુપયોગથી ગુપ્ત રીતે પણ</u>
<u>વિશ્વનું કલ્યાણ કરી શકાય છે.</u>

સવ્વે સત્તા સુખી હોન્તુ, સવ્વે હોન્તુ ચ ખેમિનો।
સવ્વે ભદ્રાણિ પસ્સન્તુ, મા કિંચિ દુક્ખમાગમા ॥
અર્થાત્: સર્વ જીવો સુખ પામો, સર્વ કલ્યાણવાળા
પામો, સર્વ કલ્યાણને પામો, કોઈપણ દુઃખ ન પામો.
નિંદા કરનાર દરેકમાં કૂરતા, અવિશ્વાસ અને અસત્ય
આ ૩ તત્ત્વો અવશ્ય હોય છે.

આળસુ શરીરનો અર્થ મન આળસુ છે.
અનિયંત્રિત વાણીનો અર્થ મન અનિયંત્રિત છે.
સર્વ જાતિનાં દુઃખ મનની દુષ્ટ ભાવનાઓથી અને
સર્વ સુખ મનની સારી ભાવનાઓથી ઉત્પન્ન થાય છે.
સુખ એ મનનો વ્યવસ્થાપૂર્વકનો વ્યય છે,
દુઃખ એ મનનો અવ્યવસ્થાપૂર્વક અનુચિત ઉપયોગ છે.

o પિંડ વિચારણામાંથી આત્મૌપમ્યની ભાવના અને
બ્રહ્માંડ વિચારણામાંથી આત્મા અભેદની વિચારણા
એ બે મુખ્ય પ્રવાહો દર્શનવિદ્યાના પ્રેરક છે.
આત્મૌપમ્યની દૃષ્ટિ જીવનમાં સમત્વભાવના કેળવે છે,
જ્યારે આત્મા અભેદની દૃષ્ટિ
જીવનમાં વિશ્વૈક્ય બ્રહ્મભાવના કેળવે છે.
આ બંને ભાવનાઓ અંતે અહિંસાને જ સિદ્ધ કરે છે.
જો અહિંસા જીવનમાં સાકાર ન થાય,
તો એ બંને ભાવનાઓ માત્ર શાબ્દિક બની રહે.
માનવજાતિએ એવા વીરો જન્માવ્યા છે,
જેમણે અહિંસાને જીવનમાં સાકાર કરી છે.
ઉપનિષદોમાં સત્, જીવ અને આત્માને
જ્યારે બ્રહ્મરૂપે વર્ણવવામાં આવે છે,
ત્યારે એમાં બ્રહ્માંડની અભેદભાવના ગુંજે છે અને
જ્યારે આત્માને દેહાદિથી પર તરીકે વર્ણવે છે,
ત્યારે આત્મૌપમ્યની દિશા સૂચવાય છે.
અંતે 'બ્રહ્મ' અને 'સમ'
એ બન્ને શબ્દો
અહિંસા અને તેના અનુષંગી મૂળવ્રતોમાં એકાર્થક બને છે.

આત્મૌપમ્યમૂલક કે આત્મ અભેદમૂલક,
વ્યષ્ટિ કે સમષ્ટિ - જીવનના દરેક ક્ષેત્રમાં,
અહિંસાના સાચા વ્યવહારની જ આવશ્યકતા છે.
દર્શનવિદ્યા એ છેવટે પોતાનું સ્વરૂપ
વિચારવા અને અનુભવવા પ્રેરે છે.
આ પ્રેરણા મનુષ્યને
વિશ્વ સાથેના અને ઈતર પ્રાણીજગત સાથેના
સંબંધ વિશે વિચાર કરવામાં મદદ કરે છે.
આ વિચારમાંથી મનુષ્યનું રૂપાંતર થાય છે.
તેનું જીવન માત્ર સ્થૂલલક્ષી મટી
સૂક્ષ્મલક્ષી અને સર્વલક્ષી થવાની દિશામાં વળે છે.
તેને લઈ વ્યક્તિ રૂપે જુદી દેખાવા છતાં તાત્ત્વિક રીતે
સર્વમાં આત્મૌપમ્યની અથવા અભેદની દૃષ્ટિ કેળવે છે.
આ દૃષ્ટિ જ માનવતાનું સાધ્ય છે અને
એ દૃષ્ટિ જ ચારિત્ર નિર્માણનો પાયો છે.
જ્યાં ખરેખરી દાર્શનિક દૃષ્ટિ આ પરાવિદ્યાનો સ્પર્શ થશે,
ત્યાં જીવનનું ઉર્ધ્વીકરણ અવશ્યંભાવી છે.
એ ઉર્ધ્વીકરણ સિદ્ધ કરવાનો પ્રયત્ન
એ જ 'અધ્યાત્મયોગ' અથવા 'યોગવિદ્યા' છે.

o મનુભાઈ પટેલ પટેલના બાહ્યજગતને જુએ છે.
પોતાના દેહને જ 'હું શાંતિમ છું' એમ માની પ્રવર્તે છે.
ઊંડો ઊતરે ત્યારે તેને સમજાય છે કે દેહ, ઇંદ્રિય,
પ્રાણ, મન આદિથી પર એવું કોઈક સ્વાનુભવ તત્ત્વ છે,
જે ખરી રીતે 'હું' છું.
'હું' એ માત્ર ઇંદ્રિયગમ્ય કે મનોગમ્ય નથી,
પણ એથી પર અને સ્વસંવેદ્ય છે!
જ્યારે આટલું સમજાય છે,
ત્યારે તેના સાચેથી દેહાદિના અધ્યાસ ખસી જાય છે.
ત્યારે તેને જણાય છે કે જીવ તેનો ખરો દેહાદિમાં રહેવા
છતાં દેહાદિથી પર એવો ચિદાત્મા છે.
પ્રાણીમાત્રના ખરાં વિશે પણ તેમ જ છે.
જ્યારે આ ભાન થાય છે,
ત્યારે એનામાં બેમાંથી કોઈ એક વૃત્તિ સ્થિર થાય છે.
કાં તો એ પોતાના ચિદાત્માને પ્રાણીમાત્રના ખરાં ભેદી
માને છે, પ્રાણીમાત્રને આત્મૌપમ્યની દૃષ્ટિએ નિહાળે છે
અને કાં તો તે પોતાના ચિદાત્માને દરેક પ્રાણીમાત્રમાં
વિદ્યમાન ખરાંથી સર્વદા, અભિન્ન ભજતો થઈ જાય છે.
આ બન્ને વૃત્તિ અભેદ યા બ્રહ્મવૃત્તિ છે.

'સર્વં ખલ્વિદં બ્રહ્મ ।' અર્થાત્ આ સર્વ બ્રહ્મસ્વરૂપ છે.
'આર્ય' એટલે દેશ, કાળ, જાતિના મર્યાદિત બંધનથી
પર થઈ આધ્યાત્મિક સાધના કરતો પુરુષ.
અવિદ્યા, વિપર્યય, મોહ, અજ્ઞાન કે મિથ્યાત્વ એક જ છે.
અસ્મિતા, રાગ-દ્વેષ, તૃષ્ણા કે ચારિત્રમોહ-કષાય એક જ છે.
વિદ્યા, વિવેક, જ્યોતિ, તત્ત્વજ્ઞાન, સમ્યગ્દર્શન, પ્રજ્ઞા,
આત્મા, ચેતન યા સ્વસ્વરૂપનું અજ્ઞાન એ મૂળ અવિદ્યા છે.
દેહ, ઈંદ્રિય, મન અને પ્રાણ જેવાં આયતનોમાં આત્મબુદ્ધિ
કે મમત્વબુદ્ધિ કે 'અહં' પ્રત્યય કરી સુખ સંવેદન માટે જે
પ્રયત્ન કરાય છે, તેથી સ્થાયી સુખ મળતું નથી અને
ઈતર મમત્વ જગતના
સુખ સંવેદનો સાથે તે સુસંવાદી થતું નથી.

ચતુર આર્યસત્ય

| યોગ | બૌદ્ધ | જૈન |
|---|---|---|
| હેય | દુઃખ | બંધ |
| હેયહેતુ | સમુદય | આસ્રવ |
| હાન | નિરોધ | મોક્ષ-સંવર |
| હાનોપાય | નિરોધમાર્ગ | મધ્યમ પ્રતિપદા. |

જેનું નિવારણ શક્ય હોય તેને 'હેય' કહેવાય.

જે સુખ ઈતર ચૈતન્યશક્તિનાં સુખનું વિરોધી ન હોય
અને જે સુખમાં સમગ્ર ચૈતન્યશક્તિના સુખનું પણ
અભેદ સંબંધથી અનુસંધાન હોય,
તે જ સુખ શાશ્વત, વ્યાપક અને અવિસંવાદી ગણાય.
આવું સુખ દેહાદિ મૂર્ત, સીમિત, વિનશ્વર અને
દેશકાળથી બાધિત વસ્તુઓમાં અહં પ્રત્યક્ષ કરવાથી કે
ચૈતન્યબુદ્ધિ રાખવાથી ન મળે,
કેમકે પરિમિત અને સ્થૂલ વસ્તુઓનો અહં
પ્રત્યક્ષ મર્યાદિત સુખવેદનાનાં અનુભવમાં જ પરિણમે.
દેહેન્દ્રિયનો અહં પ્રત્યક્ષ સંમૂર્છિમ જંતુમાં જણાય છે.
પશુ-પક્ષી આદિમાં પ્રાણ વિશે અસ્મિતા હોય છે,
મનુષ્યોમાં સૂક્ષ્મ, વિવેકી, અંતર્મુખ ચિંતકોએ દેહાદિથી
ભિન્ન એવા ચૈતન્યતત્ત્વમાં અહં પ્રત્યક્ષ સ્વીકાર્યો છે.
દેશ અને કાળના સંબંધથી અતીત એવું ચૈતન્યતત્ત્વ
એ જ અહં પ્રત્યક્ષનો વિષય છે.
ભૂત-ભાવિનું અનુસંધાન અને પોતાથી ભિન્ન
જીવ-જાતિનું અનુસંધાન ચૈતન્યતત્ત્વમાં જ સંભવે.
શ્રવણ-મનનથી પ્રાપ્ત થયેલ ચૈતન્ય-અચૈતન્યના પરોક્ષ
વિવેકજ્ઞાનને પ્રત્યક્ષરૂપે આત્મસાત્ કરવાનો કે તેનો
સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન તેનું જ નામ 'યોગસાધના'.

ક્રોધ, લોભ, મોહના ત્યાગપૂર્વક થાય તે અહિંસાદિ ધર્મ છે.
ક્રોધ, લોભ, મોહપૂર્વક થાય તો તે હિંસાદિ અધર્મ છે.

ચરાચર વિશ્વ સાથેનો સંબંધ વિશુદ્ધ બનવાથી
આંતરિક શુદ્ધિ થાય છે.

યમ એ પ્રથમ અંગ એટલે નક્કર ભૂમિકા છે, પાયો છે.

वितर्कबाधने प्रतिपक्षभावनम् ।

વૃત્તિ = વિતર્ક અપાય - ઐહિક આપત્તિ.
અવદ્ય = પારલૌકિક અનિષ્ટ વિચારવું.

નિયમ મુખ્યપણે પોતાને સ્પર્શે છે.

जन्म हेतोः काम्यधर्मान्निवर्त्य मोक्षहेतौ निष्कामधर्मे
नियमयन्ति प्रेरयन्ति इति नियमाः ।

અર્થાત્ જન્મના કારણભૂત ઇચ્છાવાળા ધર્મથી પાછા ફરી
મોક્ષના હેતુભૂત નિષ્કામ ધર્મમાં નિયમન કરે,
પ્રેરણા કરે તે 'નિયમો' કહેવાય.

તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન

નિષ્કામ ભાવે મહાન આદર્શની આજ્ઞાએ સર્વ પ્રવૃત્તિ કરવી તે 'ઈશ્વર પ્રણિધાન' છે. નિષ્કામતા સિદ્ધ કરવા માટે જ તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન હોય છે. જગતકર્તાને, પરબ્રહ્મને કે મુક્તાત્માને ઈશ્વર માનો, પણ તેમના ધ્યાનથી નિષ્કામ બનવાની પ્રેરણા મેળવવાની છે.

જે કાંઈ કર્મ કરવામાં આવે,
તે સમર્પણરૂપે - સ્વાર્થરૂપે નહિ,
સર્વના કલ્યાણ માટે, ઈશ્વરની આજ્ઞાના પાલન માટે કે
જન્મ-જરા-મરણથી છૂટવા માટે ઇંદ્રિયો દ્વારા
ગૃહીત થતા વિષયોમાં ચિત્ત રચ્યુંપચ્યું રહે છે,
તેને વૈરાગ્ય અને અભ્યાસ વડે
ઇંદ્રિયોથી નહિ ગૃહીત થતા એવા સ્થૂલ-સૂક્ષ્મ વિષય ઉપર
ચિન્તન-મનન કરવા સશક્ત બનાવવું.
મૂઢ અને વિક્ષિપ્ત ચિત્તને એકાગ્ર અને નિરુદ્ધ
બનાવવાનો પ્રયત્ન એ જ યોગમાર્ગ છે.
ઇંદ્રિયાનુસારી ચંચળતા અને બહિર્મુખતા નિવારી
ચિત્તમાં સ્થિરતા અને અંતર્મુખતા સ્થાપવા
એ જ ધ્યાન અને સમાધિ પ્રક્રિયાનો ઉદ્દેશ છે.
વૃત્તિઓ એ ચિત્તનો જ્ઞાનસ્વરૂપ વ્યાપાર છે.
વૃત્તિઓ અવિદ્યાદિ ક્લેશોથી રંજિત હોય ત્યારે ક્લિષ્ટ
અને તેની ઉપર ક્લેશોની છાયા ન હોય ત્યારે અક્લિષ્ટ.
ક્લેશોને ક્રમે ક્રમે નબળા પાડી નિવારવાના હોય છે.
ક્રિયાયોગથી પાતળા પડેલા - ધ્યાનયોગથી દગ્ધ થયેલા ક્લેશો
વૃત્તિ સહ નિર્મૂળ બને, તે જ જીવન્મુક્તિ યા સિદ્ધિ છે.

ક્લિષ્ટ વૃત્તિ કે સકષાય યોગ (આસ્રવ) એ એક જ છે.
તેના નિરોધને 'સંવર' અથવા 'યોગ' કહે છે.
આકર્ષક ભોગ્ય વસ્તુઓમાં દોષ જોવાને બદલે
તે વસ્તુ પ્રત્યે આકર્ષાતા પોતાના ચિત્તમાં
ક્લેશ - દોષોનું યથાવત્ દર્શન-ચિંતન કરવું,
તે વિષય 'દોષ દર્શનજનિત પર વૈરાગ્યઃ' ગણાય.
તેથી કંઈક સ્થિર વૈરાગ્ય ઉપજે અને 'વસ્તુના કારણે
નહિ, વાસનાના કારણે દુઃખ - દુર્ગતિ છે' એમ ચિંતવે.
પરવૈરાગ્ય દોષદર્શનથી નહિ, સ્વરૂપદર્શનથી ઉપજે છે.
'જીવન ઉપર માઠી અસર ક્લિષ્ટ વસ્તુઓથી નહિ પણ
ક્લિષ્ટ વૃત્તિઓથી છે' તેમ સમજવું એ 'અપરવૈરાગ્ય' છે.
પોતાનું શુદ્ધ સાત્ત્વિક સ્વરૂપ, ચિત્તના સતત્ નિર્મળ
સ્વભાવ અથવા નિશ્ચયદૃષ્ટિ આત્માનું સિદ્ધસ્વરૂપ
ધ્યાન વડે જોવાનો અભ્યાસ પાડવો તે 'પરવૈરાગ્ય' છે.
એથી ચિત્તને ચિત્તમાત્રમાં
આત્મૌપમ્ય યા અભેદનું પ્રત્યક્ષ દર્શન થાય છે,
તેથી દેહ, પ્રાણ, મન આદિ મૂર્ત અને પરિમિત આયતનોમાં
તથા રૂપ, સત્તા, ધન આદિ બાહ્ય વસ્તુઓમાં
અહં-મમ બુદ્ધિ અથવા આત્મા-આત્મીય બુદ્ધિરૂપી

અજ્ઞાન આવરણનો પડદો તૂટી જાય છે અને
ઉપર ઉપરની સપાટીએ અનુભવાતા સુખ કરતાં
કોઈ અપૂર્વ અને સ્થિર આનંદની પ્રતીતિ થાય છે,
જે ક્લેશોનાં સંસ્કારબીજને દગ્ધ કરવા સમર્થ નિવડે છે.

શ્રદ્ધા અને પ્રજ્ઞા તથા
વીર્ય અને સમાધિની સમતા અગત્યની છે.

પ્રયત્નસાધ્ય સમાધિ સિદ્ધ કરવા માટેનાં ૪ અંગો છે:

(૧) સમાધિ વિનાનું વીર્ય ઉત્પાત કરે.
(૨) શ્રદ્ધા વિનાની પ્રજ્ઞા કુતર્કમાં પરિણમે.
(૩) પ્રજ્ઞા વિનાની શ્રદ્ધા મૂઢતામાં પરિણમે.
(૪) સત પુરુષાર્થ વિનાની સમાધિ જડતા વધારે.

ધ્યાનાભ્યાસમાં ચિત્તને સ્થૂલ-સૂક્ષ્મ તત્ત્વમાં સ્થિર રાખવાનો અભ્યાસ તો જ સિદ્ધ થાય કે જો તે નિર્મળ-પ્રસન્ન હોય. તે નિર્મળતા કે પ્રસન્નતાને રોકનારાં ચિત્તના ઈર્ષ્યાદિ મળો મૈત્રી આદિ ભાવનાઓથી ટળે છે.

ચારે ભાવનાનો પાયો આત્મૌપમ્ય અથવા અભેદની દૃષ્ટિ છે. અભેદ દૃષ્ટિ કેવળ સુખી પ્રત્યે નહિ પણ પ્રાણીમાત્ર પ્રત્યે કેળવાય, તો દુઃખીનાં દુઃખ દૂર કરવાની કરુણાવૃત્તિ, ગુણાધિકના ગુણ પ્રત્યે પ્રમોદવૃત્તિ અને તદ્દન જડ જેવા

અપાત્ર પ્રત્યે માધ્યસ્થ્ય કે તટસ્થવૃત્તિ કાયમ રહે છે.
'પ્રાણીમાત્રમાં પોતાના જેવું જ ઝળકતું ચૈતન્ય છે'
એવી દૃઢ પ્રતીતિ જ્યારે જાગ્રત કરે, ત્યારે તેના અહંત્વ
અને મમત્વનું કેન્દ્ર એકમાત્ર ચૈતન્ય બને છે.
બાહ્ય મૂર્ત પદાર્થો અને તેની સાથે સંબંધિત કીર્તિ, સત્તા
આદિ ભાવોની અભિલાષા કોઈ પણ રીતે સંતોષાતી નથી.
તેને સંતોષવા જતાં વધારે ને વધારે તીવ્ર બને છે અને
એ તીવ્રતા પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જતાં
કંટાળો, ક્લેશ અને દુઃખ આપે છે.
આત્મૌપમ્ય અને અભેદ દૃષ્ટિની રીત એથી ઊલટી છે,
કેમકે ચૈતન્ય એવી વસ્તુ છે કે તેમાં કોઈની પ્રતિસ્પર્ધાનો
સંભવ નથી, તેમ જ પરિમિત અને મૂર્ત ભાવોમાં ઉપજતાં
આઘાત-પ્રત્યાઘાતોનો પણ સંભવ નથી.
તેથી જ્યારે અભ્યાસ વધતાં વધતાં
સાધકની અહંત્વબુદ્ધિ ચેતનમાત્રમાં સ્થિર થાય છે,
ત્યારે અન્ય વસ્તુઓમાં પ્રથમથી ચાલી આવતી
અહંત્વબુદ્ધિ અને તન્મૂલક મમત્વબુદ્ધિનો વિલય
અનાયાસે જ થઈ જાય છે.
એ વિલય થતાંની સાથે જ ચિત્ત અને ચૈતન્યની

જ્ઞાન અને સંસ્કારાદિ શક્તિઓ ઉન્મુક્ત બની
સંવાદીપણે કામ કરે એ જ યોગીની <u>ઋતંભરા પ્રજ્ઞા</u> છે.
આ પ્રજ્ઞામાં વસ્તુના યથાર્થ સ્વરૂપ વિરુદ્ધ જાણવું કશું
પ્રતિભાસિત થતું જ નહિ, જેથી ચિત્ત-ચૈતન્યમાં વ્યુત્થાન
અને બહિર્મુખતાના સંસ્કારો પડતાં અટકી જાય છે.

અવિદ્યા અહંબુદ્ધિના કારણે ત્યાજ્ય નહિ,
પરંતુ વિષયની અયથાર્થતાના કારણે ત્યાજ્ય છે.
જે <u>જ્ઞાનમાત્રથી જ સિદ્ધ છે, તે 'વિદ્યાનો વિષય</u>'.
જે <u>પ્રયત્નથી મેળવવું અને સાચવવું પડે</u>
તે <u>'અવિદ્યાનો વિષય</u>'.

યોગમાં જે વિદ્યાનો વિષય છે, તેને મેળવવાનો કે
સાચવવાનો નહિ, પણ માત્ર ઓળખવાનો છે.
બાહ્ય સામગ્રી મેળવવા અને સાચવવામાં અનિવાર્ય રીતે
ભાગીદારી અને પ્રતિસ્પર્ધાનાં વિઘ્નો રહેલાં છે,
તેથી ચિત્તવૃત્તિ આઘાત-પ્રત્યાઘાત અનુભવી
રાગ-દ્વેષમાં પરિણમે છે અને ગમે તેટલું મળે
તો પણ મેળવવાનો અભિનિવેશ છૂટતો નહિ.
તેથી જ અવિદ્યામાંથી ઇતર ક્લેશો અનિવાર્યપણે જન્મે છે.
દુર્ભેદ્ય મનોવિકારો - દુષ્ટ વાસનાઓ તે ભવરોગ છે.

० सदारोग्य प्राप्तेः भाव सन्निपातक्षयादिति ।
અર્થાત્ ભાવરોગના ક્ષયથી સદ્આરોગ્યની પ્રાપ્તિ થાય છે.
० रागद्वेषमोहादिदोषास्तथातथात्मदूषणादिति । અર્થાત્
તેવા તેવા આત્માના દૂષણરૂપ રાગ-દ્વેષ-મોહાદિ દોષો થાય છે.
શારીરિક રોગ શરીરને અસ્વસ્થ - નિર્બળ બનાવે છે,
તેમ આ ભાવરોગ આત્મશક્તિને નિર્બળ બનાવે છે,
આત્માને દૂષિત કરે છે,
આત્માના શુદ્ધ અધ્યવસાયને મલિન કરે છે અને
આત્મશાંતિમાં વિક્ષેપ નાખીને તે આનંદનો ભંગ કરે છે.
सत्स्वेतेषु न यथावस्थितं सुखं स्वधातुवैषम्यादिति ।
क्षीणेषु न दुःखं निमित्ताभावादिति ।
आत्यन्तिकभावरोगविगमात् परमेश्वरताप्तेः
तत्तथास्वभावत्वात्परमसुखभाव इतीति ।
(પરિશિષ્ટ-૨)

परमानन्दसंपन्नं निर्विकारं निरामयं ।
ध्यानहीना न पश्यन्ति निजदेहे व्यवस्थितम् ॥
અર્થાત્ ધ્યાનહીન (જીવો) પરમાનંદ પામેલા, નિર્વિકાર અને
રોગરહિત પોતાના દેહમાં રહેલા (ઈશ્વરને) જોતા નથી.
આનંદ એ ઈશ્વરત્વનો સ્વભાવ છે.

દ્વેષ એ પ્રમોદભાવનાનો નાશ,
સમ્યગ્દર્શન આદિ મહાગુણોનો નાશ કરે છે.
રાગ એ મધ્યસ્થભાવનાનો અંત
સમ્યગ્જ્ઞાન આદિ મહાગુણોનો નાશ કરે છે.
જેનામાં દ્વેષ કે રાગ આવે,
તેનામાં સમભાવ દૃષ્ટિનો નાશ થાય છે,
તેથી તે મોક્ષ મેળવવાને નાલાયક કરે છે.
પછી ગુણદૃષ્ટિ નાશ પામે છે
અરે! સ્વર્ગ મેળવવાને પણ અનધિકારી થાય છે.
ગુણદૃષ્ટિ સ્વર્ગનો રૂટ - સમદૃષ્ટિ એ મોક્ષનો રૂટ છે.
આત્માઓ સ્વભાવે, સત્તાથી અને સ્વરૂપમાં સરખા છે.
જે ઉચ્ચ વિચાર ઉપર નીતિ-ધર્મનો પાયો રચાયેલો છે,
તેનો દ્વેષથી નાશ થાય છે.
દ્વેષ દોષ દેખે છે અને જુદું કરવા ઇચ્છે છે, મટે છે.
ભેદમાં અભેદ બુદ્ધિ અને
અભેદમાં ભેદબુદ્ધિ એ મોહનો ઉન્માદ છે,
અજ્ઞાનસૂચક આત્માનો કારમો રોગ છે.
મોહના સામર્થ્ય આગળ બુદ્ધિ નિસ્તેજ નીવડે છે.
જેથી હૃદયથી, અનુભવથી યથાર્થતત્ત્વ સમજવાને અને

અનુભવવાને પ્રયાસ કર્યો હોય છે, તેવા જ સર્વ બુદ્ધિથી
મોહના આવેગ અને આવરણ સામે ટકી શકે છે.

માટે સત્સંગ દ્વારા અનુભવ મેળવી,
મોહરૂપી બળિષ્ઠ રિપુનો સંહાર કરવો જોઈએ.

અસદ્વસ્તુનો અંગીકાર અને સદ્વસ્તુનો ત્યાગ કરવા
મોહાધીન જીવ લલચાય છે. પોતાના ખરા સ્વરૂપના
અજ્ઞાનથી જ જીવો સંસારમાં અનેક પ્રકારનું દુઃખ પામે છે.

'આત્મની પ્રકૃતિ' એટલે મોહનો સર્વથા ક્ષય.

મોહનો ક્ષય થતાં જે કેવળજ્ઞાન પ્રગટે છે, તેને
વિવેકજ્યોતિ, ઋતંભરા પ્રજ્ઞા કે પ્રજ્ઞ કહેવામાં આવે છે.

૦ ધ્યાનમગ્ન અથવા ધ્યાની સ્થિતિના અંતિમ અને
મુખ્ય ઉપાય તરીકે જીવ-બ્રહ્મનું અભેદ જ્ઞાન જ છે.

આ અભેદના શ્રવણ-મનનથી પર
એવું અપરોક્ષ જ્ઞાન થવું કે તુરત જ મુક્તિ.

યોગ-બ્રહ્મપણું પ્રાપ્ત કરવાનો ઉપાય લોકસંગ્રહ છે.
'લોકસંગ્રહ' એટલે સર્વનું ક્ષેમ યા શ્રેય.
તે કર્મયોગનું વિશિષ્ટ લક્ષણ છે.

ત્રિવિધં બ્રહ્મમેતત્ । 3 પ્રકારે બ્રહ્મ હોય છે:
પ્રધાનાત્મક ભોગ્યબ્રહ્મ, જીવાત્મરૂપ ભોક્તૃબ્રહ્મ અને
ઈશ્વરરૂપ પ્રેરકબ્રહ્મ.

૦ પરમાત્મા શબ્દાગમ્ય નહિ પણ દૃશ્ય તો છે જ.
અહીં પરમાત્માને જે દર્શન કે સ્વાનુભવથી જાણે,
તે જ ખરા અર્થમાં તેને 'જાણે' છે.
જૈન સિદ્ધાંત તાત્ત્વિકદૃષ્ટિથી અને
નિશ્ચયનયથી આત્માને અશબ્દ, અરૂપરૂપ
(સ્મૃતિ-લોકસ્મૃતિ ભાષાવિહીન) અને શબ્દાગમ્ય માને છે.
વ્યવહારિક દૃષ્ટિએ તે આત્માને
કર્મના સંબંધથી શરીર તેમ જ
નાનારૂપધારી માને છે.
વેદાંત દૃષ્ટિએ તે અદ્વૈત પરબ્રહ્મ અને ભવભેદરૂપ છે.
પરબ્રહ્મ તાત્ત્વિક સ્વરૂપ છે. ભવભેદ વ્યાવહારિક છે.

તરુવર એક પંછી દોઉ બૈઠે, એક ગુરુ એક ચેલા.
ચેલેને જગ ચુણચુણ ખાયા, ગુરુ નિરંતર ખેલા.
- આનંદઘન, પદ-૯૮

૦ સાંખ્ય મતે પુરુષ અકર્તા છતાં ભોક્તા છે.
જૈન મતે જે ભોક્તા છે, તે જ કર્તા હોઈ શકે.
પરમાત્મા એ જ્ઞાતા અને દૃષ્ટા બંને બને છે.
'સર્જન-અસર્જન બધું આપેક્ષિક કિંવા માયિક છે'
એમ કહી તે તત્ત્વની અગમ્યતા સૂચવે છે.

0 અનુભવ જ્ઞાન = કેવળ (માત્ર) જ્ઞાન

પાપરૂપ કાળાં વાદળાં

પશ્ચાત્તાપરૂપ પવન અને કરુણારૂપી વર્ષાથી દૂર થાય છે.

પુણ્યરૂપ ધોળાં વાદળાં

વૈરાગ્યરૂપ પવન - ઉદારતા-પ્રમોદરૂપ વર્ષાથી દૂર થાય છે.

'ખામેમિ સવ્વ જીવે |'

એ પશ્ચાત્તાપ છે, તેથી અનંત ભવોને દુઃખ આપી

કર્મના કાળા-કાળા વાદળા એકઠા કર્યા હતા, તે દૂર થાય છે.

'શિવમસ્તુ સર્વ જગતઃ |'

એની વૈરાગ્યરૂપ વર્ષા અને પવનથી તે કર્મો દૂર થાય છે.

આત્મસ્વરૂપનાં પ્રથમ દર્શન કરીને પછી નાના પ્રકારની

સિદ્ધિ મેળવનાર સૂર્યવત્ તેજસ્વી થઈ રહેશે.

દિવસ ચઢેલો જોઈ સૂર્ય જણાય,

તેમ અંકુર જોઈ બીજ જાણી શકાય.

સાકર અને ફટકડી દેખાવમાં સરખા પણ સ્વાદમાં જુદા.

ઇંદ્રિયો મનને અને મન આત્માને વશ રહે,

તો શરીરરૂપી રથ સીધો ચાલે.

જેમ કસ્તુરી મૃગની નાભિમાં છે,

તેમ સુખ આત્મપ્રદેશમાં રહેલ છે, બહાર નહિ.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદઘનસ્વરૂપ છે.
આત્મા વિશ્વમાં જેટલા અંશે રહેલ છે,
તેમાં આત્માના જ્ઞાનની ફક્ત છાયા જ રહેલ છે.
છાયા અપૂર્ણ અને ક્ષણિક હોઈ અલ્પ સમય રહે છે,
તેમ પરવસ્તુમાં પડેલ આત્મજ્ઞાનની છાયા અપૂર્ણ છે.

'મહતા પુણ્યપણ્યેન ક્રીતેયં કાયનૌસ્ત્વયા ।
પારં દુઃખોદધેર્ગન્તું તર યાવન્ન ભિદ્યતે ॥'

(પરિશિષ્ટ-૩)

૧૪ રાજલોક મોટા કે આત્મા? નાવમાં નદીઓ ડૂબી જાય?
સંસારસમુદ્ર કરતાં કાયારૂપી નાવડી મોટી છે.
જ્યાં રાગ ત્યાં અજવાળું (દિવસ).
જ્યાં દ્વેષ ત્યાં અંધારું (રાત્રિ).

આત્મા એ કર્મ વડે જગતનો કર્તા, ઈશ્વર છે અને
જ્ઞાન-દર્શન વડે ઈશ્વર નહિ પણ પરમેશ્વર, દેવાધિદેવ છે.
કર્મના કર્તા તરીકે ઈશ્વરને માનનાર કરતાં
કર્મનો નાશ કરી પોતાના સ્વરૂપમાં રહેનાર પરમાત્માને
ઈશ્વર, પરમેશ્વર માનનાર જૈનો શ્રેષ્ઠ છે.
જગતકર્તા ઉપર પ્રપત્તિભક્તિ, શરણાગતિ, સર્વસમર્પણભાવ
અનુભવી શકાય છે, કેમકે તે પોતાનો જ આત્મા છે.

પરમેશ્વર પ્રત્યે શરણાગતિ, આજ્ઞાપાલન રૂપ,
નિમિત્ત-કર્તારૂપે રહે છે, તેથી અનુગ્રહ પ્રાપ્ત થાય છે.
તે રૂપે ભક્તિ કાયમ રહી શકે છે.
પેટ કે પેટી હંમેશા ભૂખી જ રહે છે.
વિષયો માટે દ્રવ્ય, દ્રવ્ય માટે દેહ,
દેહ માટે કર્મ અને કર્મ માટે આત્મા.
એ રીતે વિષયોનો કર્તા પણ આત્મા જ છે.
મનુષ્યપણું, જૈનપણું અને સાધુપણું મળ્યું
એથી વિશેષ શું જોઈએ?
પરનું ધ્યાન કરવાથી વાદળ = આવરણ થાય છે.
સ્વનું ધ્યાનથી તે જ વાદળ વરસાદ થઈ નિરાવરણ થાય છે.
પોતાના આત્મામાં સુખ એટલે પોતાના પરિણામમાં સુખ.
આત્મપરિણામમાં જ સુખ, જ્ઞાન, વીર્ય વગેરે જોવાં
એ આત્મચિન્તનરૂપ વરાળ છે, જેનાથી સ્ટીમર દોડે છે.
પશુવૃત્તિના સ્થાને
આત્મવૃત્તિ, જ્ઞાનવૃત્તિ, આનંદવૃત્તિની ખીલવણી કરવી ઘટે.
વિષયવૃત્તિના સ્થાને આત્મવૃત્તિ કેળવવી.
ઇંદ્રિયોને વશ કરે ત્યારે પશુપણાં ઉપર જય થશે.
મનને વશ કરે ત્યારે ખરેખરો મનુષ્ય થાય.

જેવી ભાવના તેવી સિદ્ધિ. ચિત્તવૃત્તિ એ વસ્ત્ર જેવી છે.
ધોળા વસ્ત્રને જે રંગ લાગશે,
તે સહેજે લાગશે કે જ્યાં મૂળ રંગ હોય જ નહિ.
તેમ આત્મા પણ નિશ્ચયનયે શુદ્ધ છે, છતાં મલિન
ચિત્તવૃત્તિને લીધે મલિન દેખાય છે, ભાસે છે,
પરન્તુ નિશ્ચયનયે સ્ફટિક જેવો શુદ્ધ છે, અરૂપ છે.
રૂપી ચિત્તવૃત્તિ સ્વચ્છ હોય કે અસ્વચ્છ,
છતાં આત્મા નિજસ્વરૂપ છોડતો નથી.
બ્રહ્મ = આત્માનંદ, ચર્ય = રમણ.
જો સ્ત્રીનો ત્યાગ થાય અને કામવૃત્તિનો ત્યાગ ન થાય,
તો તે ત્યાગ વિડંબનારૂપ છે.
સ્ત્રીમાં માતૃભાવ કેળવવો તે પ્રથમ શરત છે.
સ્ત્રીમાં પુત્રી, ભગિની અને માતૃવૃત્તિ રાખવી.
જગમાત્ર માતાઓ - તેના ખોળામાં રમતો બાળક પોતે.
સુખની કલ્પના બહારના પદાર્થોમાં નહિ,
પણ પોતાના આત્મામાં કરવી.
કસ્તુરીયો મૃગ નાભિમાં રહેલ કસ્તુરીને ભૂલી
જંગલના વૃક્ષોમાં કસ્તુરીની કલ્પના કરે છે.
કલ્પનાને લીધે કામવિકાર ઉપજે છે, માટે તેનો ત્યાગ કરી.

માનબુદ્ધિરૂપી કલ્પના છૂટી જશે, ત્યારે માતારૂપ આકાર
અટકે જશે તો પણ નિરાકાર આત્મજ્યોત રહેશે જ,
તેમ ચિત્ત શુદ્ધ સ્ફટિકવત્ રહી આત્મસ્વરૂપમાં જ અનંત
આનંદનું દર્શન કરશે. સ્ત્રીનો - કામવૃત્તિનો અને તેના
લક્ષનો ત્યાગ કરીને નિજાનંદમાં મસ્ત રહેવું.

રાગનો રંગ કીરમજી જેમ લાલ, દ્વેષનો ગળી જેવો કાળો છે.

જેમ સૂર્ય પ્રકાશને ઢૂંઢે, તેમ આત્મા સુખને ઢૂંઢે છે.
ક્ષીરસમુદ્ર જળને ઢૂંઢે કે વાદળને જુએ,
પરંતુ પોતામાં જુએ તો જળનો મહાસાગર દેખાય.

સિંહ જાગૃત થતાં જ તેના પર ફરતા ઉંદરો પલાયન કરે,
તેમ આત્મસિંહ જાગૃત થતાં જ કામ-ક્રોધાદિ ઉંદરો ભાગે.

પરવસ્તુ, પરપુરુષ કે પરસ્ત્રીમાં જે સુખ લાગે છે,
તે ભ્રાંતિરૂપ જણાતાં જ
નિજ આત્મજ્ઞાન તત્ત્વમાં સુખ પ્રતિભાસે છે.

દેહભાવ-બેડી, આયુષ્યકર્મ-મુદ્દત, કુટુંબકબીલો-જેલરો.
(a) દેવ - નજરકેદ (b) મનુષ્ય - સાદીકેદ
(c) તિર્યંચ - સખત મજૂરી (d) નારકી - ભોંયરું.
સંબંધીઓ રૂપી પહેરેગીરો
રાત્રિ-દિવસ ચોકીપહેરો ભરતા આસપાસ ઊભા જ રહે છે.

મનુષ્યોમાં પણ રૌદ્રધ્યાની નારકી, આર્તધ્યાની તિર્યંચ,
શુક્લધ્યાની દેવ અને ધર્મધ્યાની દેવ કે મનુષ્ય છે.
સર્વ જીવો તારા સ્વજન અને પરજનો અનંતીવાર થયા છે,
માટે તેમાંથી સ્વ અને પરનો વિભાગ કાઢી સર્વ જીવો
સમાન બની જા. સર્વ સાથે મૈત્રી રાખ, સમભાવ રાખ.

દુઃખી ઉપર કરુણાથી અશુભ મટશે,
સુખી ઉપર પ્રમોદથી શુભ નિવર્તશે.
શુભ-અશુભ ભોગવવાની આ પરમયુક્તિ છે.
પછી પરભાવ છૂટી સ્વભાવમાં ભળતા આવડી જશે.
આત્મધ્યાનાગ્નિમાં રાગ હોમાઈ જશે.
વીતરાગ થઈ નિજસ્વરૂપાનંદમાં મહાલવાનું થશે.
મૈત્રી તેના સાથે કરવી જે કદી છોડે નહિ.
સદા સંબંધી તો એક ચેતન જ છે.

જેમ કમળ જળમાં રહ્યાં છતાં ચિત્ત ચંદ્રમાં રોપવાથી જળના
સ્પર્શરહિત રહે છે, તેમ બુધજન પરમાત્મરૂપ પૂર્ણ ચંદ્રમાં
દૃષ્ટિ સ્થિર રાખી, સંસારજળનો સ્પર્શ થવા દેતા નથી.
તેમને રાત્રિ જેવો અંધકાર કે દિવસ જેવો ઉજાસ હોતો નથી,
પણ સૂર્ય જેવી સદા પ્રકાશમાન જ્ઞાનાનંદ થઈ રહે છે.
પોતે પોતામાં જ આનંદસ્વરૂપનો અનુભવ કરે છે.

ધર્મ એ જ પિતા, કરુણા એ જ માતા,
વિવેક એ જ ભ્રાતા, ક્ષમા એ જ પત્ની,
જ્ઞાન - દર્શન - ચારિત્રાદિ પુત્રો.
બાહ્ય બાંધવો બાંધે છે,
સંસારરૂપી બંદીખાનામાં નાખે છે, સખત મજૂરી કરાવે છે.
અંતરંગ બાંધવો આદિ-અનંતકાળ સુધી સાથે રહે છે,
માટે તેઓ ખરેખરા સગા છે. તેમાં જો રાગ કરીએ તો
મોક્ષ અપાવ્યા પછી પણ તેઓ આપણને છોડી જનારા નથી.
'पितेव हिते नियुङ्क्ते मातेव रक्षति ।' અર્થાત્
જે કોઈ હિત કરે તે સર્વ પિતા, દયા કરે તે માતા.
સત્યાસત્યનું, આત્મા ઉપરનું જ્ઞાન આપે તે તથા
આત્માનો વિવેક એ જ બંધુ.
જે કોઈ ક્ષમા કરે તે પ્રિયતમ સ્ત્રી જાણવી.
જે કોઈ જ્ઞાનાદિનો આનંદ આપે તેને પુત્ર જાણવા.
ધર્મ આપે તે પિતા, કરુણા કરે તે માતા,
વિવેક આપે તે ભ્રાતા, ક્ષમા આપે તે સ્ત્રી,
જ્ઞાનાદિ આપે તે પુત્ર-પરિવાર.
જેમ પિતા હિતનો માર્ગ દેખાડે, ગુણ ઉપર પ્રમોદ કરાવે,
તેમ ધર્મ હિતનો માર્ગ દેખાડે છે.

જેમ માતા રક્ષણ કરે છે અને અહિત થતાં અટકાવે છે,
તેમ કરુણા અહિત થતાં અટકાવે છે. માતા દોષ ઉપર
કરુણા કરાવે, બાંધવો હિતાહિત સમજાવે. પ્રિયા કે પત્ની
શાંતિ ઉપજાવે, તેમ ક્ષમા = પ્રિયા. પુત્રની જેમ જ્ઞાન, દર્શન,
ચારિત્ર, વીર્ય આત્માને પૂર્ણાનંદ, અવ્યાબાધ સુખ આપે.

તે જ આત્માનું પોતાનું ભાવરૂપ ખરું કુટુંબ છે.

૪ ગતિમાં જે જીવો ધર્મને માર્ગે ચઢાવે તેને પિતા સમજ.
અહિત કરતાં અટકાવે તેને માતારૂપે ઓળખ.
એમ સૌ જીવોને જુદીજુદી અપેક્ષાએ બંધુ, પ્રિયા, પુત્ર સમજ.
તેના તે જીવો ધર્મભાવે પિતા, કરુણાભાવે માતા,
વિવેકભાવે ભ્રાતા અને ક્ષમાભાવે પ્રિયા છે.
જ્ઞાનાદિભાવો ઉત્તમ પુત્રરત્નો છે.

જેમ જ્ઞાનાદિ આત્મગુણ એ સમભાવ રૂપ મોક્ષની સમજ
આપવાના સાધન છે, તેમ માતા-પિતાદિ કુટુંબ એ સર્વ
જીવોને ધર્મ-દયારૂપ, વિવેક-ક્ષમારૂપ, જ્ઞાનાદિ ગુણરૂપ
સમજવાનાં ચિહ્નો છે. પોતાનો જીવ પણ જ્યારે ધર્મમાર્ગે
વળે, ત્યારે પોતાના ભાવને પિતા, કરુણાભાવને માતા,
વિવેકભાવને બંધુ, શાંતિભાવને પત્ની
અને જ્ઞાનાદિભાવોને આનંદકર પુત્રો સમજે.

# અરિહંત = શત્રુનો નાશ કરનાર

જગતજીવના શત્રુભૂત જન્મ-જરા-મૃત્યુ અને
તેના કારણભૂત અજ્ઞાન, મોહ, મિથ્યાત્વનો ક્ષય કરનારા
અરિહંતના ધ્યાનથી ધર્મવિષયક અજ્ઞાન, અધર્મ વિષયક મોહ
અને તત્ત્વવિષયક વિપર્યાસ નાશ પામે છે.
ધર્મકાય = અરિહંત, તત્ત્વકાય = અરૂહંત, કર્મકાય = અરહંત.

૦ પારો બે પ્રકારે: કાચો અને મારેલો.
અનધિકારીનું જ્ઞાન કાચા પારા જેવું છે,
અધિકારીને તે મારેલા પારાની જેમ ઔષધિરૂપ છે.
જળ એક જ હોવા છતાં તે ભાજન મુજબ રસ આપે.
નીંબને તે કટુકરૂપે અને આંબાને તે મધુરરૂપે પરિણમે છે.
તેમ જ્ઞાનરૂપી જળ અધિકારીને ભાવદાયક અમૃતરૂપ
અને અનધિકારીને હાનિકારક - વિષરૂપ બને છે.
ઘડો ફૂટી ગયો. માટી માટીમાં અને જળ જળમાં મળી ગયું
માટે શુભ શુકનરૂપ થયું. અનધિકારીને તે અશુભ શુકનરૂપ લાગ્યું.
ભાવિત કરેલું જ્ઞાન મારેલા પારા જેવું છે.
અભાવિત હોય, ત્યારે તે જ જ્ઞાન કાચા પારા જેવું છે.

પરોપકાર એ વિશ્વનો નિયમ છે.
આદાનપ્રદાનના નિયમ ઉપર વિશ્વનું સંચાલન છે.

સૂર્ય, ચંદ્ર, મેઘ, પૃથ્વી, પાણી એ સૌ તત્ત્વો ઉપરાંત
અગ્નિ, વાયુ, આકાશ સૌને કાંઈ ને કાંઈ આપે જ છે.
જે આપતા નથી, તે નાશ પામે છે અને વિકૃત બને છે.
આપો અને મેળવો. વાવો અને લણો. કરો અને પામો.
પરોપકારમાં શ્રેષ્ઠ અથવા પ્રધાન પરોપકાર કરનારા
અરિહંત પરમાત્મા છે, તેથી તેઓ સર્વના પૂજ્ય છે.

જ્ઞાનાદિ દયા-સમદર્શિત્વ, દયાદિ પીડાનું વર્જન,
આશ્રવ નિરોધ, સંવર, સમશત્રુ-મિત્રતા, અરાગ-દ્વેષતા,
અક્રોધ-માન-માયા-લોભતા, અકષાયતા, તેથી સમ્યક્ત્વ,
તેથી જીવાદિ પદાર્થોનો બોધ, તેથી સર્વત્ર અપ્રતિબદ્ધતા,
તેથી અજ્ઞાનાભિગ્રહિકાદિ મિથ્યાત્વનો ક્ષય, તેથી વિવેક,
વિવેકથી હેયોપાદેય વસ્તુના વિચારમાં એકાંતબદ્ધલક્ષતા,
તેથી અહિતનો પરિત્યાગ, હિતનું આચરણ તેમાં અત્યુદ્યમ,
તેથી ક્ષાંત્યાદિ ૧૦ પ્રકારના અહિંસા લક્ષણ
ધર્મક્રિયાનો કરવા-કરાવવામાં વિશ્વ આખાયને

જાણનાર પોતાને જ જાણવાનું ભૂલ્યો.
દેહભાવને છોડી આત્મભાવમાં આવે
એટલે જ્ઞાનાવરણાદિ કર્મપ્રકૃતિઓ જાય.
દેહભાવ એ મિથ્યાત્વ, મોહ અને અજ્ઞાન છે.

આત્મભાવ એ સમ્યક્ત્વ, વિવેક અને જ્ઞાન છે.

જેમ સૂર્ય વડે બધું દેખાય છે, છતાં સૂર્યને કોઈ જોતું નથી,
તેમ આત્મા વડે બધું જણાય, છતાં તેને કોઈ જાણતું નથી.

જ્ઞાનપ્રભા અને આત્મપ્રભા એક જ છે.

ચક્રવર્તી ૬ ખંડનો માલિક છે, જીવ ૬ દ્રવ્યનો માલિક છે.
છએ દ્રવ્યરૂપ આખું જગત, વિશ્વ, સૃષ્ટિ તારે સ્વાધીન છે.
સ્વરૂપરમણતા = તારામાં જ રમણ કરનારી પતિવ્રતાસ્ત્રી.
આત્માની સમતા = કેવળજ્ઞાન રૂપ પ્રભા - પતિવ્રતાસ્ત્રી.

જેમ સૂર્ય અને પ્રભા અભિન્ન છે,
તેમ આત્મા અને સમતા અભિન્ન છે.

સમતાપૂર્વકની તપસ્યા વડે કર્મને બાળી,
ધ્યાન વડે તેની રાખ પણ ઉડાવી દેવી.

0 રસો વૈ સઃ। પોતે જ રસ રૂપ છે.

લોકાલોકમાં પ્રસરે તેવી કીર્તિરૂપ સુગંધ ભરી છે.
ચક્ષુરિંદ્રિયના રૂપને ઇચ્છનાર પોતે જ ઇંદ્રને પણ પૂજનીય
અને વંદનીય છે. શબ્દમાં આનંદ નથી પણ શબ્દોચ્ચારને
ઇચ્છનાર પોતે જ આનંદામૃતનું અમૃતપાન કરી રહ્યો છે.

પોતાની મૂળ સ્થિતિને સેવવા,
પણ ઇંદ્રિયોના વિષ સમ વિષયોને ન સેવવા.

પ્રત્યેક વ્યક્તિ-વસ્તુમાં ગુણો રહેલા છે, પણ માનકષાય
તે શોધવા દેતો નથી. પરવસ્તુના લોભથી માટીમાં રગદોળાયો,
પાણીમાં ડુબ્યો, ત્રિવિધ તાપમાં તપ્યો. 'હું આત્મા' એવો
સિંહનાદ થાય તો માટીરૂપી જતરી જેં જેં કરી લાગવા માંડે.

o ભાવના મનપુષ્પ છે, ભક્તિ નવધું નમસ્કારપુષ્પ છે,
ભાવનાથી ભક્તિ અને ભક્તિથી ભાવના વધે છે.
ભાવનાથી નવી શક્તિ અને તેનો સદુપયોગ થાય છે.

ભાવના અહંકારનું શુદ્ધીકરણ છે,
ભક્તિ અહંકારનું વિલીનીકરણ છે.

વાસના અશુદ્ધ અહંકાર છે, ભાવના શુદ્ધ અહંકાર છે.
ભક્તિ એ નમસ્કાર છે.

અશુદ્ધ અહંકારમાં બીજાઓ પ્રત્યે તિરસ્કાર છે.
તેનું નિવારણ બીજાઓ પ્રત્યે સમાનભાવનું સમર્પણ છે.
તે વડે તિરસ્કારભાવ નાશ પામી પુરસ્કારભાવ આવે છે.
નમસ્કારભાવ વડે પુરસ્કારભાવ વિલીન થઈ જાય છે.
નમસ્કારમાં પુરસ્કાર સમાઈ જાય છે,
તેથી તિરસ્કારભાવરૂપ અહંકાર નાશ પામે છે.

'હું સારું કામ કરું' એવો અહંકાર
ખરાબ કામ કરવાની વૃત્તિને નાશ કરવાનો ઉપાય છે.

જેઓ સારૂં કામ કરી રહ્યા છે અને પાછળથી અધિક પ્રમાણમાં કરી રહ્યા છે તેઓને કરાતો નમસ્કાર સારા કામ કરવાથી ઉત્પન્ન થતા અહંકારને ઓગાળી નાખે છે.

સમભાવથી વિષમભાવ ટળે છે અને આત્મભાવ પ્રગટે છે.

સમભાવ ભાવનારૂપ છે અને આત્મભાવ ભક્તિરૂપ છે.

આત્મભાવથી શક્તિ વધે છે.

સમભાવથી શક્તિનો અપવ્યય અટકે છે.

આર્તધ્યાન = અશુભભાવ, રૌદ્રધ્યાન = અશુદ્ધભાવ,
ધર્મધ્યાન = શુભભાવ, શુક્લધ્યાન = શુદ્ધ ભાવ.

'એક જ ભવમાં ૪ ભવ થાય છે'

એ વાક્યનો અર્થ:

'૪ પ્રકારના ધ્યાન ભવને એક જ ભવમાં અનુભવાય છે'

એવો થાય છે.

°

Dimensionless realm સામાયિક is the truth and is the way to truth. Beginning & also climax. Truth is not only to know but to realize. Every person must understand for himself the truth that brings freedom.

સામાયિક માત્ર જાણવાપણું નહિ, માત્ર કરવાપણું નહિ
જાણવા કેરા, કરવા કેરા અનુભવવાપણું છે.
'સત્વ' એટલે સામાયિક. 'સામાયિક' એટલે આત્મા.
'સામાયિક' એટલે સત્વ અને સ્વનું સર્વ સાથે સામ્ય.

પ્રત્યેક વ્યક્તિએ સ્વનું સર્વ સાથે સામ્ય
જાણવું, જોવું અને જીવવું પડશે.
પોતાના હિત માટે સર્વના હિતની
intense & ceaseless desire હોવા જોઈએ.
સત્વ એટલે all and everything.
સત્વ એટલે similarity of substance and
sameness of purpose.
'સમ્યક્ત્વ' એટલે સત્વનું દર્શન. સત્વનો પરિચય - શ્રુત,
સત્વનું દર્શન - સમ્યક્ત્વ, સત્વનો અનુભવ - ચારિત્ર.
૧૨ માસના પર્યાયમાં અનુત્તરને ઉલ્લંઘે,
તો ક્રોડ પૂર્વના પર્યાયમાં શું ન મળે?
'સામાયિક' શબ્દનો પરિચય દ્રવ્યશ્રુત છે.
માત્ર ક્રિયા = દ્રવ્ય ક્રિયા. જન્મનો હર્ષ, મરણનો ભય,
જીવનની આસક્તિ, જરાદિ દુઃખ, વ્યાધિદિ પીડા, અપ્રિયના
સંયોગાદિ ચિંતા, પ્રિયના વિયોગાદિ વેદના ઘટે છે.

આપણામાં વધુ જ્ઞાનાદિ ગુણને ધારણ કરનારાઓનો ઉપકાર માનવો જોઈએ કે તેઓ આપણને દૃષ્ટાંત આપી તેવા થવાનો બોધ આપે છે, માર્ગ દેખાડે છે.
આપણાથી દુઃખી જીવોને જોઈને તેમનો ગુણ માનવો જોઈએ કે દુઃખ ભોગવે છે તેઓ અને કરુણાભાવ આપણામાં પેદા કરીને આપણી પાત્રતાને તેઓ વિકસાવે છે.

ઇંદ્રિયો ચોર છે, ક્રોધાદિ લુંટારા છે.
મનને ધ્યાનરૂપ બેડીમાં કેદ કરવું જોઈએ.
તો મનના હજુરીઆ જેવા વિષયો અને કષાયો
આપોઆપ ધ્યાનરૂપ કેદમાં પુરાશે.

○ 'चित्तं यस्य स्फटिकविमलं नैव गृह्णाति रागं
कारुण्यार्द्रे मनसि निखिलाः शोधिता येन दोषाः।
अक्रोधेन स्वयमभिहतो येन संसारशत्रुः
सर्वज्ञोऽसौ भवतु भवतां श्रेयसे निश्चलाय ॥'

અર્થાત્ જેમનું ચિત્ત સ્ફટિક જેવું નિર્મળ છે,
જેમનું ચિત્ત રાગને ગ્રહણ કરતું નથી,
જેના કરુણારૂપ પવિત્ર મનમાં સર્વ દોષો શોધાયા છે,
જેના અક્રોધ વડે સંસારશત્રુ ચોતરફથી હણાયો છે, એવા
આ સર્વજ્ઞ ભગવંત કલ્યાણ (નિશ્ચલમોક્ષ) માટે થાઓ.

0 આ પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ
સર્વ ધર્મ ક્રિયાઓનો
પ્રાણ, નિષ્કર્ષ અને સારતત્ત્વ છે.
જેમ કે ગોરસનો સાર માખણ છે
અને કવિતાનો પ્રાણ ધ્વનિ (વ્યંગ્યાર્થ) છે.
નમસ્કારમાં કૃતજ્ઞતા, ભક્તિ અને વિનય છે.

0 અર્થ અને કામનો ઉપદેશ

(૧) ધાવિતને સંપદિશ સમાન છે.
(૨) ટડકવાને મેઘગર્જના તુલ્ય છે.
(૩) પડતાને પાટુ મારવા જેવી છે.
(૪) વાનરને મદિરા પાવા બરાબર છે.
(૫) ડુબતાને ગળે શિલાબંધન તુલ્ય છે.
(૬) ક્ષત ઉપર ક્ષાર નાંખવા બરાબર છે.
(૭) ફાંસો ખાનારના પગ પકડવા સમાન છે.
(૮) ઉન્માદિતને મદૂરના ઉલ્લેપ સમાન છે.
(૯) રોગીને કુપથ્યની જેમ અહિતકર છે.
(૧૦) સળગતા ઘરમાં ઘીની આહુતિપ્રક્ષેપ તુલ્ય છે.
(૧૧) તરસ્યાને તપાવેલું તાંબુ પાવા બરાબર છે અને
(૧૨) ઉપરથી પડતાના માથા પર ઘનઘાત કરવા બરાબર છે.

## ઉપદેશનું રહસ્ય

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત.
અહિંસાનો આચાર વિકસાવવા સમગ્ર ચરણકરણાનુયોગ છે.
અનેકાંતનો વિચાર વિકસાવવા માટે
સમગ્ર દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ છે.
કથાનુયોગ ઉભયને વિકસાવે છે.
આચાર અહિંસામય અને વિચાર અનેકાંતમય રાખવા
એ સમતા સામાયિક છે.
અહિંસા તત્ત્વની સાધના માટે મુખ્યત્વે બે સાધનો:
સંયમ અને તપ.
સંયમનો સંબંધ મુખ્યત્વે મન અને વચન સાથે છે,
તેથી તેમાં ધ્યાન અને મૌન સમાવેશ પામે છે.
તપનો સંબંધ મુખ્યત્વે કાયા સાથે છે,
તેથી તેમાં ઉપવાસ, અનશન વગેરે સમાવેશ પામે છે.
તપ એ કેવળ દેહ-દુઃખ કે દેહ-દમન નથી.
તપથી સહનશીલતા કેળવાય છે.
એક વ્યક્તિમાં ઉત્કટ બનેલી વૃત્તિનો પ્રભાવ
આસપાસની વ્યક્તિઓ ઉપર
પડ્યા વિના રહેતો નથી.

0 વીતરાગ ભગવંતો ક્યારેય
સ્તુતિ કરનાર ઉપર પ્રસન્ન અને
નિંદા કરનાર ઉપર અપ્રસન્ન થતાં નથી,
છતાં સ્તુતિ કરનાર સ્તુતિનું અને
નિંદા કરનાર નિંદાનું ફળ મેળવે જ છે.
વિદ્યા, મંત્ર, રત્ન અને મણિની જેમ
સ્તુતિ અને નિંદા અનુક્રમે લાભ-હાનિ કરનાર થાય છે.
સ્તુતિ કરનારને ભાવની વિશુદ્ધિ થવારૂપ ફળ મળે છે,
તેથી કર્મક્ષયનું પ્રયોજન સિદ્ધ થાય છે.
૨૮ પદ, ૨૮ સંપદા, ૨૫૯ અક્ષરો, ૭ ગાથા
જેનાથી અરિહંતોનું અને તેમણે કહેલા સર્વ ભાવોનું
સ્પષ્ટપણે જ્ઞાન થાય તે 'શ્રુત' દીપક સમાન કહ્યું છે.
અજ્ઞાનનાશ થાય અને વસ્તુને વસ્તુરૂપે જાણી શકાય,
છતાં જ્યાં સુધી તે પ્રત્યેનો રાગ-દ્વેષ ટળે નહિ,
ત્યાં સુધી તે જ્ઞાન વાસ્તવિક નથી.
વિષયના શુભાશુભ ભાવો પ્રત્યે થતા રાગ-દ્વેષનો નાશ કરનાર
અને સમભાવ કેળવનાર આત્માનું શુદ્ધ જ્ઞાન તે જ જ્ઞાન છે.
જ્ઞાનનું ફળ રાગ-દ્વેષનો નાશ છે અને
તેવું જ્ઞાન શુદ્ધાત્માનું જ્ઞાન છે.

કર્મ ૪ પ્રકારે બંધાય: બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત ને નિકાચિત.
બદ્ધ કર્મ સુકા કપડા ઉપર ચોંટેલી રજ સમાન હોય છે.
સ્પૃષ્ટ કર્મ ભીના કપડા ઉપર લાગેલી રજ સમાન હોય છે.
નિધત્ત કર્મ ચીકણા કપડા ઉપર લાગેલી રજ સમાન, નિકાચિત
કર્મ અતિ ચીકાશવાળા તાંતણે-તાંતણે લાગેલી રજ સમાન હોય.
બદ્ધ = દોરાથી બાંધેલી સોયો, સ્પૃષ્ટ = કાટથી ચોંટેલી સોયો,
નિધત્ત = ઘણથી કૂટેલી સોયો,
નિકાચિત = અગ્નિથી તપવી, ઘણથી કૂટી એકમેક કરેલી સોયો.
નિકાચિતનો અન્ય પ્રકૃતિમાં સંક્રમ કે
પોતામાં ઉદ્વર્તના-અપવર્તના થઈ શકતાં નહિ.
નિધત્તનો પરપ્રકૃતિમાં સંક્રમ થતો નહિ પણ
પોતામાં ઉદ્વર્તના-અપવર્તના (વધારો-ઘટાડો) થઈ શકે છે.
0 ધર્મનો સાર એટલે શ્રુતધર્મનું બળ.
સામર્થ્ય પામીને ચારિત્રધર્મમાં પ્રમાદ કોણ કરે?
જગમાં સર્વ અનર્થોનો પરંપરાએ નાશ કરવાની તાકાત છે.
'પુષ્કળ' એટલે સંપૂર્ણ. 'વિશાળ' એટલે સર્વ સંપૂર્ણ.
જ્ઞાન એ પરિપૂર્ણ-સકલકર્મથી મોક્ષ આપવા સમર્થ છે.
'સિદ્ધ' એટલે નિશ્ચયથી ફળ આપનાર જે સર્વ નયોમાં
વ્યાપક હોવાથી સિદ્ધ અર્થાત્ સર્વ નયો જેમાં સમાય છે
તેવું તથા ત્રિકોટિ પરિશુદ્ધ હોવાથી પણ તે સિદ્ધ છે.

રૂપ માન્યાનું નહિ પણ દશાનું છે. દશા એ અનુભવરૂપ છે.
માન્યતા એ બુદ્ધિ અને ધર્મરૂપ છે. અનુભવ ધર્મ છે.
ત્યાગની અભિલાષા રૂપ પ્રાર્થના એ નિયાણું નહિ,
ભોગની અભિલાષા રૂપ પ્રાર્થના એ નિદાન છે.
ધર્મની સંસ્થાપના કે પ્રતિષ્ઠા માત્ર નિર્વૈરવૃત્તિથી થાય.
ક્ષમાપના એ પોતાની અને જગતની ભૂલોનું નિવારણ
કરવાની સૌ દર્દોની એક દવા જેવી અમોઘ ઉપાય છે.
જે દોષ કે ભૂલનું નિવારણ જગત ઉપાયોથી શક્ય ન બને,
તે ક્ષમાપનાનો આશ્રય લેવાથી એક ક્ષણવારમાં થાય છે.
ક્ષમા માંગવી એ નમ્રતા અને આપવી એ ઉદારતાનું ચિહ્ન છે.

ક્ષમા એ મહાવીરોનું ભૂષણ છે.

o સત્ય અસીમ, અનાદિ, અનંત છે.

સત્યને હજાર માથાવાળા ઈશ્વરના મસ્તકો છે.
સંપૂર્ણ સત્ય તો ઉચ્ચારવું દૂર રહ્યું,
વિચારવું કે કલ્પવું પણ મુશ્કેલ - લગભગ અશક્ય છે.
પોતાથી સમજી શકાય તેટલા વ્યવહારૂ સત્યને પણ
મક્કમ નિષ્ઠાપૂર્વક જીવનમાં ઉતારતો રહે, તો સંપૂર્ણ સત્ય
કદાચ આપણી સાધનાથી રીઝીને આપણને દર્શન દેશે.
સંપૂર્ણ સત્ય આ વાક્યમાં છે: 'સ્યાદ્ અસ્ત્યેવ ઘટઃ ।'

અહીં સ્યાત્ પદ અવિવક્ષિત સર્વધર્મોનું સૂચન કરે છે,
એવ પદ વિવક્ષિત ધર્મને નિશ્ચયાત્મક બનાવે છે.
'સ્યાદસ્ત્યેવ ઘટ: ।' એ વાક્યમાં
Subtelity and purity of thoughts
અહીં ઉભય સંગ્રહિત છે.

એવકાર એ વિચારની સૂક્ષ્મતાનું દર્શક છે.
સ્યાત્કાર એ વિચારની શુદ્ધતાનું પ્રતીક છે.
વ્યવહારપાલન માટે સૂક્ષ્મતામાં જવું અનિવાર્ય છે.
નિશ્ચયને ન ભૂલવા અને વસ્તુ સ્વરૂપની સમગ્રતાને
અન્યાય ન થવા દેવા વિચારોની શુદ્ધતા આવશ્યક છે.
સર્વ અપેક્ષાઓને સરખો ન્યાય આપવો એ શુદ્ધતા છે.
વ્યવહાર અને વર્તમાન જરૂરીયાતની પિછાન માટે
સૂક્ષ્મતામાં જવું અનિવાર્ય છે.

નિશ્ચય એ દરિયો છે અને વ્યવહાર એ ખાબોચીયું છે.
ખાબોચીયું ન તરી જાણનારો સમુદ્રને કેમ તરશે?
અને જે રીતે ખાબોચીયાને સમુદ્ર માની લેશે,
તે મિથ્યાભિમાનમાં તત્ત્વને કેમ પામશે?

o જિમ જિમ બહુશ્રુત બહુજન સંમત બહુશિષ્યે પરિવરિયો
તિમ તિમ જિનશાસનનો વયરી જો નહિ નિશ્ચય ધરિયો.

અહંકારનું નિરાકરણ નિશ્ચય વિના શક્ય નથી.
પ્રમાદનું નિરાકરણ વ્યવહાર વિના શક્ય નથી.
એકાંત વ્યવહાર અહંકારનું જનક છે.
એકાંત નિશ્ચય પ્રમાદનો પોષક છે.

ઉભય દોષોનું નિરાકરણ અને ઉભય પક્ષના ગુણોનું પાલન સ્યાદ્વાદ એકાંગી વાક્યની સાચી સમજણથી છે.

o આ સંસાર પાછળ જે મહાન સંકલ્પ કાર્ય કરી રહેલ છે, તેની સાથે એકતા અનુભવવી અને આધ્યાત્મિકતાનું દ્વાર શોધી કાઢવું એમાં જ ખરો પુરુષાર્થ છે. સ્વધર્મજન્ય કર્મોનો ત્યાગ નહિ પણ સ્વીકાર એ જ એક પરમ સંકલ્પને સિદ્ધ કરવાનો માર્ગ છે.

o સત્ય સ્વરૂપમ અને સ્વસ્વરૂપમ રહે એને કદી લાલચની જરૂર પડતી નથી.

o અંતઃકરણની સગડી ચેતાવનાર આપણી પોતાની જ્યોતિ છે.

o નીચેના ૪ વાક્યો એક જ અર્થ એટલે કે 'તે તત્ત્વ હું છું' એ અર્થનાં સૂચક છે:

तत्त्वमसि। अयमात्मा ब्रह्म।
प्रज्ञानं ब्रह्म। अहं ब्रह्मास्मि।

ઇંદ્રિયો દ્વારા વિષયોની ભીખ માંગતો જીવાત્મા એ
ફકીરાઈની ઉત્કૃષ્ટતા હણી છે.
અધ્યાસના અસહ્ય અને ક્રૂરતમ સકંજામાંથી ઉગારી લેવાની
તાલાવેલી આ ૪ મહાવાક્યોમાં મળી આવે છે.
જીવ-શિવની એકતામાં જીવનની સિદ્ધિ છુપાયેલી છે.

**સત્યના ૪ મહાવાક્યોનું તાત્પર્ય**

આત્મા સત્સ્વરૂપ છે, આત્મા ચિત્સ્વરૂપ છે,
આત્મા આનંદસ્વરૂપ છે, પણ નામરૂપાત્મક નહિ.
આ વાક્યો કરતાં વધારે ટૂંકી રીતે,
વધારે સચોટરૂપે, વધારે ભવ્યરૂપે પોતાની ભાષામાં
માનવે કદી સત્યનું પૂર્ણ વર્ણન આપ્યું નહિ.
'સત્ય સદા સરલ અને સ્પષ્ટ હોય છે' એ પ્રતીતિ
આ વાક્યો - મહાવાક્યો વડે સૌ કોઈ કરી શકે છે.
o જેના પર તમારો અધિકાર નહિ તેને તમે ઇચ્છશો નહિ.
તમારો અધિકાર પેટપૂર અન્નનો છે,
એથી વધારેની ઇચ્છા રાખો તે મોહ છે.
જે તમારું પોતાનું છે, તે જ તમારી પાસે રહી શકશે.
તમારો પોતાનો તો એકમાત્ર આત્મા જ છે.
એને પામીને જ આનંદિત સ્વતંત્ર આત્મારામ થઈ શકશો.

વિષય કદાચ ખરો ન હોય તો પણ ભાવ તો ખરો જ હોય.
તે બે સાચી હોય તો આનંદ - ન હોય તો દુ:ખ થાય છે.
દર્શનશાસ્ત્રો પણ ભાવ આપે છે અને એ ભાવ જ
આપણને મુક્તિ અને વાસનાક્ષય તરફ લઈ જાય છે.

અભાવનો અભાવ એ ભાવ છે.

સાચો ભાવ એટલે અભાવનો અભાવ અને
એ અભાવનો અભાવ તો જ થાય
કે 'આપણે પરિપૂર્ણ છીએ' એવું તત્ત્વજ્ઞાન મળે.

દર્શનશાસ્ત્રો એ જ તત્ત્વજ્ઞાન આપે છે કે:
આત્મા પૂર્ણ છે, અંશે પણ અપૂર્ણ નહિ.
એથી ઉત્પન્ન થતો ભાવ એ મુક્તિનું કારણ છે.
એ ભાવ અનેક પ્રકારે ઉત્પન્ન થઈ શકે, જેમ કે
કર્મના નિયમથી, ધર્મના નિયમથી કે પરમેશ્વરના નિયમથી.
ગમે તે નિયમ પ્રકૃતિના ભાવનો સર્જક થાય,
તો તે મુક્તિનું, શાંતિનું, સુખનું કારણ બને છે.

પ્રતિકૂળતાને દુ:ખ માનવું તે ભૂલ છે. પ્રતિકૂળ સંયોગો
દુ:ખનું કારણ નહિ પણ અંતરનો મોહ દુ:ખનું કારણ છે.

'જેટલી પ્રતિકૂળતા તેટલું દુ:ખ' એમ નહિ,
પણ 'જેટલો મોહ તેટલું દુ:ખ' એ સિદ્ધાંત છે.

## શુક્લ ધ્યાનના ૪ આલંબન

(૧) ક્ષમા = દુઃખ દેનારને પણ પોતાના આત્મા જેવો માને અને કર્મ ખપાવનાર તરીકે ઉપકારી માને.

(૨) મૃદુતા = ઉપસર્ગ કરનારનું પણ હિત ચિંતવી કોમળ ભાવ રાખે.

(૩) ઋજુતા = કષ્ટ આપનારનો દોષ ન જુએ. પોતાનું કર્મ ભોગવવાનું બાકી હતું તે જુએ.

(૪) નિર્લોભતા = આત્મગુણની પ્રાપ્તિ સિવાય અન્ય કોઈ વસ્તુની ઇચ્છા ન રાખે.

## શુક્લ ધ્યાનની ૪ અનુપ્રેક્ષા

(૧) સંસાર ભાવના = અનંત અતીત અનુપ્રેક્ષા.
સંસારમાં અનંત પુદ્ગલ પરાવર્ત માટે પરિભ્રમણ કર્યું.

(૨) અનિત્યત્વ ભાવના = વિપરિણામ અનુપ્રેક્ષા.
સંસારની પ્રત્યેક વસ્તુ પરિણામનશીલ છે.
પ્રાતઃ, મધ્યાહ્ન, સાયં અવસ્થાઓ બદલાય છે.

(૩) અશરણ ભાવના = અશુભ અનુપ્રેક્ષા.
સંસારમાં દુઃખ છે, તેથી તે અશુભ છે.
જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ-વ્યાધિ,
સંયોગ-વિયોગ ભરપુર છે. શરીર અશુભ છે.

(૪) આશ્રવ ભાવના = આશ્રવ અનુપ્રેક્ષા.

રાગ-દ્વેષાદિ દોષોનો વિચાર, સંજ્ઞાઓ, ઈચ્છાઓ,
મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગો પાપકારક છે.

શુક્લ ધ્યાનના ૪ લક્ષણો

(૧) અવ્યથા - ભયનો અભાવ.
મરણાંત ઉપસર્ગ આવે તો પણ નિર્ભયતા.

(૨) અસંમોહ - દેવ માયાથી પણ મુંઝાય નહિ.

(૩) ભેદજ્ઞાન - શરીર અને આત્માની ભિન્નતા.
શરીરના ટુકડેટુકડા થાય તો પણ
આત્મા જ્ઞાનોપયોગમાં જ રહે!

(૪) વ્યુત્સર્ગ - અસંગતા.
દ્રવ્યથી પરિવાર અને ભાવથી કષાયનો ત્યાગ.

ક્રોધને જીતવાના ઉપાય

(૧) ક્રોધનું નિમિત્ત ઊભું થાય ત્યારે ત્યાંથી ખસી જવું.

(૨) તેમ ન થઈ શકે તો મૌન સેવવું.

તમારી આંખમાં કાંકરી હોય ત્યાં સુધી
બીજાની આંખમાં પડેલ રજને જોવા ન જેસો.
તમારા દોષ જે હોય તે પ્રથમ કાઢવાનો પ્રયત્ન કરો,
પછી તમે બીજાને સુધારવાને લાયક બનશો.

o ખરી સ્વતંત્રતા સમર્પણમાં છે. પ્રેમપૂર્વક કરેલા સમર્પણ પછી પણ સ્વતંત્રતા કાયમ રહે છે. સરોવરને પોતાની જાત સમર્પી દેવા છતાં કમળ અલિપ્ત રહે છે. તેવી રીતે સ્વતંત્રતા પણ સમર્પણના સરોવરમાં મુક્તપણે ખીલે છે. કુદરત સુંદર છે, માનવ એથી પણ વધુ સુંદર છે. મનુષ્ય ચંચળ હોવા છતાં જડની પાછળ પડે તો જડથી પણ વધુ જડ બની જાય. શરીરમાં પગને દિશા બતાવવાની ચિંતા આંખને છે અને હાથને પોતાની ચિંતા હોતી નથી, મુખને કોળિયા પહોંચાડવાની છે. દરેક પોતાની આવડત અને ગુણ પ્રમાણે શરીરની સેવા બજાવે છે. પોતાના ગુણનો લાભ બીજાને આપવો - સ્વદોષથી બીજાને બચાવવા. દરેકમાં કાંઈક ગુણ હોય છે અને કાંઈક દોષ હોય છે. વ્યક્તિગત સાધના અને વ્યક્તિગત સંસાર એ બંને ભૂલ ભરેલી માન્યતાઓ છે. Science અને આધ્યાત્મ બંને એક જ હકીકત કહે છે. સત્તાને પોતાના કબજામાં લેવાની જરૂર નથી, પોતાના કાબૂમાં રાખવાની જરૂર છે. વાત્સલ્યયુક્ત પ્રાણમાં આકર્ષણની અપાર શક્તિ છે.

o રોગનું કારણ પ્રજ્ઞાપરાધ છે. ધી, ધૃતિ અને સ્મૃતિ રજોગુણ તમોગુણ વડે આવરાય ને સત્ત્વગુણ વડે વિકસે છે.

## પર્યુષણ

આત્માનું બધી રીતે આત્મામાં વસવું-રહેવું જેનાથી થાય
તેવું જે પર્વ તે 'પર્યુષણ પર્વ.'

આત્માનું પોતાનું ઘર

સત્ - ચિત્ - આનંદ, સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

આત્મજ્ઞાનના અભાવના દોષમાંથી ઉપજતા વિચારોને લઈને સમગ્ર જગત ઊભું થાય છે. હર કોઈ રીતે જગતને મિથ્યા અને બ્રહ્મને સત્ય તરીકે જાણવું એ શ્રુતિઓનું તાત્પર્ય છે. કોઈ મહાત્માના જુદાં જુદાં કામો મુજબ જુદાં જુદાં નામો હોય છે, તે પ્રમાણે મનનાં પણ વિવિધ નામો છે. મન અહંકારને છોડીને બીજું કાંઈ નથી. અહંકાર એ લોઢું છે. જીવ એ તપાવેલું લોઢું છે. લોઢામાં રહેલો અગ્નિ સાક્ષી આત્મા છે. શુદ્ધ બ્રહ્મરૂપ અગ્નિ સર્વવ્યાપી, સર્વસાક્ષી બ્રહ્મ છે. સર્વસાક્ષી અને તુરીય બે એક જ છે. સર્વ દેહોમાં અભેદપણે અહંભાવ વિના પ્રકાશમાન તે પરબ્રહ્મ આત્માકાશ, જ્ઞાનાકાશ છે. તે જ તુરીયાતીત દશા છે.

સદ્વસ્તુમાં ફેરફાર જરા માત્ર હોતું નથી.

अयं हृदि स्थितः साक्षात् सर्वेषामविशेषतः ।
तेनैव हृदयं प्रोक्तः शिवः संसार मोचकः ॥

संत्यज्य हृद्गुहेशानं देवमन्यं प्रयान्ति ये ।
ते रत्नमभिवांछन्ति त्यक्तहस्तस्थकौस्तुभाः ॥(परिशिष्ट-४)

० येन ज्ञातमिदं सर्वं ज्ञातं भवति । यदेक विज्ञानेन सर्वमविज्ञातं विज्ञातं भवति ॥ અર્થાત્ જે એકને જાણે તે સર્વને જાણે, જે સર્વને જાણે તે એકને જાણે.

જીવરૂપી નામ અને મનરૂપી રૂપનાં બંધનમાં પોતાને ન ઓળખવાથી જીવ બંધાય છે, એટલે પોતાના મૂળ સ્વરૂપ આત્માની ખોજ 'કરે છોકરું અને ગામમાં શોધવા નીકળ્યું' તેના જેવું છે. આત્માનુસંધાન દ્વારા મનોનાશ થાય છે. આત્મા, રામ, બ્રહ્મ, કૃષ્ણ, શિવ વગેરે એક જ વસ્તુ છે.

संकल्प-मात्र-संभवो बन्धः = સંકલ્પમાત્રથી બંધ થાય.

० લોઢાની કોશ વડે બારીક રેશમી કાપડ વણી શકાતું નથી અને પવનથી ડોલાયમાન દીપકના પ્રકાશમાં સૂક્ષ્મ વસ્તુઓનાં લક્ષણોનો નિર્ણય થઈ શકતો નથી, તેવી રીતે તમોગુણથી સ્થૂલ અને રજોગુણથી ચંચળ બનેલા મન દ્વારા સદ્વસ્તુનો અનુભવ થઈ શકતો નથી, કારણકે સદ્વસ્તુ અતિસૂક્ષ્મ અને નિશ્ચલ છે. પ્રાણબંધન કરવું તે 'યોગ' અને મનોનિગ્રહ કરવો તે 'જ્ઞાન' છે. પ્રાણબંધન દ્વારા મનનું અને મનોનિગ્રહ દ્વારા પ્રાણનું દમન થાય છે. બંનેનો હેતુ મનને વશ કરવું તે છે.

શાસ્ત્રોમાં રેચક-પૂરકની માત્રા કરવી ને કુંભકની જરૂર છે.
કુંભકને પૂરકથી ૪ ગણો- રેચકથી બમણો કરવાથી શરીરમાં
ટલકાયેલું - સ્થિરતા આવે એમ રાજયોગ કહે છે. તેથી
મનમાં આનંદમય સ્થિતિમાં ટકી રહેવાની વૃત્તિ જાગે છે.
બ્રહ્મરંધ્રનું સહસ્ત્રદલ જેવી રીતે અષ્ટદલ પદમ છે. હરેક
દલની ૧૨૫ પાંખડીઓ લેઈ કુલ ૧૦૦૦ પાંખડીઓ છે.
અકાર એ જાગૃત વિશ્વજન્ય પ્રત્યક્ષ સ્થૂલદેહે સૃષ્ટિ છે.
ઉકાર એ સ્વપ્ન પ્રત્યક્ષ તૈજસજન્ય સૂક્ષ્મદેહે સ્થિતિ છે.
મકાર એ સુષુપ્તિ પ્રાજ્ઞજન્ય પ્રત્યક્ષ કારણદેહે સંહાર છે.
અર્ધમાત્રા એ તુરીય પ્રત્યક્ષ આત્મસ્વરૂપ અહંસ્વરૂપ
આથી પર સ્થિતિ તુરીયાતીત કેવલ આનંદ સ્વરૂપ છે.
સ્વસ્વરૂપને ઓળખવાથી ઈશ્વર ઓળખાય છે.
'ઈશ્વર સિવાય બધો ઝેર દેહ છે'
એમ માની ધ્યાન કરવું એ
પોતાના પડછાયાને પોતાના પગલાથી માપવા જેવું છે.
એ રીતે માપવા જઈએ, તેમ પડછાયો દૂર જતો જાય છે.
આત્મધ્યાન સર્વશ્રેષ્ઠ, આત્મસ્વરૂપ, દેવાત્મક વસ્તુ છે.
પ્રમાદ અને આત્મવિસ્મૃતિ એ સર્વ અનર્થોનું મૂળ છે.
મુમુક્ષુઓને માટે તે મૃત્યુ જ છે.

જ્ઞાનમાર્ગ = તોફાની ઘોડાને ઘાસ દેખાડીને વશ કરવા જેવો.
યોગમાર્ગ = તોફાની ઘોડાને ફટકાવીને બાંધવા જેવો છે.
તપ કરવાથી કે યજ્ઞાદિ કર્મ કરવાથી ભગવાન મળતા નથી,
પણ જ્યારે વૃત્તિઓ શાંત થાય, અંતઃકરણ શુદ્ધ થાય,
જ્ઞાન સ્વચ્છ થાય અને ધ્યાન - સત્ય ધરાય,
ત્યારે વિકારરહિત ભગવાન મળે છે.
આંધળાની લાકડી, રાંકનું રતન, માંદાની દવા,
નિર્બળનું બળ અને દુબળાનું વળાવિયા ભગવાન છે.

જે તને ભૂલતો નથી તેને તું કેમ ભૂલી જાય છે? સૂર્યના અજવાળાં માટે પ્રભુને કર આપવો પડત તો આપણે શું આપી શકત? બુદ્ધિના દાતા પ્રભુ છે, માટે સૌ સારા કામોનું માન ઈશ્વરને ઘટે છે. ધણની દરેક ગાયને ગોવાળ ઓળખે છે, તેમ પ્રભુ પ્રત્યેક જીવને જાણે છે. ઈશ્વરને આપણે જોતાં નથી પણ ઈશ્વર આપણને જુએ છે. જો તું પ્રભુની ફીકરમાં રહીશ તો પ્રભુ તારી ફીકરમાં રહેશે. બેંકમાં જમા રાખેલ પૈસા જ્યારે જોઈએ ત્યારે કામ આવે, તેમ મુખેથી લીધેલું પ્રભુનું નામ અત્યારે ને અંતે બેઉ વખતે કામ આવે છે. ઈશ્વર અર્થે કરેલું બધું બચતખાતામાં જમા મૂકેલું છે. ચડતા વ્યાજે તમે ખાઈ શકો તેથી ઘણું વધારે

આપ્યું છે, જેનું કારણ તમે તમારા હાથે બીજાને આપો.
પ્રભુ અર્થે વાપરેલું આપણે જ અર્થે સંગ્રહેલું સમજો.

જેને પ્રભુકૃપા જોઈએ,
તેણે બીજા ઉપર કૃપા રાખતાં શીખવું જરૂરી છે.

જેમ રાણીના બાગમાં હંમેશા રાણી રહેતી નથી, ગવર્નરના બંગલામાં હંમેશા ગવર્નર હોતા નથી, તેમ ભગવાનના નામમાં હંમેશા ભગવાન રહેતા નથી પણ ભગવાનના પ્રેમમાં રહે છે. લશ્કરના સિપાઈઓ જેમ પોતાના હથિયાર પોતાની સાથે રાખે છે, તેમ પ્રભુના ભક્તો સદા ય સ્મરણયુક્ત રહેવું જોઈએ. જે ઈશ્વરને યાદ કરે છે તે પાપને ભૂલે છે. ચોરને ઘરમાં ન આવવા દેવો હોય તેણે આખી રાત દીવો રાખવો, તેમ જેને પાપથી દૂર રહેવું હોય તેણે પ્રભુ સ્મરણ કરતા રહેવું.

મનુષ્ય સાથેનો ઝાઝો સહવાસ તેના દોષો દેખાડે છે.
પ્રભુ સાથેનો ઝાઝો સહવાસ તેના ગુણો દેખાડે છે.

જે પોતાની ઈચ્છાને ઈશ્વર ઈચ્છામાં લય કરશે, તેની બધી ઈચ્છા પ્રભુ પુરી પાડશે. જે છોકરો બાપની શિક્ષા ખમી લે છે, તેને માથે બાપનું હેત રહે છે. જો પ્રભુના પ્રિય થવું હોય તો પ્રભુ રાખે તેમાં રાજી રહો. પ્રભુના ભક્તો ફરિયાદ કરતા નથી. ભક્તોને ભગવાનમાંથી એટલો બધો

આનંદ આવે છે કે તેમની બીજી કોઈ વસ્તુની ઇચ્છા રહેતી નથી. સંસારીઓનો ભગવાન ધન છે. ભક્તોનું ધન ભગવાન છે. ઈશ્વરની કુદરત જોવાથી પ્રભુનો મહિમા સમજાય છે પણ આપણે કેમ વર્તવું તે શાસ્ત્રો તથા ગ્રંથ શીખવે છે. સઘળી નદીઓ સમુદ્ર ભણી જાય છે, તેમ સઘળા ધર્મો ઇચ્છાનું સ્થાન આપે છે. ઈશ્વર પાસે રહેવા અથવા સાંભળવા કરતાં પાળવાની કીમત ખૂબ વધારે છે.

જ્યારે ઈશ્વરમાં આસ્થા આવે ત્યારે તમારા અંતરમાં ધ્યાનમાં ઉત્તમ સદ્ગુણોનો પાયો પડશે એમ જાણજો. મહારાજનું ભલું કરીને તેનો બદલો મહારાજ પાસેથી શું માંગો છો? પ્રભુ પાસેથી માંગો, કેમકે પ્રભુ ઘણું આપી દે તેમ છે. તમે પ્રભુના થાઓ તો પ્રભુ તમારા થશે. ઈશ્વરના રાજ્યમાં અંધેર નથી. થોડાંમાંથી ઝાઝું કરી લેવું હોય તો ઈશ્વરમાં ભરોસો રાખો. ઈશ્વરને રાજી રાખવાનો એક જ માર્ગ છે કે કોઈપણ પ્રાણીનો દ્રોહ કરવો નહિ. જેની પેટીમાં ઝાઝું ધન હોય તે મોટા કે જેના હૃદયમાં ઈશ્વરનું નામ હોય તે મોટા?

મહારાજો મહારાજોનાં કામ જુએ છે અને તેના વખાણ કરે છે ઈશ્વર બહારના કામ જોતો નથી પણ કઈ મતલબે કામ કર્યું છે તે મતલબ જુએ છે. સેવા, સ્મરણ, પૂજા-પાઠ,

વ્રત, તપ, તીર્થ, દાન કે ધર્મ ગમે તેવાં મોટાં હોય પણ જો તે પ્રભુ પ્રીત્યર્થ ન હોય તો તેની કીંમત ઈશ્વરની નજરમાં કાંઈ પણ નથી એમ સમજો. જેમ એક મોટો રાજા પ્રેમથી આપેલા નાની ભેટના બદલામાં પણ મોટું ઈનામ આપે છે, તેમ ભક્તની રૂડી ભાવના જોઈને તેની થોડી સેવા માટે પણ મોટું ફળ આપે છે. પ્રભુને તજી મનુષ્યને ભજે છે, તે થડને છોડીને પાંદડાને પાણી પાય છે.

જેને ઈશ્વરનો ડર નથી, તેને મનુષ્યોનો ભય વધુ.

જે મનુષ્યો સાથે ઝાઝી વાતો કરે છે,

તે ઈશ્વર સાથે થોડી વાતો કરે છે.

જગતના ભક્તને ઈશ્વરની પડી નથી.

ઈશ્વરના ભક્તને જગતની પડી નથી.

ઝેર ઉતારવાની દવાઓ છે માટે કાંઈ ઝેર ખવાય નહિ, તેમ ભક્તિથી પાપ બળી જાય માટે કાંઈ પાપ કરાય નહિ.

ન્યાયાધીશ દયાળુ હોય છે, છતાં તે ખુનીને ફાંસીએ ચડાવવાના જ. પ્રભુ દયાળુ છે, છતાં પાપીને શિક્ષા કરે જ. એમ સમજો કે જે દુઃખ આવ્યા પછી ઈશ્વર ભણી વળ્યા હો તો તે દુઃખ નહિ પણ ઈશ્વરની કૃપા છે. જે સુખ આવ્યા પછી પ્રભુથી વિમુખ થયા હો તો તે સુખ નહિ પણ છુપું દુઃખ છે.

ભક્તોને ઉંચે ચડાવવા ઇચ્છે છે,
માટે જ પ્રભુ તેની પરીક્ષા લે છે.
નાસ્તિકોને ઉંચે ચડાવવા નથી, તેથી તેની પરીક્ષા લેતા નથી.
માથે ઈશ્વર જેવો ધણી છે, માટે કદી નિરાશ થશો નહિ.
પાપ કરીએ છીએ છતાં હજુ સુધી જીવાડે છે એટલા સારું
કે પાપનો પસ્તાવો કરી પ્રભુ પાસે જવા લાયક થઈ શકીએ.
સૌને રહેવા પૃથ્વી રૂપ ઘર, આસમાન રૂપી છાપરું,
સૂરજ રૂપી દીવો તથા હવા-પાણી વગેરે
સર્વ પદાર્થોમાં બધાનો સરખો ભાગ રાખ્યો છે.
પ્રભુને ભજે અને મનુષ્યોને ભૂલે,
તે બાપ સાથે મિત્રતા અને દીકરા સાથે વેર રાખે છે.
મનુષ્યનું ભલું કરે પણ ઈશ્વર ઉપર પ્રેમ ન રાખે,
તે છોકરા સાથે દોસ્તી રાખે છે પણ બાપથી અજાણ્યો છે.
ઈશ્વરની ઈચ્છાથી શુભ જન્મ થાય છે માટે તે કર્તા,
નિભાવે છે માટે તે પાલક,
મા-બાપના અંતરમાં પ્રેમ આપ્યો છે માટે પિતા,
સારાં કામ કરવાની બુદ્ધિ આપે છે માટે ગુરુ,
મર્યા પછી ઉદ્ધાર કરે છે માટે તારક,
સંકટ વખતે તથા રાત્રે સંભાળ લે છે માટે તે રક્ષક પણ છે.

કર્તા, પાલન કર્તા, બુદ્ધિદાતા, રક્ષક, તારક, માતા-પિતા,
સગા, સ્વામી, શેઠ, મિત્ર અને સર્વસ્વ છે.
નિર્ધનનું ધન, નિર્બળનું બળ, દુઃખીઓનો દિલાસો છે.
બળવાનને બળ, ડહાપણવાળાને ડહાપણ, ધનવાનને ધન,
રૂપવાનને રૂપ, સત્તાવાનને સત્તા તેણે આપી છે.
ઈશ્વર સર્વ ગુણોએ પરિપૂર્ણ છે અને
પોતાના જેવા પૂર્ણ સૌને કરવા ઈચ્છે છે
એવા દેવાધિદેવ દયાળુ પિતા છે.
કાનમાં સાંભળવાની, આંખમાં જોવાની, નાકમાં સુંઘવાની,
દાંતમાં ચાવવાની, પગમાં ચાલવાની અને
જીભમાં બોલવાની શક્તિ એ બધી પ્રભુની જ શક્તિ છે,
પ્રભુની દયાનું જ પરિણામ છે.
અગ્નિમાં ઉષ્ણતા, જળમાં ઠંડક, સૂર્યમાં તેજ,
ચંદ્રમાં શાંતિ, હીરામાં પ્રકાશ, ફુલમાં સુગંધ, પવનમાં જોશ,
વીજળીમાં ઝડપ, વરાળમાં બળ ઈશ્વર ભરે છે.
પર્વતની ટોચ ઉપર, સમુદ્રના તળીયામાં,
અરણ્યના મધ્યમાં, અંધારી ગુફામાં, માનવના હૃદયમાં તે જ છે.
ફુલમાં દોરો અને દોરામાં ફુલની જોડ, સમુદ્રમાં માછલાં,
ઈંડામાં પક્ષી અને માતા પેટમાં બચ્ચાની જોડ તે સર્વત્ર છે.

નઠારી છોકરી, નઠારી સ્ત્રી અને નઠારા નોકરની જેમ
જ પ્રભુને વિસરીને સંસારનાં સુખ ભોગવનાર છે.
શાળાએ મગજ સુધારે છે. ભક્તિએ અંતર સુધારે છે.

જેનો આધાર ચૌદ ભુવન ઉપર છે,
તેના ઉપર આધાર તેની ભક્તિ કરે છે.

જે કોઈ કહે કે 'ધર્મ શ્રવણમાં આનંદ આવતો નથી'
તેને કહેવું કે બરાબર ભૂખ લાગી નહિ હોય.

જે પોતાના બધાં કર્મો પ્રભુને અર્પણ કરે છે, તે જીવતાં
પણ મોક્ષમાં જ છે. ઝાડનાં ફૂલ, નદીના પાણી અને
પૃથ્વીનું અનાજ પરોપકાર અર્થે છે, તેમ ધર્મીનું ધન પણ
પરાર્થ માટે છે. આપવું અને વાવવું બંને બરાબર છે.
ગાંધીની હાટે પીપર સસ્તી મળે છે, પણ તેને ખરલમાં
ઘણા દીવસ ઘૂંટી હોય, તો જેમ ઉંચે ભાવે વેચાય છે,
તેમ અંતરરૂપી ખરલમાં પ્રભુનામ ઘણા દિવસ ઘૂંટ્યું હોય,
તો બહુ ગુણકારી થાય છે.

વડનું બીજ દેખાવમાં રાઈના દાણાથી પણ નાનું હોય,
પણ તેમાંથી ઝાડ થાય ત્યારે એક મોટો વડલો બને છે,
તેમ ભગવત નામ શરૂઆતમાં નાનું દેખાતું હશે,
પણ પરિણામે વડના ઝાડની જેમ ઘણું ગુણદાયક થાય.

જેમ વારંવાર કસરત કરવાથી શરીર સુધરે છે,
તેમ વારંવાર પ્રભુનું નામ લેવાથી જીવ સુધરે છે.
જેમ ઘર્ષણ અગ્નિને પ્રદીપ્ત કરે છે,
તેમ પ્રભુ સ્મરણ જીવનને નવું જીવન આપે છે.
દરજી, ધોબી અને સોનીની જેમ
પ્રભુ આપણા ઘાટ ઘડવા ફાડે, કુટે અને ટીપે છે.
સંસારીઓ સદા પોતાના ગુણ અને બીજાના દોષ જુએ.
ત્યાગીઓ સદા પોતાના દોષ અને બીજાના ગુણ જુએ છે.
ભક્તમાં જે ચીજ બિલકુલ ન હોય તે કઈ?
પોતાપણું અર્થાત્ પ્રભુથી જુદાપણું.
વિદ્વાનોની નજર ન્યાય સુધી પહોંચે છે,
ભક્તોની દ્રષ્ટિ દયા સુધી પહોંચે છે.
જેમ પાણી વિના ઝાડ સુકાઈ જાય છે અને
અન્ન વિના શરીર નબળું પડી જાય છે,
તેમ જપ-ધ્યાન વિના જીવનમાં ઈશ્વર ભક્તિ ટકતી નથી.
અંધારામાં દીવો કરવાથી ઉંદરો નાસી જાય છે,
તેમ ધ્યાન ધરનારના અંતરમાંથી દુર્બુદ્ધિ ભાગી જાય છે.
'ત્યાગ કરવો' એટલે જાતને મનમાંથી કાઢી નાખવું.
આપણા મોટા દુશ્મન તો આપણા અંદર જ છે.

જે કુદરતને માન આપે છે અને
કુદરતના બનાવનારને ભૂલી જાય છે,
તે ખુદ દીકરાને છોડીને ફોટોગ્રાફને પૂજે છે.
આંખમાં પડેલા કસ્તરને કાઢ્યા વિના આંખનું દેખાતું નથી,
તેમ અંતરમાં રહેલા પાપને ટાળ્યા વિના
કદાપિ ઈશ્વરી રાજ થતું નથી.
પ્રેમ વિનાનાં વચનો એ
ગોળી વિનાની બંદૂકના ઠાલા ભડાકા છે.
ગમે તેવો સુંદર બગીચો હોય,
તો પણ તેમાં કાંટા તો રહેવાના જ.
ગમે તેવું સારું અનાજ હોય,
તો પણ તેમાં કાંકરા તો રહેવાના જ.
ગમે તેવા સારા આંબા હોય,
તો પણ તેમાં ગોટલા તો રહેવાના જ.
ગમે તેવા મોટા મહાત્મા હોય,
તેમાં કાંઈક ભૂલ તો રહેવાની જ.
શાંતિના વૃક્ષને બે ડાળ છે: પહેલી એ કે પોતે ભલા બને,
બીજી એ કે બીજાઓને માફ કરે.
ક્ષમા રાખવી અને શાંતિ રાખવી બે એક જ છે.

દુનિયાની સઘળી વસ્તુ
પ્રભુએ મનુષ્ય માટે ઉત્પન્ન કરી છે,
પણ મનુષ્યનું અંતઃકરણ તો પ્રભુએ
પોતાની માટે જ ઉત્પન્ન કર્યું છે.
માટે અંતઃકરણમાં સદાય પ્રભુનો વાસ બન્યો રહે,
અખંડ સ્મરણ થયા કરે, એ જ કર્તવ્ય છે.
આંધળો કોણ? ગર્વ - શરમ - પ્રભુમાં શ્રદ્ધા ન હોય તે.
આસ્તિકની આંખ બ્રહ્માંડને જોઈ શકે છે,
નાસ્તિક પોતાની સાથે રહેલા પ્રભુને ય જોઈ શકતા નથી.
કાચના કટકાને હીરો, બનાવટી ફુલોને ફુલો અને બનાવટી ફળોને ફળો માનનારાની જેમ સંસારની માયાને સત્ય માનનારા અંતે પસ્તાય છે. જેને આનંદના સમુદ્રમાં ઝીલવું હોય, તેણે સત્-ચિત-આનંદના સ્મરણમાં મસ્ત રહેવું. આપણે દુર્ગુણ ગ્રહણ કરનારી ચાળણી જેવા ન થવું.
સાર ગ્રહણ કરનારા સુપડા જેવા થવું.
ઉંચી જાતના લાકડામાં પણ કીડા તો હોય છે,
તેમ મહાત્માઓમાં પણ ખામીનો સંભવ છે.
દોષ જોઈને ગુણ લક્ષમાંથી વિસરી ન જવાય,
તેનું ધ્યાન રાખવાનું છે.

ચાળણી સોયને કહે છે કે:
'તારા પેટમાં એક કાણું છે, તે બહુ ખરાબ છે.'
પણ ચાળણીના પેટમાં કેટલા કાણાં છે? કોઈ દિવસ ગણ્યાં?
કુવાના ખોદનારને નીચે ઉતરવું પડે છે.
કીલ્લા કે મહેલના ચણનારને માથે ચઢવું પડે છે.
જે પારકાની ખોદણી કરે છે, તે પોતે બગાડતો જાય છે.
જે પારકાનું ભલું કરે છે,
તે પોતાનું પણ સાથે ભલું કરતો જાય છે.
જેમ તોપને મોઢે ચઢનાર રસ્તાના કચરાની ફરીયાદ કરે
તેની જેમ પોતે મરવાના છે તે ભૂલીને અસારની સંસારમાં
રહેલા ખામીઓને ખોળી કાઢવામાં દિવસ પુરા કરે છે.
o રસવાળું વાક્ય-રસવાળી વાણી રમ્ય કાવ્ય છે.
નકલ તે નકલ અને અસલ તે અસલ છે.
જે કાવ્ય કે વાક્ય રસવાળું હોય તે જ સુંદર ગણાય છે.
બાકી વાણીની વિડંબના માત્ર છે.
o 'फलार्थी मूलमेवसेवेत् ।'
અહીં ફળના અર્થીએ પહેલાં મૂળ પાળવું જોઈએ.
શાસ્ત્ર કહે સંસાર અસાર, છે નવકાર સેવા સુખકાર,
અસારમાંથી શોધો સાર, કરશે તે તરશે ભવપાર.

જેમ નકશામાં ગામ જોવાથી કાંઈ વળે નહિ, તેમ અનુભવમાં ઉતર્યા વિનાનાં એકલાં શાસ્ત્રો ભણવાથી કાંઈ થતું નથી.

<u>પાપ કરવામાં શરમ છે,</u>

<u>પાપ કબુલ કરવામાં બહાદુરી છે.</u>

પ્રભુને તારા પોતામાં જોવાનો અભ્યાસ પાડ.
તેમ કરવાથી જેમ અગ્નિથી ઘાસ બળે છે,
તેમ તારા દુઃખના ડુંગરાઓ બળી જશે.
એ રહસ્યનું રહસ્ય છે.

<u>જ્યાંથી શબ્દ ઉઠે છે, ત્યાં જઈ ઠર.</u>

પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે.
પરમાત્માનો સાક્ષાત્કાર કરવા ઇચ્છનારે પહેલું
પ્રેમ સ્વરૂપ થવું જોઈએ.

પરમાત્મા આપણા આત્માથી જુદા નથી,
તેથી
આપણા આત્મામાં નિઃસીમ પ્રેમનો ધર્મ
અખંડ રીતે જાગ્રત રાખવો જોઈએ.

'કલ્પના' નામની
અદ્ભુત અને મહાસમર્થ પાંખ વડે
નિત્ય ઊંચામાં ઊંચી ભાવનાના પ્રદેશમાં ઉડો.

## ૩ વિચારરત્નો

(૧) દાન ધનના રાગને અને શીલ યૌવનરાગને બાળે છે.
તપ શરીરના અને ભાવ સ્વજનના રાગને બાળે છે.
ધનના દોષોનું વારણ દાન છે.
યૌવનના દોષોનું વારણ શીલ છે.
શરીરના દોષોનું વારણ તપ છે.
સ્વજનના દોષોનું વારણ ભાવ છે.

(૨) આહારસંજ્ઞાનો પ્રતિકાર તપ છે.
મૈથુનસંજ્ઞાનો પ્રતિકાર શીલ છે.
પરિગ્રહસંજ્ઞાનો પ્રતિકાર દાન છે.
ભયસંજ્ઞાનો પ્રતિકાર ભાવ છે.

(૩) દાનથી ધનની મૂર્છા - વિત્તૈષણા ઉતારે છે.
શીલથી વિષયોની મૂર્છા - દારૈષણા ઉતારે છે.
તપથી આહારની મૂર્છા ઉતારે છે.
ભાવથી શરીરની મૂર્છા ઉતારે છે.

o

Transmutation and sublimation is the only remedy for becoming free from the bondages of lower nature રાગ and દ્વેષ attachment and aversion.

ૐ

જામનગર જૈન પાઠશાળા, સં-૨૦૧૯, ભાદરવા સુ-૧૦

Philosophy in two words:

abstain and sustain or

આસ્રવઃ સર્વથા હેયઃ ઉપાદેયશ્ચ સંવરઃ |

બેરબેર નહિ આવે અવસર, બેરબેર...

જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે.

Life is very short & very uncertain:
let us spend it as well as we can.

'જેણે રચ્યું પિંજર સૌથી સારું,
તથા કરે રક્ષણ નિત્ય તારું,
તે કોણ છે? તું મન એ તપાસી,
તેણે જ આ સૃષ્ટિ પ્રભા પ્રકાશી.' - કવિ દલપતરામ

તું હજુ જન્મ્યો ન હતો,
ત્યારે પણ દુનિયા તો આગળ ધપતી જ હતી અને
તારા ગયા પછી પણ...
તારા વગર દુનિયાનું કોઈ કામ અટકી પડવાનું નથી.

o ઉપકાર કરનાર પ્રતિ પ્રેમ કરવો અને તેનું યથાશક્તિ હિત કરવું એ કોઈ પરાર્થ કે પરોપકાર નથી, પરંતુ આપણો ખરો સ્વાર્થ છે. પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમ કરવાથી

અને તેમનું યથાશક્તિ હિત કરવાને આપણે તેમનું જેટલું હિત કરીએ છીએ, તેના કરતાં આપણું પોતાનું અનેકગણું હિત કરીએ છીએ, કારણકે જે પ્રમાણમાં આપણે પ્રાણીમાત્ર પ્રતિ આપણો પ્રેમ દર્શાવીએ છીએ, તે પ્રમાણમાં આપણે પરમાત્માના નિયમને અનુસરીએ છીએ, પરમાત્માના સ્વભાવને આપણામાં સ્ફુટ કરીએ છીએ અને પરિણામે પરમાત્માનું સામીપ્ય આપણું થઈ જાય છે. એ જ પ્રમાણે અન્યનો દ્વેષ કરવાને આપણું અનેકગણું અધિક અહિત આપણે જ કરીએ છીએ.

જ્યારે સર્વના ઉપર વિશુદ્ધ પ્રેમ પ્રગટે છે,
ત્યારે સર્વના હૃદયમાં રહેલી ચિતિશક્તિ અને
આપણા હૃદયમાં રહેલી ચિતિશક્તિ એક જ હોવાથી,
આપણા હૃદયની ચિતિશક્તિના સમીપનાં પ્રદેશમાં
જે પ્રેમનાં આંદોલનો વર્તે છે,
તે જ પ્રેમનાં આંદોલનો પ્રાણીમાત્રનાં હૃદયમાં
આપણે અર્થે પ્રવર્તે છે.
સર્વની આપણા પ્રતિ વેરબુદ્ધિ છૂટી જાય છે.

0 કોઈ તમારું ગમે તેવું અહિત કરે,
પણ તમે સામું અહિત કરશો નહિ.

જ્યાં સુધી આપિત નહિ ઈચ્છો, ત્યાં સુધી તે થવાનું નહિ.
પરમેશ્વરનું સામર્થ્ય તમે ન જાણતાં હોવાથી જ શંકા કરો છો.
પરમાત્માના નિયમને અનુકૂળ વર્તનાર સર્વદા સુખનો
જ અનુભવ કરે છે, એમાં લેશમાત્ર પણ સંશય નહિ.
પ્રાણીમાત્રના હિતનો સંકલ્પ પ્રગટાવતાં કંજૂસ થશો નહિ.
શુદ્ધ વિચારનું સતત સેવન કરવાથી પરમાત્માની નિકટના
પ્રદેશમાં આંદોલનો પ્રકટાવવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

ચિતિશક્તિ પૂર્ણ પ્રેમરૂપ છે.

દ્વેષ-ઈર્ષા આદિનો ત્યાં સંપૂર્ણ અભાવ છે.

મનની સંકલ્પ-વિકલ્પ વિનાની સ્થિતિ એ જ યથાર્થ
શાંતિનો પ્રદેશ છે. આ પ્રદેશમાં પરમેશ્વરને જોવાને
આપણે આતુર ઈચ્છા પ્રગટાવવી.

હૃદયને ચીરી નાંખે એવી ઈચ્છા પ્રગટાવવી
એ પરમેશ્વરના અનુગ્રહને
તત્કાળ સંપાદન કરી આપનાર છે.

આવી તીવ્ર ઈચ્છાનું નામ 'ભક્તિ' છે.

શરીર, ઈંદ્રિયો અને મનના વ્યાપારને
અટકાવતાં જે શાંત અવસ્થાનો અનુભવ થાય છે, તે
અવસ્થામાં જ સાધકોને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.

## લોકમાં મંગળ ૪ વસ્તુઓ

(૧) તીર્થંકરત્વ (૨) સિદ્ધત્વ (૩) સાધુત્વ (૪) જીવત્વ.

જીવત્વનું બહુમાન એ સાધુત્વ છે.

સાધુત્વની સાધના એ સિદ્ધત્વ છે.

સિદ્ધત્વનું બહુમાન એ તીર્થંકરત્વ છે.

પ્રગટ સિદ્ધત્વ સિદ્ધોમાં અને અપ્રગટ સિદ્ધત્વ જીવમાત્રમાં.

સર્વજ્ઞ બહુમાનનો લાભ તીર્થંકરત્વનો જનક છે.

## લોકમાં ઉત્તમ ૪ વસ્તુઓ

(૧) તીર્થંકરત્વ (૨) સિદ્ધત્વ (૩) સાધુત્વ (૪) જીવત્વ.

## લોકમાં શરણભૂત ૪ વસ્તુઓ

તીર્થંકરત્વ = પ્રગટ-અપ્રગટ સિદ્ધત્વનું બહુમાન.

સિદ્ધત્વ = જીવત્વનું પૂર્ણત્વ. સાધુત્વ = જીવત્વનું બહુમાન.

જીવત્વ = સિદ્ધત્વનું સ્થાન.

જીવત્વના બહુમાનથી શિવત્વ છે.

શિવત્વના બહુમાનથી તીર્થંકરત્વ છે.

તીર્થંકરત્વના બહુમાનથી સાધુત્વ છે.

જીવત્વ, સિદ્ધત્વ, સાધુત્વ, તીર્થંકરત્વ પરિણામે એક જ છે.

ભગવાન જેમ રાગ અને બુદ્ધિ વડે ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે, તેમ તે માટે ધર્મના પણ અપેક્ષિત છે.

એ ધર્મના સુકૃતનાં કાર્યો વડે બને છે.

## કર્મનો બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તા

સયોગી કેવલીને બંધ સાતાવેદનીયનો, ઉદય ૪૨ પ્રકૃતિનો:
તેમાં ૨ વેદનીય, ૧ આયુષ્ય, ૧ ગોત્ર, ૩૮ નામકર્મની હોય છે.

### ૩૮ નામકર્મ

અસ્થિરદ્વિક ૨, ખગતિદ્વિક ૨, અગુરુ-લઘુ ચતુષ્ક ૪,
સંસ્થાન ષટ્ક ૬, પ્રત્યેકત્રિક ૩, ઔદારિકદ્વિક ૨,
વર્ણચતુષ્ક ૪, સુસ્વર-દુઃસ્વર ૨,
નિર્માણ ૧, તૈજસ ૧, કાર્મણ ૧ અને પ્રથમ સંઘયણ ૧.
૯ અયોગી ગુણઠાણાની સાથે ગણતાં ૩૮ નામકર્મ થાય.

### અયોગી ગુણસ્થાનકે ૧૨ પ્રકૃતિઓનો ઉદય

(૧) સૌભાગ્ય (૨) આદેય (૩) યશ (૪) શાતા કે અશાતા
(૫-૬-૭) ત્રસત્રિક (૮) પંચેન્દ્રિય જાતિ (૯) મનુષ્યાયુ
(૧૦) મનુષ્યગતિ (૧૧) જિન નામ (૧૨) ઉચ્ચગોત્ર.

### સયોગી કેવલી સત્તા (૮૫)

વેદનીયની ૨, આયુષ્યની ૧, ગોત્રની ૨, નામકર્મની ૮૦.

### નામકર્મની ૮૦ પ્રકૃતિ

દેવદ્વિક ૨, ખગતિદ્વિક ૨, ગંધદ્વિક ૨, સંઘાતનપંચક ૫,
સ્પર્શ ૮, વર્ણ ૫, શરીરપંચક ૫, બંધનપંચક ૫,
રસ ૫, નિર્માણ નામ ૧, સંહનનષટ્ક ૬, સુસ્વર ૧,
અપર્યાપ્ત ૧, પ્રત્યેકત્રિક ૩ (પ્રત્યેક, સ્થિર, શુભ),

અસ્થિરષટ્ક ૬ (અસ્થિર, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અશુભ, અપયશ), સંસ્થાનષટ્ક ૬, અગુરુ-લઘુચતુષ્ક ૪, ઉપાંગત્રિક ૩ : એટલે <u>૭૦</u> ઉપરાંત ૨૦ નીચેની ઉમેરતા કુલ ૯૦ નામકર્મની પ્રકૃતિ થાય છે : મનુષ્યદ્વિક ૨, ત્રસ-બાદર-પર્યાપ્ત ૩, યશ-આદેય ૨, સુભગ-જિન ૨, પંચેન્દ્રિય જાતિ ૧ : એટલે કુલ <u>૯૦</u> + ૧ મનુષ્યનું આયુ.

## શુભાશુભ કર્મ

જગતમાં દુઃખ દેનાર વસ્તુ માનવીનું અશુભ કર્મ છે.

વિચાર અને કર્મમાં કોઈ ભેદ નથી.

વિચાર એ બીજ છે અને કર્મ એ વૃક્ષ છે.

સુખ-દુઃખ તેનાં જ મીઠાં-કડવાં ફળ છે.

સંસાર એક સાધનાભૂમિ છે, કર્મભૂમિ છે.

જે વ્યક્તિ જેવા કર્મ કરે છે, તેને તેવાં જ ફળ મળે છે.

મુખ્ય મહત્ત્વ કર્મનું છે. કર્મ વગર ફળ મળે જ નહિ.

શુભકર્મની વ્યાખ્યા સત્શાસ્ત્રોને અનુસરીને રચવી જોઈએ.

<u>ઉત્તમ ગ્રન્થોનું અધ્યયન, સત્કાર્ય અને વિશ્વકલ્યાણની ભાવના જીવમાત્રને સન્માર્ગે દોરી જાય છે.</u>

સંસાર દુઃખરૂપ, કર્મભૂમિરૂપ, સ્વર્ગરૂપ, દેવભૂમિરૂપ, આનંદધામરૂપ કે પ્રભુના ક્રીડાસ્થળરૂપ છે.

૦ જલ્પાદિ જાપ ૧ વર્ષ, કંઠાદિ જાપ ૨ વર્ષ,
હૃદયાદિ જાપ ૨ વર્ષ, નાભિઆદિ જાપ ૭ વર્ષ,
એ રીતે કુલ ૧૨ વર્ષ સુધી સતત જાપ કરવાથી
મનુષ્ય મોક્ષસ્વરૂપ થઈ જાય છે અર્થાત્
એને આત્મસાક્ષાત્કાર થાય છે.

તે માટે એક વખત ભોજન, અલ્પનિદ્રા, સાધના ગુપ્ત,
ભૂમિશયન, મૌન અને એકાન્તવાસ રાખવું આવશ્યક છે.

અનન્ય ભક્તિનાં ૫ સાધનો

(૧) નામજાપ (૨) ભગવત્પ્રેમ (૩) સત્ગુરુ વચન
(૪) સમદર્શિત્વ (૫) વાસનારહિતતા.

ભક્તિયોગમાં પ્રાર્થના, સ્તુતિ, સત્સંગ,
જપ, સદ્ગુણ, નિર્ગુણભજન આદિ.

'સત્ગુરુ વચન આધીનતા, પરતિય માતુ સમાન,
ઇતને મેં હરિ ના મિલે, તુલસીદાસ જમાન.'

અદ્વૈત ભાવ

બ્રહ્મમાત્ર સત્તાદિ સિદ્ધ સ્વરૂપ છે,
પછી કોઈ પર મોહ દ્વેષ કેમ થઈ શકે?
ત્યાગાદિ સંતોષ અને ભક્તિઆદિ શાંતિ મળે છે.

જે પગ વિના શરીર ચાલી શકતું નથી, તેમ જ્ઞાન-ભક્તિ
રૂપી બે સાધન વિના મોક્ષમાર્ગ જઈ શકાતો નથી.

o પ્રેમથી મન જેટલું વશમાં આવે છે એટલું બળાત્ કર્મ સાધનથી નથી આવતું.
ભગવત્ વિષયક પ્રેમ વધારવો જોઈએ.

o <u>શા માટે મૂંઝાઓ છો?</u>

આત્મામાં, હૃદયગુફામાં પરમાત્મા બિરાજે છે જ. હૃદયમાં નજર નાંખો. સચ્ચિદાનંદમય સ્વરૂપનો અનુભવ કરો. અરિહંતદેવ તથા સિદ્ધ આદિ પરમેષ્ઠિઓ પણ અંતર ઘેરરૂપે ત્યાં જ વસે છે. આટલો બધો ભંડાર હોવા છતાં શા માટે બહિર્મુખ થઈને મનને ક્લેશમાં નાંખો છો? અંતરસાગરમાં મનને ડુબાડો તો મન આનંદમાં સ્નાન કરી નવીન સ્ફૂર્તિ સાથે બહાર આવશે અને પછી તો ત્યાં જ જમાવું મન થયા કરશે. બાહ્ય વિષયો નિઃસાર લાગશે.

બસ, આત્મામાં - હૃદયગુફામાં પ્રવેશ કરો.
પરમાત્મા તથા સદ્ગુરુદેવ બંને ત્યાં બિરાજે છે.
દર્શન કરો અને પાવન થાઓ.

સત્ય, દયા, પ્રેમ, વાત્સલ્ય ગુણો માનવમાત્ર પણ છે અને દૈવી પણ છે. મનુષ્યમાં દયા-પ્રેમ-વાત્સલ્ય હોય છે એટલે તે માનવમાત્ર ગુણ કહેવાય છે, પરન્તુ પરિપૂર્ણ પ્રેમ-દયા-વાત્સલ્ય મનુષ્યના દેહમાં પરિશુદ્ધ સ્વરૂપે

ખૂબ મુશ્કેલીઓ મળે છે એટલે તે ગુણથી 'દૈવી' કહેવાય છે.
મનુષ્યનો મુખ્ય ધર્મ એ જ બની રહે છે કે
તે પોતાને મળેલા ગુણોને પરિશુદ્ધ, પરિપૂર્ણ કરે
એટલે તે ગુણો દૈવી બની જાય.

આમ દૈવી અને માનવીય ગુણોનું સતત ચિંતન કરીએ.
જે લેખકમાં વ્યક્તિત્વ હોય, જેનો ઉદ્દેશ ઉચ્ચપ્રકારનો હોય,
જેની લાગણીઓ ઊંડી અને જેનું ચારિત્ર ઉચ્ચ હોય,
તેના લખાણની અસર હૃદયસ્પર્શી બને છે.

ઉચ્ચકોટિના ગ્રન્થકારો પોતાની પ્રસિદ્ધિ માટે ગ્રન્થો લખતા નથી પણ 'ઉચ્ચવિચારોની અસર જનતા પર થાય અને તેઓ તેજસ્વી જીવન જીવે' એ જ એકમાત્ર આશય લખવાની પાછળ હોય છે. સારા લેખકો જડ નિયમોના ગુલામ બનવાનું પસંદ કરતા નથી. તે તો પરમાત્માના એક લહીયાનું જ કામ કરે છે. ચૈતન્યસ્વરૂપ વિષે લાગણી પેદા કરવા માટે નામનું રટણ ઉપકારક છે, એમાં શક નથી.

૦ વાઙ્મય પ્રભુ નામ પ્રાર્થનામાં બે વખત,
ચિન્તનમય પ્રભુ નામ સુતા પહેલાં રાત્રે અને સવારે
ઉઠીને એક કલાક માટે, ત્રીજું આહ્લાદમય પ્રભુ નામ અખંડ.
આ ત્રીજું અખંડપણું ઉપરથી પારખી શકાય.

તુલસીદાસજી કહે છે કે:

देखि अहिं रूप नाम आधीना,
रूपग्यान नहिं नामविहिना।
रूप विशेष नाम बिनु जाने,
करतलगत न परहिं पहिचाने।
सुमिरिय नामरूप बिनु देखे, आवत हृदय सनेह विशेषे।

જોવા જઈએ તો રૂપ નામને આધીન છે.
નામની ખબર ન પડે ત્યાં સુધી રૂપનો પરિચય ન થઈ શકે.
નામ જાણ્યા વગર વિશિષ્ટ રૂપવાળો પદાર્થ
કરતલગત હોવા છતાં પણ એનું જ્ઞાન ન થઈ શકે,
પણ નામ જાણતાંવેંત જ એટલે કે
એનું સ્મરણ કરતાંવેંત જ રૂપ આપણી નજર આગળ ન
હોવા છતાં એને વિષે પ્રેમ પેદા થઈ જાય છે.
આપણે કોઈ મહાત્માને જોયા ન હોય પણ એને વિષેનું
વર્ણન વાંચ્યું હોય તો એનું નામ સાંભળતાં જ એને વિષે
જેમ આપણા મનમાં પ્રેમ સ્ફુરે,
તેમ આપણા અરૂપ ચૈતન્યને કોઈ સ્થૂળરૂપ નથી.
'ચૈતન્ય' એ જ એનું રૂપ છે, એટલે આપણે એને જોઈ
ન શકતા હોઈએ, છતાં 'એ છે' એમ જાણતા હોઈએ

અને એવું નામ આપણે લેતા રહીએ, તો એ ચૈતન્ય વિષે આપણા મનમાં પ્રેમનો ઉદ્ભવ થઈ શકે છે.

આ ચૈતન્યની ભક્તિ એજ જીવનનો સાર છે.

ચોવીસે કલાક કર એક માત્ર ચૈતન્યનો રખીએ.

'રજીને સદા ખબરદારી કરનારો પ્રભુ ભૂલાશે તો નહીં"
એવી ચિંતા રાખી ચૈતન્યની આરાધના કરતાં શીખીએ. આપણી અલ્પતા વિચારી બકરી જેવા રાંક બનીએ. ચૈતન્યનું સામર્થ્ય-મહત્તા વિચારી સિંહ જેવા સમર્થ બનીએ. તો જીવન સાર્થક છે. આ ચૈતન્યની ભક્તિ શા રીતે કરવી એજ મોટો સવાલ થઈ પડે છે.

જો આપણે અહંકારને દૂર કરી શકીએ,
તો જ તે કાર્ય સિદ્ધ થાય.

અહંકારને કાઢવા માટે તેને ઝેર જેવો માનવો જોઈએ. અંતરમાં અહંકારની સૂક્ષ્મ પણ માત્રા રહી ગઈ હોય,
તો તેને પણ મૂળમાંથી કાઢવા જોઈએ.

અહંકારની અણુ જેટલી માત્રા પણ અવસર મેળવીને વધી જતાં વાર લાગતી નથી. અલ્પ પણ અહંકારને પ્રકટપણે કાળકૂટ ઝેર સમાન માનવાથી જ તે છૂટતો નથી. અહંકાર એ કાળકૂટ ઝેર છે એમાં કોઈ જાતનો સંશય નથી.

સંશય હોય તો પણ તેને આભાસ તરીકે જ જાણીને તેની ઉપેક્ષા તીવ્ર કરી મૂકી હોય, તો તે બળ કરી શકે નહીં. વખતે તે અવલંબનને છોડવાથી નિરવલંબનતા થઈ, તેનો પાછો અવલંબન થઈ આવવાનું બને છે, તે પણ આભાસિક ચિત્ર તરીકે જ માનીને વર્તાયું હોય તો બાધક બની શકે નહિ. એ રીતે ચૈતન્યનાં નામસ્મરણમાં તલ્લીન થવાનો અભ્યાસ વધારવાથી ચૈતન્ય તરફથી બળ મળતું જાય છે. આપણા દેહમાં રહેલાં ચૈતન્ય સ્વરૂપ આત્મા તરફ દૃષ્ટિ રાખવાથી દૃષ્ટિનો પ્રવાહ ચૈતન્ય તરફ શીઘ્ર દોડવા માંડશે, ચૈતન્યસ્મરણમાં આનંદનો અનુભવ ઉભરાવા લાગશે. કવિ કહે છે કે: 'जिन सुमिरन से अति सुख पावे,
तिन्ह सुमिरन क्यों छोड दिया ?'

ચૈતન્ય એ અમૃતનો કુંભ છે.

જડ-અનિત્ય અને પરિવર્તનરૂપ માયા એ વિષનો કુંભ છે.

વિષનું મારણ અમૃત છે.

अहंकार - अहं करोमि। नमस्कारः - नमस्करोमि।
अहं करोमि इत्याकारकवृत्त्या यद् विषमुपजायते
तद् नमस्कारेण मया न क्रियते इत्याकारक-
वृत्तिस्वरूपामृतपानेन दूरीक्रियते। (परिशिष्ट-५)

અહંકાર એ ઝેર છે, નમસ્કાર એ અમૃત છે.
અમૃત વડે ઝેર નાશ પામે છે.
નમસ્કારની અમૃતમયતા ચૈતન્ય સ્વરૂપના સંબંધથી છે.
અહંકારની વિષમયતા જડરૂપ વસ્તુઓના સંબંધથી છે.
'હું કરું છું' એ અજ્ઞાનતા છે અને
'ચૈતન્યસ્વભાવમાં સઘળું કર્તૃત્વ રહેલું છે' એ જ્ઞાન છે.
જ્ઞાનથી અજ્ઞાન અને ચૈતન્યથી જડનું આવરણ હટી જાય છે.
ચૈતન્ય સ્વરૂપને નમસ્કાર તેની કર્તૃત્વશક્તિના કારણે છે.
કર્તૃત્વશક્તિ ભોક્તૃત્વશક્તિના ઉછાળો છે.
ભોક્તૃત્વશક્તિ ચૈતન્યના ઉછાળો છે.
ચૈતન્યની ખરી પૂજા કર્તૃત્વશક્તિના આરોપણ વડે થઈ શકે છે. જડમાં કર્તૃત્વશક્તિનો અભાવ જ છે, એવી સમજણ જડના અહંકારનો નાશ કરે છે. જડ પ્રકૃતિ અંધ છે, અજ્ઞાન છે, અસમર્થ છે. ચૈતન્યશક્તિ દેખતી છે, સજ્ઞાન છે, સર્વ સામર્થ્યથી ભરપુર છે. ચૈતન્યશક્તિ જીવમાત્રમાં રહેલી છે, તેથી જ્યાં જ્યાં જીવત્વ છે, ત્યાં ત્યાં સર્વત્ર પૂજ્યભાવ ધારણ કરવો જોઈએ છે.
જીવત્વ પ્રત્યેના પૂજ્યભાવ વડે સાધુત્વ પ્રગટે છે.
સાધુત્વ સિદ્ધત્વનું સાચું સાધન બને છે.

જીવત્વમાત્રને સિદ્ધત્વ પમાડવાની ભાવના તીર્થંકરત્વને
સર્જે છે. તીર્થંકરત્વ એ સિદ્ધત્વનું અનુમાન છે અને
એ સિદ્ધત્વ જીવમાત્રમાં છુપાયેલું છે, તેથી જીવત્વ પ્રત્યે
સિદ્ધત્વ જેટલો આદરભાવ તીર્થંકરોના આત્મામાં પ્રગટે છે.
તેમાં પણ જીવત્વ પ્રત્યે આદરભાવ ધરાવતા જીવોને
સાધુત્વ પ્રગટાવનાર પ્રતિ વિશેષ આદર પ્રગટે છે, તેથી
તેમને વારંવાર નમસ્કાર કરવાનો મંત્ર તીર્થંકરો ઉપદેશે છે.
તે મંત્રને મહામંત્ર તરીકે પ્રતિષ્ઠા આપે છે. તે પ્રતિષ્ઠા
ખરેખર સિદ્ધત્વની બાહ્યરૂપ જીવત્વને જ પ્રાપ્ત થાય છે.
જીવત્વ એટલે જ ચૈતન્ય અને તેથી ચૈતન્ય પૂજ્ય છે.

(૧) અવિસંવાદી યોગ - શાસન, ગુરુ, ભક્તિ, મંત્ર.
(૨) વિસંવાદી યોગ - સ્ત્રી, પુત્ર, ધન, માલ, મિલકત.

અવિદ્યા વડે અવિદ્યાનો નાશ. કાંટા વડે કાંટાનો નાશ.
ઝેર વડે ઝેરનો નાશ. મેલ વડે મેલનો નાશ.

Two Negatives make One Positive.

બે નકાર વડે એક હકાર અને
બે અવિદ્યા વડે એક વિદ્યા.

નમસ્કાર વડે અહંકારનો નાશ થઈ શકે, કારણકે
અહંકાર એ બકરું છે, નમસ્કાર એ સિંહ છે.

जो गुणेइ लक्खमेगं, पूएइ विहिइ जिणनमोक्कारं ।
सो तित्थयरनामगोत्तं, बंधइ नत्थि संदेहो ॥१॥

અર્થાત્ આ અરિહંતના નમસ્કારને જે એક લાખ વાર ગણે
અને વિધિપૂર્વક તીર્થંકર પરમાત્માની પૂજા કરે,
તે તીર્થંકર નામગોત્રને બાંધે,
એમાં કોઈ જાતનો સંદેહ નથી.

नमो अरिहंताणं ।

એ પદના ૭ અક્ષરો જે બોલે,
તે શિઘ્રપણે ભવરૂપી દાવાનળનો ઉચ્છેદ કરે છે,
કારણકે તેમાં 'આત્મા એ જ પરમાત્મા'
એવી ભાવના સતત થયા કરે છે, એટલું જ નહિ, પરન્તુ
આવા ઉચ્ચકોટિનું જ્ઞાન જેમના તરફથી આપણને મળ્યું,
તેમના પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ સતત કેળવાયા કરે છે.
કૃતજ્ઞતા એકમાત્ર એવો સદ્ગુણ છે કે
જેના વડે જીવ પોતાની પાત્રતાનો વિકાસ કરી
અનંત સંપત્તિનો અધિકારી બની શકે છે.

°

We look out before we look in &
we look in before we look up.

-Edward Kerde

## દર્શનવિદ્યા

પરાવિદ્યા અથવા આત્મવિદ્યાનો જિજ્ઞાસુ પોતાના વૈયક્તિક સ્વરૂપ ઉપરાંત સમગ્ર જગત કે સર્વસાધારણ પરમાત્મસ્વરૂપને પણ જાણવા તલસે છે.

પરાવિદ્યા = અપરોક્ષ જ્ઞાન, અપરાવિદ્યા = પરોક્ષ જ્ઞાન.

દર્શનવિદ્યા મનુષ્યને પોતાનું સ્વરૂપ વિચારવા અને અનુભવવા પ્રેરે છે, જે વિશ્વ અને ઇતર પ્રાણીજગતની સાથેના મનુષ્યના સંબંધ વિશે વિચાર કરવા પ્રેરે છે.

આ વિચારમાંથી જ મનુષ્યનું રૂપાંતર થાય છે.

તેનું જીવન સ્થૂલલક્ષી મટી સૂક્ષ્મલક્ષી અને સર્વલક્ષી થવાની દિશામાં વળે છે, પરિણામે તે વ્યક્તિરૂપે જુદો દેખાવા છતાં તાત્ત્વિક રીતે સર્વમાં આત્મૌપમ્યની અથવા તો અભેદની દૃષ્ટિ કેળવે છે. આ દૃષ્ટિ જ માનવતાનું સાધ્ય છે અને એ જ ચારિત્ર્ય નિર્માણનો પાયો છે. જ્યાં દર્શનવિદ્યાને લક્ષ્ય કરેલી દાર્શનિક દૃષ્ટિ કે પરાવિદ્યાનો સ્પર્શ થશે, ત્યાં જીવનનું ઉર્ધ્વીકરણ થશે જ અવશ્યંભાવી છે. એ ઉર્ધ્વીકરણ સિદ્ધ કરવાનો પ્રયત્ન એ જ અધ્યાત્મયોગ - યોગવિદ્યા. પિંડ વિચારણામાંથી આત્મૌપમ્યની ભાવના અને બ્રહ્માંડ વિચારણામાંથી અભેદાત્માની વિચારણા થાય છે.

આ બે મુખ્ય પ્રવાહો દર્શનવિદ્યાના પ્રેરક છે.
આત્મૌપમ્યની દૃષ્ટિ જીવનમાં સમત્વભાવના કેળવાય ને
આત્મા-અભેદની દૃષ્ટિ જીવનમાં વિશ્વ-ઐક્ય યા
બ્રહ્મભાવના કેળવાય છે. આ બંને ભાવનાઓ અંતે તો
અહિંસાને પરમ ધર્મ તરીકે સિદ્ધ કરે છે. જો જીવનમાં
અહિંસા સાકાર ન થાય, તો એ બંને ભાવનાઓ માત્ર
શાબ્દિક બની રહે. ઉપનિષદોમાં સત્, જીવ અને આત્માને
જ્યારે બ્રહ્મરૂપે વર્ણવવામાં આવે છે, ત્યારે એમાં બ્રહ્માંડની
અભેદ ભાવના ગુંજે છે અને જ્યારે આત્માને દેહાદિથી
પર તરીકે વર્ણવે છે, ત્યારે આત્મૌપમ્યની દિશા સૂચવાય છે.

અંતે 'બ્રહ્મ અને સમ' એ બંને શબ્દો
અહિંસા અને તેના અનુષંગી મૂળવ્રતોમાં
એકાર્થક જ બની જાય છે.

દર્શનવિદ્યા પોકારીને કહે છે કે:

વ્યક્તિગત - સામાજિક - આર્થિક - શૈક્ષણિક - રાજકારણિક
સર્વ ક્ષેત્રે આત્મૌપમ્યમૂલક અથવા આત્માભેદમૂલક
અહિંસાના સાચા વ્યવહારની આવશ્યકતા ખૂબ વધારે છે.

વિશ્વના વિસ્તાર, લંબાઈ અને ઊંડાઈનાં આદિ કે અંત નથી
અને એ કારણે જ એનું મધ્યબિંદુ ક્યું તે કહી ન શકાય.

વસ્તુના સ્વરૂપનો તાગ લેવાનો પુરુષાર્થ કર્યા વિના
માનવબુદ્ધિ અને જિજ્ઞાસા જંપતી જ નથી.
'તત્ત્વ' એટલે બ્રહ્મ અને વસ્તુનું યથાર્થ સ્વરૂપ.
'બ્રહ્મ' એટલે મૂળ કારણ, યથાર્થતા
અથવા કોઈપણ વસ્તુ યા ઘટનાની
યથાવત્ સ્થિતિ યા મૂળ સાથે સંવાદી સ્થિતિ.
'તત્ત્વવિદ્યા' એટલે અધ્યાત્મવિદ્યા.
એમાં અધિભૂત વિષયો
(બાહ્ય) અને અધિદૈવ (આંતર) આવે છે,
પણ છેવટે એનું નિરૂપણ
અધ્યાત્મવિદ્યામાં પર્યવસાન પામે છે.
દર્શનને તત્ત્વવિદ્યા, અધ્યાત્મવિદ્યા, પરાવિદ્યા કહી શકાય.
(૧) આત્માનું નિવારણ
(૨) જ્ઞાનની પ્રાપ્તિ (ભ્રમ - સંશયરહિત)
(૩) કારણની ગવેષણા (અંતિમ કારણપર્યન્ત).
સત્ય શોધવું, ચિન્તવવું, જોવું અને આચરવું
એ સાહિત્યનો સાર છે.
'ચક્ષુ વૈ સત્યમ્ ।' 'ચક્ષુ વૈ પ્રતિષ્ઠા ।'
શ્રવણ કરતાં ચક્ષુનું પ્રામાણ્ય વધારે છે. સાક્ષી - સાક્ષાત્દ્રષ્ટા.

દર્શન એ જ્ઞાનશુદ્ધિની અને તેના સત્યતાની પરાકાષ્ઠા છે.

'દર્શન' એટલે જ્ઞાનશુદ્ધિનો પરિપાક.

તત્ત્વવિદ્યા, તત્ત્વદર્શન, તત્ત્વવિચારણા, તત્ત્વજ્ઞાન,
તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વચિંતન, તત્ત્વમીમાંસા ઈત્યાદિ શબ્દો
દર્શનની પહેલાંનો માનસિક વ્યાપાર છે.

દર્શન વ્યાપાર જુદો છે. તે તત્ત્વદૃષ્ટાને હોય છે.

તત્ત્વદર્શન એ ખરી રીતે યોગજ્ઞાન છે.

એને ઋતંભરા પ્રજ્ઞા કે દિવ્યજ્ઞાન - દિવ્યદર્શન પણ કહે છે.
એવા દર્શન પ્રત્યે ઊપજતી દૃઢ શ્રદ્ધા પણ દર્શન છે.
સાક્ષાત દર્શન વિનાની તે પ્રત્યેની શ્રદ્ધા એ ગૌણ, વ્યવહારુ
અથવા દ્વિતીય ગણાય છે. યુરોપમાં ખ્રિસ્તી ધર્મ એ શ્રદ્ધામાંથી
અને તેની ફીલોસોફી ગ્રીક પરંપરામાંથી આવેલ છે.
ભારતમાં આવી કોઈ વિભાગની આવશ્યકતા જ નહોતી.

ભારતીય ઋષિઓ જીવનના અવિભાજ્ય એવા
'શ્રદ્ધા અને મેધા'
બંનેની ઉપર યથાયોગ્ય ભાર આપતા આવ્યા છે.

તત્ત્વચિન્તનના મુખ્ય ૩ વિષયો: જગત, જીવ, ઈશ્વર.

એમાં પણ બે અંશ છે:

એક તર્ક કલ્પનામૂલક અને બીજો અનુભવમૂલક.

બુદ્ધિનું કાર્ય નવા નવા નિરાકરણોને અનુસરી તે વિષેનું
સમાધાન શોધવાનું હોય છે. આવું સમાધાન કોઈવાર
તર્ક કલ્પન કરા, કોઈવાર અનુભવ કરા હોય છે.
૦ કષાયની મંદતા થયા વિના નિરાગ્રહીપણું આવતું નથી.
એ આવ્યા વિના શાસ્ત્રો સમ્યક્ પ્રકારે સમજાતા નથી.
કષાયની મંદતાથી પ્રાપ્ત થતો પ્રશમ ગુણ જ્યાં સુધી
ન આવે ત્યાં સુધી સ્યાદ્વાદ લખ્યા તો પણ શું? ત્યાં સુધી
લખ્યા છતાં આપણે કોઈ સ્યાદ્વાદી નથી જ બની શકતા.
દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીયને વિષયની અપેક્ષાએ
નજદીકનો સંબંધ હોવા છતાં તેને જુદી પ્રકૃતિઓ ગણી છે.
દર્શનમોહનીય - ચારિત્રમોહનીયનો વિષયની અપેક્ષાએ
નજીકનો સંબંધ ન હોવા છતાં એક જ પ્રકૃતિ નીચે મૂક્યા છે,
કારણ કે બે વચ્ચે અવિનાભાવ સંબંધ છે.
કષાયની મંદતા થયા વિના સમ્યક્ત્વ પ્રગટતું નથી.
સમ્યક્ત્વ પ્રગટ્યા વિના સાચું ચારિત્ર પ્રગટતું નથી,
એ તે બે વચ્ચે રહેલો અવિનાભાવ સંબંધ બતાવે છે.
મોહના બે પ્રકાર : અપરિમિત અને પરિમિત.
ચારિત્ર મોહનીયના ક્ષયથી અર્થાત્ કે અનંતાનુબંધી કષાયનો
નાશ થવાથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને એ થયા પછી જ

આત્મપ્રતીતિપૂર્વક જ્ઞાન પરિણમે છે અને પરિણામે
સાચા ચારિત્રમાં રમણતા થાય છે.

વિજ્ઞાનમાં કોઈપણ તર્ક યા પ્રયોગથી સાબિત થાય તો જ વૈજ્ઞાનિક સિદ્ધાંત બને છે. પ્રયોગ વિનાની હાઈપોથિસીસ એ માત્ર કલ્પના બની રહે છે, તેમ તત્ત્વચિંતનમાં જે અંશ અનુભવમૂલક હોય, તે અબાધિત અને છેવટે સર્વમાન્ય બની રહે છે. કલ્પનામૂલક સ્થળોમાં બધા દાર્શનિક પ્રવાહો પરસ્પર વાદવિવાદ કરતા રહ્યા છે અને તે દાર્શનિક સાહિત્યમાં વિગતે સ્થાન પામ્યા છે. અનુભવની પણ કક્ષાઓ હોય છે. કોઈ અનુભવ એક કક્ષાનો હોય પણ તેને છેવટનો માની જ્યારે તર્કબળ વડે સમર્થન કરવામાં આવે છે, ત્યારે મૂળમાં એ અનુભવ અમુક અંશે યથાર્થ હોવા છતાં તેને અંતિમ કક્ષાનો માનવા જતાં તેની આંશિક યથાર્થતા પણ વિચારકોના ધ્યાનમાંથી ચાલી જાય છે. જૈન પરિભાષામાં આને નય અને નયાભાસ રૂપે વર્ણવવામાં આવે છે.

તત્ત્વચિંતનની દશા પ્રગતિશીલ છે.

સ્થૂળમાંથી સૂક્ષ્મમાં, સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતમમાં અને છેવટે અગમ્યમાં પરિણમે છે. તત્ત્વવિચાર સ્થૂળ યાને દ્રવ્યથી શરૂ થઈ સૂક્ષ્મ અર્થાત્ ભાવમાં યા અગમ્યમાં અંતર્લીન પામે છે.

## ધર્મના ૪ સ્તંભ

(૧) સત્ય (૨) તપ (૩) દયા (૪) દાન.

## અહૈતુકી કરુણા

તીર્થંકરોની નિર્હેતુક કરુણા જીવોને ઉંચે લાવવામાં કારણભૂત છે. 'બધા જીવોને મુક્તિના સુખ પમાડું' એવા ભાવનાવાળા તીર્થંકરો સૌ જીવોને લઘુકર્મી અને શુભ ભાવવાળા બનવામાં મોટી સહાય કરે છે, કારણ જીવોના બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા કર્મો ઉપર શુભ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની શુભ અસરો કાર્ય કરે છે.

## 'બુદ્ધિ' એટલે શું?

બુદ્ધિ = પાંચ ઈંદ્રિયો અને મન દ્વારા ઉત્પન્ન થતું જ્ઞાન.

ભગવાન વિનાની બુદ્ધિ આંધળી છે.

તે ભગવાનસહિત હોય તો જ સફળ છે.

સાધકે બરફ જેવું મગજ ઠંડું અને સાગર જેવું વિશાળ પેટ રાખવું જોઈએ.

## 'ચમત્કાર' એટલે શું?

'ચમત્કાર' એટલે જે ઘટના આપણા મનને ચમકાવી છતાં તેનું કારણ આપણને ન સમજાય અને અગમ્ય લાગે તે. તેથી જ ચમત્કારથી સૌ અંજાય છે.

## ધર્મનાં પાંચ અંગો

(I) શ્રુતિ - અનુભૂતિ, ઈશ્વરના એક અંશનું પ્રત્યક્ષ દર્શન.
(II) ઉપાસનાની રીત (III) દૃષ્ટાંત કથન
(IV) વિધિ કથન (V) નીતિ કથન.

સત્ય, પ્રેમ, કરુણા, સમાનુભૂતિ ઈત્યાદિ
અનુભૂતિ અનેક પ્રકારની હોઈ શકે છે.

(૧) નમો અરિહંતાણં ।

'સર્વ વૈરીનો નાશ કરનારા ચક્રવર્તીને નમસ્કાર પહોંચો'
એમ તેમના સેવકોનું વચન છે.
સેવ્ય - સેવકભાવ, સ્વામી - સેવકભાવ, પૂજ્ય - પૂજકભાવ
પ્રગટ કરનાર આ વાક્ય બોલનારનો દાસભાવ બતાવે છે,
અરિહંતો અર્થાત્ ધર્મચક્રવર્તીઓનો સ્વામીભાવ બતાવે છે.
પોતે કિંકર છે અને પરમાત્મા પોતાના સ્વામી છે,
એમ પ્રદર્શિત કરે છે.

(૨) વૈરીઓના ચક્ર અર્થાત્ સમૂહને નાશ કરનારા.
(૩) નમ અર્હદ્દાસાદ્ ।
(૪) त्राणं । मादारिशोकः । तस्मात् त्राणं ।
(૫) अर्हन्तः सामान्य केवलिनः ।
(૬) अर्हद्भ्यः पूज्येभ्यो माता पित्रादिभ्यो नमः ।

પૂજ્યતા પવિત્રતામાં, પવિત્રતા પ્રેમમાં, પ્રેમ અહિંસામાં,
અહિંસા ક્ષમામાં, ક્ષમા અનુકંપામાં, અનુકંપા ભવનિર્વેદમાં,
ભવનિર્વેદ મોક્ષાભિલાષમાં, મોક્ષાભિલાષ આસ્તિકતામાં
અને આસ્તિકતા નમસ્કારમાં છે.

(૭) <u>પૂજ્ય એવા સર્વવસ્તુઓ</u>: માતા-પિતા-દેવ-ગુરુ-
અરિહંત-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-સિદ્ધ.
અરુહંતાણં = સિદ્ધ, અરિહંતાણં = સામાન્ય કેવલી.
શ્રુતકેવલી, સાધુ-સાધ્વી, શ્રાવિકા, માર્ગાનુસારી,
અપુનર્બંધક = દોષને જાણનાર. ૮ પ્રકારના કર્મો = શત્રુ.

(૮) તીર્થંકરોનું શરણ મૂકવા લાયક નથી.

(૯) કર્મશત્રુ હણ્યા છે તે સિદ્ધનું શરણ છોડવાનું નથી.

(૧૦) નવકારમાં ૯ રસો છે. તેમાં નવગ્રહોથી રક્ષણ છે.

નમોઽરહંતાણમ્ ।

અર્થાત્ ગ્રહોની પીડાથી રક્ષણ કરનારને નમસ્કાર થાઓ.

નમો લોએ સવ્વસાહૂણં ।

અર્થાત્ આ લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો.
સહાય કરે તે સાધુ. સહાય તે જ કરે છે કે જે પ્રેમથી
ભરપૂર, ઈર્ષ્યા-અસૂયારહિત તથા કષાયથી સાવ મુક્ત હોય.
સાધુનું મુખ્ય લક્ષણ = ક્ષમાધર્મ. તે પ્રેમથી જ શક્ય છે.

પ્રેમ કરવામાં ન્યાયબુદ્ધિ, વિશિષ્ટ મતિ, નિરાગ્રહ વૃત્તિ છે.
પ્રેમ જ તત્ત્વમાર્ગે દૃઢ રહી શકવાની આત્મશક્તિ અર્પે.
પ્રેમધર્મ જેવા મહાન વસ્તુ સાધવા માટે
જે વિશિષ્ટ શક્તિઓ જોઈએ, તે આ છે:
(૧) નિરાગ્રહ વૃત્તિ (૨) વિશિષ્ટ મતિ (૩) ન્યાયબુદ્ધિ
(૪) ધ્યેય પ્રત્યે નિશ્ચલ રહી શકવાની શક્તિ.
નિરાગ્રહ વૃત્તિમાંથી એક શક્તિ પેદા થાય છે,
જે પ્રેમમાર્ગે જીવને ટકાવી શકે છે.
એ જ રીતે મતિની નિપુણતામાંથી એક શક્તિ પેદા થાય છે,
જે જીવને પ્રેમતત્ત્વનું મહત્ત્વ સમજવામાં સહાય કરે છે.
ન્યાયબુદ્ધિની પણ તેટલી જ આવશ્યકતા છે,
કે જેના વિના પ્રેમનું મહત્ત્વ સંચિત થવું અશક્ય છે.
વળી બધું હોવા છતાં દૃઢતા ન હોય,
તો પણ આ માર્ગ ઉપર ટકી શકાતું નથી.
તેથી આ જ પ્રકારની શક્તિઓ જે ઉપાયોથી વિકસિત થતી હોય, તે સઘળા ઉપાયોને શાસ્ત્રકારોએ 'ધર્મમાર્ગ' તરીકે સંબોધેલાં છે. આ ધર્મ એ જ અમૃત છે, તેના પરિણામે પ્રેમરૂપી અમૃતના પરિપૂર્ણ પાન માટે અધિકારી થવાય છે. દ્વેષ એ મૃત્યુ છે, જ્યારે પ્રેમ એ જીવન છે.

જીવનની ઇચ્છાવાળાએ પ્રેમરૂપી અમૃતનું સતત પાન કરવું જોઇએ, તેના વડે મૃત્યુરૂપી વિષનું મારણ થાય છે.

જ્ઞાનશક્તિ - વિશિષ્ટ મતિ

દર્શનશક્તિ - નિરાગ્રહ વૃત્તિ

ચારિત્રશક્તિ - ન્યાયબુદ્ધિ

તપઃશક્તિ - તિતિક્ષા વૃત્તિ.

આત્મશક્તિઓ વડે ધર્મને, પ્રેમને, આત્મૌપમ્ય ભાવને, પરમાત્મ તત્ત્વને, બ્રહ્માત્મૈક્યભાવને સાધનારા, માટે સાધુ.

સાધુનો ધર્મ : દાન, દયા, જ્ઞાન, ધ્યાન.

દાન અને દયા આત્મૌપમ્યવૃત્તિને ટકાવનારા છે.

જ્ઞાન અને ધ્યાન બ્રહ્માત્મૈક્યભાવનું અનુસંધાન કરાવનાર છે.

જીવની કર્મલઘુતા અને ત્રિલોકનાથ તીર્થંકરદેવોની કૃપા મેળવવાનો જ હેતુ ધર્મની પ્રાપ્તિ પાછળ હોવો જોઇએ.

ધર્મનું સ્વરૂપ સરલ નિષ્પાપ વૃત્તિ,

સાવદ્યયોગનો પરિહાર, નિરવદ્યયોગનું સેવન.

ધર્મનું ફળ અનંતર - પરંપર

(૧) નિરૂપાધિક પ્રશમસુખની પ્રાપ્તિ.

(૨) જન્મ-જરા-મરણની નિવૃત્તિ - અનંતચતુષ્ટયની પ્રાપ્તિ.

o પઢમં નાણં તઓ દયા | પ્રથમ જ્ઞાન પછી દયા છે.
જ્ઞાન દ્વાદશાંગરૂપ છે અને દયા આત્મસ્વભાવસ્થિતિ છે.
તે ઇષ્ટદેવતાના નમસ્કાર વિના પાર પામી શકાય નહિ.

o ભગવાનના ગુણગાનમાં કેટલી તાકાત છે?
સ્વમાં અને વિશ્વમાં સર્જન કરવાની તાકાત
ભગવાના એક પરિણામમાં રહેલી છે.

કૃતજ્ઞતાપતયેઃ | પરાર્થવ્યસનિનઃ | અર્હતે
(તીર્થંકરો) કૃતજ્ઞતા ગુણના સ્વામી પરાર્થના વ્યસનવાળા હોય.
આ બંને વ્યવહારનયના ગુણ છે.
'બીજા જીવો આપણા ઉપર ઉપકાર કરનારા છે'
એ સ્વીકારવું તે વ્યવહારનયનો સિદ્ધાંત છે.
તે કૃતજ્ઞતાગુણને કેળવનાર છે.
તેમાંથી જ પરાર્થવ્યસનિતા પ્રગટે છે.
તેમાંથી નિશ્ચયનો સિદ્ધાંત નિષ્પન્ન થાય છે.
બીજાનું કરવાથી પોતાનું જ થાય છે.
'કોઈ કોઈને કાંઈ કરી શકતું નથી, પણ બીજાનું કરવાથી
પોતાનું જ કરે છે' એમ માનવું તે નિશ્ચયનય છે.
'પોતાનું હિત બીજાથી જ થાય છે'
એમ માનવું તે વ્યવહારનય છે.

## વ્યવહારનયનો સિદ્ધાંત

જાણવું કર્યા વિના પોતાનું કાર્ય થઈ શકતું જ નથી એ 'વ્યતિરેક' અને પોતાનું કાર્ય જાણીને થાય છે એ 'અન્વય'.

પોતાનું કાર્ય જાણીને જ થાય તે અન્વય અને જાણ વિના પોતાનું કાર્ય ન જ થાય તે વ્યતિરેક.

એને 'વ્યવહાર' કહે છે.

કોઈનું પણ કાર્ય કરતી વખતે પોતાનું જ પોતે કરે છે, પરનું કાર્ય કોઈ કરી શકતું જ નથી તે વ્યતિરેક.

આ 'નિશ્ચય'નો સિદ્ધાંત છે.

કોઈ કોઈનું કરી શકતું નથી તે વ્યતિરેક, પરનું કાર્ય કરતી વખતે પરનું થતું નથી એ વ્યતિરેક અને પોતાનું જ થાય છે એ અન્વય છે.

પરસ્પર સાપેક્ષનય છે. નિરપેક્ષ નયાભાસ છે.

નિરપેક્ષ વ્યવહાર અહંને પોષે છે અને નિરપેક્ષ નિશ્ચય કર્તવ્યભ્રષ્ટ કરે છે.

નિશ્ચય સાપેક્ષ વ્યવહાર અહંને ગાળે છે.

વ્યવહાર સાપેક્ષ નિશ્ચય પ્રમાદને ટાળે છે.

'જાણવું કરવા છતાં હું જાણવું કરતો નથી, પણ પોતાનું જ કરું છું' એ માન્યતા અહંકાર ટાળે છે.

अहं परस्परार्थक्रियाकारीणि। એવો અહંકાર ત્યાજ્ય છે.

'બીજાનું કર્યા વિના મારું ચાલી શકે છે'

એ ભ્રમ પ્રમાદજનિત અને પ્રમાદપોષક છે,

તેનું નિવારણ વ્યવહારનયથી થાય છે.

0 વ્યવહારના વિલોપથી તીર્થનો વિલોપ અને

નિશ્ચયના વિલોપથી તત્ત્વનો વિલોપ છે.

કોઈ કોઈનું કરતું નથી પણ પોતાનું જ કરે છે અને

પોતાનું કાર્ય પર વડે જ થાય છે તથા

પર પરનું કરી શકતું જ નથી.

0 એકનું કાર્ય બીજાની સહાય વિના થઈ શકતું જ નથી

અને તેમ છતાં કોઈ કોઈનું કરે છે એમ બનતું નથી.

પર વડે જ પોતાનું થાય, છતાં પર વડે પોતાનું થતું જ નથી.

0 ગરજ વિના લાભ નહિ અને ગરજથી લાભ નહિ.

પર વિના સ્વોપકાર નહિ અને

પર વડે સ્વોપકાર નહિ.

બીજા ન હોય તો પણ પોતાનું ભલું થાય નહિ.

પોતે ન હોય તો પણ પોતાનું ભલું થાય નહિ.

પોતાનું ભલું કરવા માટે

પોતે અને પર - એમ ઉભયનું અસ્તિત્વ જોઈએ.

## કૃતજ્ઞતા ગુણનો પ્રભાવ

બીજાએ કરેલા ગુણને જાણવા અને ભૂલવા નહિ,
એથી ક્ષાન્ત્યાદિ અને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે.
ગુણ કોણે કર્યો નથી? પ્રકૃતિ વસ્તુમાત્રથી ગુણ થાય છે,
પછી તે ચેતન હોય યા જડ. તેથી પ્રત્યેકથી થતા ગુણને
જાણવાથી, ન ભૂલવાથી, સતત સ્મૃતિપથમાં રાખવાથી ક્ષમા,
નમ્રતા, સરલતા, સંતોષ કાયમ રહે છે. સંયમ, તપ, સત્ય,
શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય ગુણોની વૃદ્ધિ થાય છે.

'કોઈ કોઈનું કરતું નથી' એટલે
'હું બીજાનું કરું છું, એ મારું જ કરું છું.'
એ જ્ઞાન વડે તપ - ત્યાગ - ક્ષમા - નમ્રતા વધે છે.

બીજાથી હંમેશા ઉપકાર જ થાય છે, અપકાર થતો જ નથી.
બીજાનો પોતાના ઉપર થઈ રહેલો ઉપકાર ન માનવાથી જ
અપકાર થાય છે, તેથી પોતાના અપકારને ન ઈચ્છવાવાળાએ
બીજાનો ઉપકાર જ માનવો જોઈએ, અપકાર નહિ.
બીજાનો અપકાર વિચારવાથી સમ્યક્ત્વગુણ નાશ પામે છે.
ઉપકાર વિચારવાથી શમ - સંવેગાદિ ગુણો વધે છે.
બીજાનો ઉપકાર માની પ્રત્યુપકાર માટે સતત પ્રયત્નશીલ
રહેનાર જ સમતા - શાંતિ - સુખનો અનુભવ કરી શકે છે.

'સ્વભાવરમણતા' કે 'સ્વાસ્થ્ય' પણ તેને જ કહેવાય છે.
'કોઈપણ મને અપકાર કરતો નથી.
વિચિત્ર પ્રકારની રચનાઓને વિવિધ પ્રકારના સ્વભાવ
વડે વિચિત્ર-વિચિત્ર રીતે વિધ-વિધ પ્રકારનો ઉપકાર
સ્વઆત્મા ઉપર થઈ રહ્યો છે' આ એક જ વિચાર એ
સમ્યગ્વિચાર છે, તે સિવાયના બધા મિથ્યાવિચાર છે.
'સમ્યગ્વિચારના કારણે જ પંચ પરમેષ્ઠિ પરમ પૂજ્ય છે'
એ વિચાર નિકળી જવાથી પૂજ્યત્વ નાશ પામે છે.
પૂજ્યતાપણું પદના કારણે નથી, પણ ગુણના કારણે છે.
કૃતજ્ઞતા, પરોપકાર, નિઃસ્પૃહતા, નિઃસ્વાર્થતા વગેરે ગુણ છે.
વગર ઇચ્છે બધા ઉપકાર કરી જ રહ્યાં છે,
પછી ઇચ્છવાની જરૂર જ ક્યાં રહે?
જગતજીવો આપણો વિરોધ કરે ત્યારે ક્ષમાદિ ગુણો વધે છે.
જગતજીવો અનુકૂળ રહે છે ત્યારે જ્ઞાનાદિ ગુણો વધે છે.
આમ પ્રતિકૂળ-અનુકૂળ બંને પ્રકારના આત્માઓ
ગુણ કરનારા હોવાથી આપણે તેમના આભારી છીએ.
જો બધા જ અનુકૂળ વર્તે તો ક્ષમાદિ ગુણોને અને
જો બધા જ પ્રતિકૂળ વર્તે તો જ્ઞાનાદિ ગુણોને
વિકસવાનો સમય ન મળે.

## આત્મપ્રતીતિ ૩ રીતે

(૧) પારાની રાખડીથી અનાજની અને ચૈતન્યની રાખડી
માફક શરીર ન સડે. પારાની જેમ ચૈતન્ય ચાલ્યું જાય,
તો અનાજની જેમ શરીર સડી જાય, રાખ થઈ જાય.

(૨) શરીરમાં ફેરફાર થાય છે,
પણ જાણવાના સ્વભાવવાળો આત્મા જાણતો જ રહે છે.
તેમાં હાનિ-વૃદ્ધિ કે સ્વભાવમાં પલટો આવતો નથી.
બાહ્યરૂપ જોવા માટે સૂર્યપ્રકાશ જોઈએ, કિન્તુ
સોયા નીંદમાં પ્રકાશ વિના મન વસ્તુને જોઈ શકે છે,
કારણકે તે પ્રકાશ પૂરો પાડનાર આત્મા છે.

(૩) શરીરમાં આત્મા જેવી કોઈ અપૂર્વ વસ્તુ રહેલી છે,
એ વાતનું અખંડ સ્મરણ આત્મતત્ત્વ પર પ્રેમ વધારશે.
એ પ્રેમ એક વખત આત્માનુભવમાં પરિણમે ત્યારે
શરીરમાં આત્માનું અસ્તિત્વ પારાની જેમ સાક્ષાત થાય છે.
મનમાં પ્રકાશ પૂરો પાડનાર તત્ત્વ આત્મતત્ત્વ છે.
આત્મતત્ત્વનું અખંડ સ્મરણ પ્રેમને ઉત્પન્ન કરે છે અને
એ પ્રેમ જ આત્માનુભવ કરાવી આપે છે.
જે થવા પછી આત્માને પરમશાંતિનો અનુભવ થવા કરે છે.
એ સિવાય શાંતિ મેળવવાના ઉપાયો કારગત નિવડતા નથી.

## કૃતજ્ઞતા અને પરોપકાર

(૧) 'બીજા મારું કરે છે' એનો સ્વીકાર એ કૃતજ્ઞતા ગુણ છે.
વ્યવહારનયનો સિદ્ધાંત કૃતજ્ઞતા ગુણનો પોષક છે,
કારણ કે તે એમ માને છે કે બીજા બીજાનું કરી શકે છે.
નિશ્ચયસાપેક્ષ આ વ્યવહાર એ નય છે,
અન્યથા નયાભાસ છે.

(૨) 'હું જ મારું કરી શકું છું'
એનો સ્વીકાર એ પરોપકાર ગુણ છે.
નિશ્ચયનયનો સિદ્ધાંત પરોપકાર ગુણનો પોષક છે,
કારણ કે તે એમ માને છે કે કોઈ કોઈનું કરી શકતું નથી.
વ્યવહારસાપેક્ષ નિશ્ચય એ નય છે,
અન્યથા નયાભાસ છે.

અપરિચિતનું જ્ઞાન કરવા પૂર્વે પ્રણિધાન કરવું જોઈએ.
પ્રણિધાન પછી જ જ્ઞાન મળે છે.
બુદ્ધિનું જ્ઞાન અનુભવમાં ન પરિણમે તો શાંતિ ન આપે.
એ અનુભવ કેવી રીતે મેળવવો?

કૃતજ્ઞતા અને પરોપકાર ગુણસિદ્ધિ માટે ૩ ભૂમિકા
(૧) સતતાભ્યાસ (૨) વિષયાભ્યાસ
(૩) ભાવાભ્યાસ.

(૧) સતતાભ્યાસ પહેલી ભૂમિકા moral life છે.

(૨) વિષયાભ્યાસ બીજી ભૂમિકા Religious life

જેમાં દાન-પૂજન એ ધર્મ છે.

(૩) ભાવાભ્યાસ ત્રીજી ભૂમિકા Spiritual life

જેમાં જ્ઞાન-ધ્યાન એ ધર્મ છે.

પરોપકારમાંથી દાન અને જ્ઞાન પોષાય.

કૃતજ્ઞતામાંથી પૂજન અને ધ્યાન પોષાય.

દાન વિના પરોપકાર કેમ સિદ્ધ થાય?

પૂજન વિના કૃતજ્ઞતા કેમ સિદ્ધ થાય?

જ્ઞાન વિના દાન

અને

પૂજન વિના ધ્યાન સિદ્ધ કેમ થાય?

<u>રાગ-દ્વેષનો નાશ કરવાનો ઉપાય</u>

પ્રાપ્ત પદાર્થો ઉપર રાગભાવ નિવારવા માટે એ પદાર્થો બીજાની કરૂણા વડે પ્રાપ્ત થયા છે, તેમના ઉપકારનું સ્મરણ સતત રહેવું, વિસ્મરણ ન થવું એ કૃતજ્ઞતા રૂપ ગુણ સાધન બને છે. કૃતજ્ઞતા ગુણ એમ જણાવે છે કે બીજાઓ આપણને ગુણ કરે છે. પરોપકાર ગુણ એમ સૂચવે છે કે આપણે બીજાઓનું ભલું કરી શકીએ.

બીજાઓનું ભલું કરતાં અભિમાનાદિ દોષ ન આવે એ
માટે 'બીજાનું ભલું કરવાથી આપણું જ ભલું થાય છે'
એ નિશ્ચયનયનું તત્ત્વજ્ઞાન ઉપકારક થાય છે.
'આપણું ભલું થવામાં બીજાનો પણ હિસ્સો છે'
એ વ્યવહારનયનું તત્ત્વજ્ઞાન આપણને
કૃતજ્ઞતાગુણમાં પ્રેરક બને છે.
ઉપાદાન તરીકે પોતે અને નિમિત્ત તરીકે બીજા,
એ રીતે કાર્યોત્પત્તિમાં બંને કારણ છે,
તેથી બીજાઓનો ઉપકાર માનવાનું અને
બીજાઓ ઉપર ઉપકાર કરવાનું ફલિત થાય છે.
જો બેમાંથી એક પણ ચૂકીએ તો 'ઉભય કારણથી કાર્યની
ઉત્પત્તિ થાય છે' એ સત્યનો ઇન્કાર કર્યો ગણાય.
કૃતજ્ઞતાગુણ રાગભાવ ઉપર પ્રહાર કરે છે.
પરોપકારગુણ દ્વેષભાવ ઉપર ઘા કરે છે.
દ્વેષભાવને જીતવા પરોપકૃતિગુણ આવશ્યક છે.
રાગભાવને જીતવા માટે કૃતજ્ઞતાગુણ સહાયક છે.
રાગ-દ્વેષને જીતવા માટેનું તત્ત્વજ્ઞાન
વ્યવહાર-નિશ્ચયના તત્ત્વનો બોધ છે અને
આચારમાં કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનું પાલન છે.

એ બંને ગુણ વિશિષ્ટ જ્ઞાન અને વિશિષ્ટ લાગણીની
અપેક્ષા રાખે છે. વિશિષ્ટ નિપુણમતિ અને ન્યાયમાર્ગ
રતિ વિના એ બે ગુણનું મહત્ત્વ સમજાય એમ નથી.

માંગણી કરતાં લાગણીની કીંમત વધે છે.

માંગણી સ્વાર્થસૂચક છે, લાગણી પરમાર્થસૂચક છે.

લાગણીથી જે મળે તે માંગણીથી કદી ન મળે.

તીર્થંકરો જેવી પરની લાગણીથી સર્વોત્કૃષ્ટ પદ મેળવે છે.
તીર્થંકરો ઉપર લાગણી રાખવાથી કૃતજ્ઞ બનીએ છીએ.
એ લાગણી જ પરોપકારની વૃત્તિવાળા બનાવે છે, કેમકે
તેમાં જ તીર્થંકરો પ્રત્યેની લાગણી કૃતાર્થતા અનુભવે છે.
જ્ઞાન એ પાત્રનું અને લાગણી એ પેટનું ભોજન છે.

એક વિચાર જાણવો અને સ્પર્શવો તેમાં ફેર છે.

પહેલું માત્ર સંવેદન છે, બીજું સ્પર્શરૂપ છે.

જેવું જ્ઞાન તેવી લાગણી અનુભવાય તો 'સ્પર્શ્યું' કહેવાય.

જાણવું એ પાત્રમાં પડેલા ભોજનતુલ્ય છે.

સ્પર્શવું એ દાંત વડે ચર્વણ થઈ,
મોઢાના અમી વડે વાસિત થઈ, ગળે ઉતરતા ભોજનતુલ્ય છે.
પચાવવાની ક્રિયા અને પચેલા આહારનું રુધિરાદિ બની
ઓજસ પ્રગટાવવાની ક્રિયાનો આધાર સ્પર્શવા ઉપર છે.

કોઈએ પ્રભુને જોયો નહિ પણ જેણે જગત ઉપર પ્રેમ કર્યો, તેણે પ્રભુને પોતાનામાં આણેલો ગણાય છે. જેને તે જુએ છે, તેના ઉપર પ્રેમ કરી શકતો નહિ, તો નહિ જોતો તેના ઉપર તે કેવી રીતે પ્રેમ કરશે?

## કૃતજ્ઞતાગુણની સાધના

કૃતજ્ઞતાગુણનું મહત્ત્વ વિશિષ્ટ નિપુણમતિ વિના સમજમાં આવવું મુશ્કેલ છે. જેમ દયા, દાક્ષિણ્ય વગેરે ગુણોનું પાલન અલ્પ પરિણતિ માંગે છે, તેમ કૃતજ્ઞતા અને પરોપકાર વગેરે ગુણો અને તેનું મહત્ત્વ સમજવા વિશેષ નિપુણમતિની આવશ્યકતા છે. જે વસ્તુની પ્રાપ્તિ જેના તરફથી થઈ હોય તેનું વિસ્મરણ થવું એ દોષરૂપ અને સ્મરણ રહેવું એ ગુણરૂપ છે. વર્તમાનકાળે આપણને ઘણી વસ્તુઓ નથી મળી, તેમ ઘણી મળી પણ છે. જે નથી મળી તેનો અસંતોષ છે, તેની જેમ જે મળી છે તેનો સંતોષ પણ અનુભવવો જોઈએ. એ સંતોષ સાચો તો બને કે જે મળ્યું છે, તે મળવામાં જે કોઈ કારણો હોય, તે સર્વનો આદરભાવે સ્વીકાર કરીએ. જેમ કે મનુષ્યપણું મળ્યું છે, ઉત્તમ જાતિ-દેશ-કુળ મળ્યાં છે, ઇંદ્રિયો-આરોગ્ય અને દીર્ઘાયુષ્ય મળ્યાં છે, તે બધાની સાથે વિચારવા માટે

મન, નિર્ણય કરવા માટે બુદ્ધિ અને એ નિર્ણયને યાદ
રાખવા માટે અંતઃકરણ મળ્યાં છે, તે લાભ જેવો તેવો નથી.
એ લાભ થવાની પાછળ આપણી જ આરાધના છે
અને બાકી કોઈની સહાય નથી, એમ નથી.
એ બધું મળવાની પાછળ
અનેકની સહાય, સત્કાર અને શુભેચ્છાઓ રહેલી છે.
છતાં તે બધાનો સ્વીકાર ન કરીએ એટલું જ નહિ, પણ
આટલી સામગ્રી મળવા છતાં તે બધાથી અજાણ રહીએ,
એ પણ એક ગુન્હો છે, અપરાધ છે.
એ અપરાધની શિક્ષા સામાન્ય નથી, મહાન છે.
એ ગુન્હાથી જીવ પોતે પાછો ન હઠે,
ત્યાં સુધી તેને મુક્તિમાર્ગના દરવાજા બંધ છે.
<u>જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ મુક્તિમાર્ગના દ્વાર છે.</u>
પોતાનો આત્મા મુક્તિમાર્ગ માટે લાયક છે કે કેમ એનું
ખરેખરું જ્ઞાન તો 'તે પોતે કૃતજ્ઞતા ગુણનો સ્વામી છે
કે નહિ' તેના જ્ઞાન ઉપર આધાર રાખે છે. જો કૃતજ્ઞતા
ગુણ ઉપર પોતે વિજય મેળવી શક્યો નથી, તો પોતે
નવીન ગુણોનું પાત્ર કે ભાજન બની શકે તેમ નથી, એટલું
સચોટ જ્ઞાન વિશિષ્ટ નિપુણમતિ વિના આવી શકતું નથી.

## પ્રાપ્ત ગુણોનો સદુપયોગ કરવાની ચાવી કોઈ હોય તો તે કૃતજ્ઞતા ગુણ છે.

તે ગુણના અભાવમાં પ્રાપ્ત ગુણો અહંકારનાં કારણ બને છે, સદુપયોગ થવાને બદલે તે બીજાઓને ત્રાસ આપવાના દુરુપયોગમાં મોટે ભાગે વપરાય છે. આવા અનર્થોથી બચાવી લેનાર એક કૃતજ્ઞતા ગુણ છે, તેથી તેનો સ્વીકાર કરવા માટે તત્પર થવું એ જ બુદ્ધિનું સાચું ફળ છે.

## લઘુકર્મિત્વ એ કોઈ વિભૂતિ નથી પણ ભાવના છે.

સકળ જીવલોકને સુખી કરવાની પ્રબળ ભાવના એજ લઘુકર્મિત્વનું બીજ છે, તેથી લઘુકર્મિત્વને પરમ વિભૂતિ કહેલ હોય તો તેનાં બીજરૂપ સકળ સત્ત્વ વિષયક પરમ સ્નેહરૂપી ભાવનાને જ પરમ વિભૂતિ તરીકે ઓળખવી અનિવાર્ય થઈ પડે છે. લઘુકર્મિત્વની એ ભાવના એટલી બધી શુભ હોય છે અને એ કલ્યાણી એટલી બધી બળવાન હોય છે કે તેની સામે સંસારવર્તી તમામ જીવોની સમકાળે અશુભ ભાવનાઓનું બળ એકત્ર કરીએ તો પણ એક તૃણવત્ બને છે. લઘુકર્મિત્વની શુભ ભાવનારૂપી અગ્નિની જ્વાળામાં પ્રતિપક્ષી અશુભ ભાવનારૂપી તૃણ કોટિ પણ ટકી શકતાં નથી.

વિશ્વની ઉત્ક્રાંતિ કરવા માટે સમર્થ એવા તીર્થંકરત્વની શુભ ભાવના સદાકાળ વિજયવંત છે. આપણે તો માત્ર તેના પ્રતિ કૃતજ્ઞ રહેવાનું અને તેની શુભ અસરોનો મન-વચન-કાયાથી સ્વીકાર કરવાનો છે. તેની શુભ અસર તળે સતત રહેવા માટે નિરંતર પ્રયાસ કરવાનો છે.

કાયોત્સર્ગની ક્રિયા અને તેમાં તીર્થંકર દેવોના
નામસહિત ઘણું સંકીર્તન એ એક પરમોચ્ચ ક્રિયા છે.

તે વડે જગત્ અદ્ભુત વિકાસને પામે છે,
અહંતા અને મમતા ઓગળી જાય છે,
કૃતજ્ઞતા અને પરાર્થતાની ઉદાત્તવૃત્તિઓ તેની ટોચે પહોંચે છે.
તેથી તે વારંવાર કરવાનું ફરમાન શાસ્ત્રકારોએ ઉપદેશ્યું છે.

ધર્મસહિત મનુષ્ય પણ જો આટલો ક્રૂર દેખાય છે,
તો ધર્મરહિત મનુષ્ય કેટલો ક્રૂર હોઈ શકે,
એ કલ્પના કરી લેવી જોઈએ.

'ધર્મની જગતમાં શી જરૂર છે?' એમ કહેનારો મનુષ્ય
'કાંટા ઉપર જેને ચાલવાનું છે તેને પગરખાંની શી જરૂર છે?'
એના જેવો જ પ્રશ્ન ઉભો કરનાર છે.

'આત્મા પરમાત્મા સમાન છે' એ વાક્ય જેટલું સાચું છે,
તેટલું જ સાચું આત્માને પરમાત્મરૂપે સમજાવનાર

પરમાત્માના સમાન આપણો આત્મા નહિ, કિન્તુ નિમ્નાદિ
હીન છે, નીચ છે, તેમનું ઋણ ચૂકવવાને માટે અસમર્થ
છે, એ વાત પણ છે. સર્વદિ સમાન છે પણ એટલી
કરુણા વર્ષાવનાર તીર્થંકરોના આત્માદિ સમાન નહિ,
કિન્તુ તેમનો ઋણ અને ઋણ ફેડવા માટે અસમર્થ કિંકરનો
પણ કિંકર છે, એ ભાવ જરા પણ જવો ન જોઈએ.

તેના આધારે જ લઘુકર્મિતા આવે છે.

લઘુકર્મિ આત્માને કૃતાત્મૈક્ય ધ્યાન ભાળવાયા થાય છે.
તીર્થંકરોને ત્રણ ભુવનના સ્વામી માન્યા સિવાય પોતે
ત્રણ ભુવનના અગ્રપદને પામવા માટે લાયક થઈ શકતો નથી.
'આત્મા પરમાત્મા છે' એ જ્ઞાનની જેમ 'પરમાત્મા આત્માના
અનંત ઉપકારી છે' એ ભક્તિ પણ એટલી જ જરૂરી છે.
જ્ઞાનથી અજ્ઞાનનો અને ભક્તિથી અહંકારનો નાશ થાય છે.
સત્કર્મથી ભક્તિની વૃદ્ધિ થાય ક્રમક્રમે તે ઋણથી છોડાવનાર છે.

ઋણ મુક્ત કરાવનાર કર્મયોગ છે.

અહંકારનો નાશ કરાવનાર ભક્તિયોગ છે.

અજ્ઞાનનું આવરણ હટાવનાર જ્ઞાનયોગ છે.

સત્કર્મ નિરાશંસભાવે - ભક્તિ નિરહંકારભાવે અને
જ્ઞાન એ અજ્ઞાનને હટાવવા માટે હોવું જોઈએ.

વિજ્ઞાન અને ધર્મનાં ક્ષેત્રો જુદાં છે,
તેથી તે બે વચ્ચે સમન્વય કરવાનો પ્રયાસ વ્યર્થ છે.
ધર્મનો વિષય જીવ, જગત અને ઈશ્વર છે. તે ત્રણેનું
સ્વરૂપ અને પરસ્પરનો સંબંધ નક્કી કરવો તે છે.
વિજ્ઞાનનો વિષય સ્થૂળ જગત છે.
તેને જીવ અને ઈશ્વરની સાથે સંબંધ નથી.
મનુષ્યના સ્વભાવમાં રહેલા રાગ-દ્વેષનો નાશ કરવાના
ઉપાયોની સત્યતા ઉપર ધર્મની સત્યતાનો આધાર છે.
વિજ્ઞાન મનુષ્ય સ્વભાવને સુધારવા માટે નહિ પણ સુખને
વધારવા માટે છે, તેથી બંનેનાં ક્ષેત્ર સર્વથા ભિન્ન છે.
જેમ લોખંડનું સ્થૂળ સ્વરૂપ વિશિષ્ટ કાર્ય કરવા માટે
સામર્થ્યવિહીન છે, પણ તે જ લોખંડને કાપીને જુદા-જુદા
સ્ક્રુ, કમાન કે હથિયાર બનાવવાથી વિશિષ્ટ કાર્યક્ષમ બને,
તેમ માતૃકાના અક્ષરોને પણ જુદા-જુદા ઇષ્ટદેવતાના નામ
રૂપે યોજવાથી વિશિષ્ટ વિશિષ્ટ કાર્ય શક્તિવાળા બને છે.
આ નમસ્કાર મહામંત્રની શક્તિ સૌથી અધિક છે, તેનું
કારણ અક્ષરોની વિશિષ્ટ યોજના છે. તેનાથી મહામંત્રના
અક્ષરોને યાદ કરતાં માત્ર યાદ કરનારનું મન ત્રિ
ભુવનને પૂજનીય સર્વ પદાર્થોમાં વ્યાપી જાય છે.

o મોક્ષાર્થીએ કર્મશત્રુનો ઉચ્છેદ કરવા શૂર બનવું.

તપ કર્મ કરવા વીર બનવું.

પરિષહો સહવા ધીર બનવું,

રાગાદિ - ક્રોધાદિ નિવારવા ગંભીર બનવું,

સંયમપાલન કરવા સ્થિર બનવું,

ઉપસર્ગો સહન કરવા નિર્ભય બનવું,

ઇંદ્રિય વર્ગથી નિશ્ચિન્ત થવું

અને ધ્યાનમાં નિષ્પ્રકંપ રહેવું.

अंतःकारावच्छिन्ना 'अहं' कारादिदोष-दुष्टा दृष्टिः घृणा।

અર્થાત્ અંતઃકરણથી અને

અહંકારાદિ દોષોથી થતી દુષ્ટ દૃષ્ટિને 'ઘૃણા' કહેવાય છે.

દેહદૃષ્ટિથી ઘૃણા, આત્મદૃષ્ટિથી સ્નેહ ઉપજે છે.

સ્નેહ જીવનને ઉત્પન્ન કરે છે.

વ્યક્તિગત સ્નેહ કરતાં સમષ્ટિગત સ્નેહ

અધિક જીવનરસ દ્રવ્યને પેદા કરે છે.

એ દ્રવ્ય દ્વારા જગતનું અધિક હિત થઈ શકે છે.

o ઈશ્વર અને મનુષ્યમાં સમાનતા શું?

જાણવું, જોવું, ચાહવું, સર્વવ્યાપી થવું,

બધાંની સાથે અભેદનો અનુભવ કરવો તે.

ઈશ્વરાર્પણ બુદ્ધિથી થતું પ્રત્યેક કર્મ જીવને બંધનથી મુક્ત કરે છે. તેમાં સ્ખલનનો કે પતનનો ભય નથી. કર્મ તો પ્રત્યેક જીવને થવા જ કરતું રહેવું છે. માત્ર તેમાં કર્તૃત્વબુદ્ધિ અને કર્મફળ-ભોક્તૃત્વબુદ્ધિનો નાશ કરવાનો છે. કર્તૃત્વ અને ભોક્તૃત્વ ઈશ્વરને સમર્પણ કરવાનું છે.

અહીં 'ઈશ્વર' એટલે અંતરાત્મા, પરમાત્મા.

કર્મનો કરનાર પોતે નથી પણ અંતરાત્માનો પ્રેર્યો કરે છે.

અંતરાત્માને પ્રેરનાર પરમાત્મા છે.

દૃશ્ય સંયોગો ઉપરાંત જીવ કોઈ અદૃશ્ય સંયોગોને આધીન થઈને પ્રત્યેક કર્મ કરે છે, એ જ જીવનું અકર્તૃત્વ છે.

વળી કર્મફળનો ભોગવટો પણ પોતાને તો જ થાય,

કે જો તેમાં રાગ-દ્વેષ કરે.

કર્મને રોકવી શક્ય નથી. કર્મ અબાધ સર્વસમાન છે.

કર્મ પોતાના નિયમે કામ કરે અને ફળ આપે છે. એમાં પોતાને હર્ષ-શોક કરવાપણું રહે છે જ ક્યાં? માત્ર એ નિયમનું પાલન કરવાનું રહે છે ને એ નિયમની અદ્ભુતતાના આશ્ચર્યનો રસાસ્વાદ અનુભવવાનો રહે છે. અહંકાર અને તજ્જનિત રાગ-દ્વેષનો નાશ કરવાનો સરળ ઉપાય ઈશ્વરાર્પણ બુદ્ધિ છે. તે કર્મના કર્તૃત્વનું અને

કર્મફળના ભોક્તૃત્વનું વિષ સંપૂર્ણપણે હરી લે છે અને
ઈશ્વર પ્રણિધાનથી પ્રતિપક્ષમાં અમૃતનું સિંચન કરે છે.
પ્રત્યેક કર્મ તેને કર્મબંધનમાંથી મુક્તિ અપાવનાર થાય છે.

જે કર્મબંધનનું કારણ હતું,
તે જ કર્મમુક્તિનો હેતુ થાય છે.

જ્ઞાનની અપ્રાપ્યકારિતા અને શાસ્ત્રની અવિસંવાદિતા વડે
વીતરાગ સર્વજ્ઞ પુરુષોની સત્તા અનુમાનથી સાબિત થાય છે.
વસ્ત્રનો મેલ, વાસણનો કાટ, સૂર્યનું વાદળ જે સામગ્રીથી
ઓછા-વધતા અંશે દૂર થાય છે, તે જ સામગ્રી પરિપૂર્ણ મળે
તો સર્વથા પણ નાશ પામે છે. પરિમાણનું બીજ આકાશમાં
તેમ પ્રકર્ષનું પ્રતિષ્ઠાન કોઈક જગ્યાએ અવશ્ય થાય છે.
એ જ સર્વજ્ઞતાની સિદ્ધિને કરે છે. દોષોની હાનિ અને
આવરણના વિલયનું તારતમ્ય વીતરાગતાની અને બુદ્ધિનું
તારતમ્ય જ્ઞાનની અપ્રાપ્યકારિતા - શાસ્ત્રની અવિસંવાદિતા
એ સર્વજ્ઞતાની સાબિતી છે.

દરેક માણસે પોતામાં જે સારું છે,
તે બીજા ઉપર લાદવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.
તેમાં બીજાનું ભલું કરવા કરતાં
પોતાનો અહંભાવ પોષવાનું તત્ત્વ વધારે છે.

આપણે જેને સારું માનતા હોઈએ, તે લાગતા-વળગતાઓને
કદાચ એટલું સારું ન પણ લાગતું હોય.

'પોતાની રીતે જીવો અને સૌને તેમની રીતે જીવવા દો'
એ સુખી થવાનો સરળ રસ્તો છે.

બીજાઓ આપણા વિષે શું ધારે છે,
તેનું જરા પણ મહત્ત્વ નથી.
તેઓ આપણા માટે શું કરે છે,
તેનું પણ કાંઈ મહત્ત્વ નથી.
બીજાઓ માટે આપણા મનમાં શું પડ્યું છે અને
તેઓ માટે આપણે કેટલું કરીએ છીએ તે જ મહત્ત્વનું છે.

નવકારરૂપી ધનુષ્ય બાણ

'નમો' એ ધનુષ્ય, આત્મા એ બાણ અને
અરિહંત એ લક્ષ્ય છે.
આપણે અપ્રમત્ત બનીને
નવકારરૂપી ધનુષ્ય વડે આત્મપ્રયત્નરૂપી બાણથી
પરમેષ્ઠિરૂપી લક્ષ્યને વીંધવું જોઈએ.
લક્ષ્ય સ્વરૂપ બનવું જોઈએ.

ગુરૂને ઉત્તરારણિ અને શિષ્યને અધરારણિની ઉપમા છે.
એ બંનેના યોગ્ય સંપર્કથી જ્ઞાનવિદ્યારૂપી અગ્નિ પેદા થાય છે.

ચિત્તરૂપી સરોવરમાં વિષયોનું પ્રતિબિંબ પડે છે, તેથી સંકલ્પ-વિકલ્પરૂપી તરંગો પેદા થાય છે તથા રજોગુણ અને તમોગુણના મિશ્રણરૂપી રાગ-દ્વેષનું કીચડ બને છે.

આત્મદર્શન થવાથી વૃત્તિઓના ભાવનું ઔદયિકપણું, મિથ્યાપણું અને આત્મભાવનું સત્યપણું - નિત્યપણું ચિત્ત પર ચમકે છે, તેથી મિથ્યાભાવ - વિપરીત ભાવના બંધનની નિવૃત્તિ થાય છે. 'મુદ્રાતિ ઇતિ મુદ્રા |' અર્થાત્ જે ક્રિયા જીવના પ્રભુઆત્માને આનંદપ્રદાન કરે તે 'મુદ્રા'.

o વિજય પ્રાપ્ત કરવાનું રહસ્ય: યથાર્થ અને સ્પષ્ટધ્યાન સચિત્ર રચવું, તેની દૃઢ ભાવના કરવી, તે છે.

o પ્રાણવાયુ સ્થિર થયા વિના
ત્રિકાળમાં પણ મન સ્થિર થતું નથી.

આસનની સ્થિરતાથી પ્રાણવાયુની ગતિ સ્થિર થાય છે. મૌન અને શાંત અવસ્થામાં જ વિશ્વનું રહસ્ય સમજાય છે. ભોગ અવસ્થામાં તે રહસ્યો સમજવા તે અસંભવ છે.

o શબ્દમાં અર્થને કહેવાની શક્તિ છે.
રૂપમાં ભોગીઓને ખેંચવાની શક્તિ છે.
શબ્દમાં અર્થને બતાવવાના સામર્થ્યને તથા રૂપમાં ભોગીઓને આકર્ષવાના સામર્થ્યને 'શક્તિ' કહે છે.

એ રીતે શબ્દમાં અને રૂપમાં અચિન્ત્યશક્તિ રહેલી છે. મિથ્યા અને કલ્પિત નામ-રૂપ પ્રત્યે અવિદ્યા ને મોહજનિત આકર્ષણને નિવારવાની શક્તિ પરમેશ્વરના નામ-રૂપમાં રહેલી છે, તેથી તેનો વારંવાર આશ્રય લેવાનું વિધાન છે.

o કૃતજ્ઞતાગુણના મૂળમાં અને ફળમાં પણ પરોપકાર છે. એ જ રીતે પરોપકારના મૂળ અને ફળમાં પણ કૃતજ્ઞતા છે. બીજાઓએ કરેલા ઉપકારનો પ્રત્યુપકાર એ કૃતજ્ઞતા છે. કૃતજ્ઞતાગુણનું પાલન કરતી વખતે પરોપકારગુણની વૃદ્ધિ થાય છે. તેવી જ રીતે પરોપકારનું બીજ પણ કૃતજ્ઞતા અને ફળ પણ કૃતજ્ઞતાગુણની જ સિદ્ધિ છે.

मंत्रार्थं मंत्र चैतन्यं,
योनि मुद्रां न वेत्ति यः ।
न तस्य जायते सिद्धिः,
कल्पकोटि शतादपि ॥

અર્થઃ મંત્રના અર્થને, મંત્ર ચૈતન્યને,
યોનિમુદ્રાને જે જાણતા નથી,
તેને સેંકડો-કરોડો વર્ષે ય સિદ્ધિ ન થાય.

મંત્રાર્થ = રૂપસ્થ ધ્યાન, મંત્રચૈતન્ય = પદસ્થ ધ્યાન
યોનિમુદ્રા = પિંડસ્થ ધ્યાન, સિદ્ધિ = રૂપાતીત ધ્યાન

જપાત્ ધ્યાનં વિશિષ્યતે, જપાત્ શતગુણં ધ્યાનં ।
ષણ્માસં વા ત્રિમાસં વા, વર્ષાન્તે સિદ્ધિમાપ્નુયાત્ ।
(પરિશિષ્ટ-૬)

સર્વજીવનું ઇચ્છો સુખ, મહાવીરની એ મુખ્ય શીખ.
'સર્વ જીવ છે સિદ્ધ સમ' એમ જે સમજે તે થાય સિદ્ધ.
એમાં સદ્‌ગુરુ આજ્ઞા-જિનદશા-નિમિત્ત કારણ હોય.
દેશ, કાલ, ક્રિયા, વસ્તુ, વ્યક્તિ, અવસ્થા, પરિસ્થિતિ, ઘટના
ક્યાંય તત્ત્વદર્શન નહિ,
આ બધાં તો આવીને જતા રહેવાવાળા છે.
સત્ તો ત્રિકાળાબાધિત છે, તે કેવી રીતે પ્રાપ્ત થાય?
નિત્ય પ્રાપ્ત છે તેની નવી પ્રાપ્તિ?
(૧) જે અસત્ છે તેના સત્તાભાવનો ત્યાગ કરવો.
(૨) અસત્‌ને 'અસત્' માનવું એ પણ સત્ય જ છે.
(3) શાસ્ત્રકાર મહર્ષિઓએ લખ્યું છે કે:
મનોગુપ્તિથી સત્યનો અનુભવ થશે.

o મન્ત્રાણાં ચિન્તાદ્ દેવિ સ'મનુર્દેવતા સ્વયં ।
ધ્યાને દર્શનં દત્ત્વા પુનર્મન્ત્રેષુ લીયતે ॥૧॥
એવં પુનઃ પુનર્મન્ત્રો દેવતા ચ પુનઃ પુનઃ ।
આવિર્ભાવ-તિરોભાવો જાયતે સ'મનુઃ સ્વયં ॥૨॥
(પરિશિષ્ટ-૭)

## બુદ્ધિ અને શ્રદ્ધાનું રહસ્ય

અંધ અશ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધા સારી છે.
અભવ્ય કરતાં મિથ્યાદૃષ્ટિ ઉંચો છે.
અંધશ્રદ્ધાને અભાવ કરીને અશ્રદ્ધાને
ઉત્તેજન આપવાનો પ્રયાસ કોઈપણ રીતે હિતકારક નથી.
અશ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધા હજારગુણા સારી છે,
કેમકે તે દેવ, ગુરુ અને ધર્મતત્ત્વ ઉપર છે.
આંતરજગતમાં પ્રવેશવાનું દ્વાર શ્રદ્ધા છે પણ બુદ્ધિ નહિ.
બુદ્ધિ વડે બોધ થાય તો પણ બાહ્યજગતનો થાય.
આંતરજગતનો બોધ થવા માટે તો
બાહ્યજગત ઉપરની લાગણી કે શ્રદ્ધા જવા જોઈએ અને
આંતરજગત ઉપરની શ્રદ્ધા કે લાગણી જાગવા જોઈએ.
એ લાગણી જ આંતરજગતનો બોધ કરાવી શકે છે.
બાહ્યજગત ઉપર લાગણી છે માટે જ બુદ્ધિ વડે તેનો બોધ
કરવાનો પ્રયાસ થાય છે. એ લાગણી અનાદિ મોહાભ્યાસથી
વિના પ્રયત્ને મળેલી છે, તેથી બુદ્ધિ તે તરફ ખેંચાય છે.
બુદ્ધિને આંતરજગત તરફ ખેંચવા માટે તેના તરફ લાગણી
પેદા થવા જોઈએ. રુચિ અને શ્રદ્ધા પણ જાગવા જોઈએ
અને તે બાહ્યજગતની અસારતાના ભાનથી જાગે છે.

બાહ્યજગત જ એ સંસાર, મિથ્યા અને કલ્પિત છે,
તો પછી તેને જાણવા માટે વપરાતી બુદ્ધિ પણ સંસાર જ છે.
બુદ્ધિને સારભૂત બનાવનાર આંતરજગતની લાગણી છે.
એ લાગણી જેઓમાં જાગી છે, તેઓના સુદૃઢ આલંબનથી જ,
તેમને સર્વશ્રેષ્ઠ તરીકે સ્વીકારવાથી એ લાગણી જાગે.

૦ જીવત્વ-સિદ્ધત્વ-તીર્થંકરત્વ-સાધુત્વ.

ગુરુ-પરમગુરુ-અદૃશ્યગુરુ-અનંતગુરુ-અનંતાનંતગુરુ.
અનંતાનંતગુરુ = જીવરાશિ, અનંતગુરુ = સિદ્ધ પરમાત્મા,
પરમગુરુ = અરિહંત પરમાત્મા,
અદૃશ્યગુરુ = અન્ય અજ્ઞાત આત્માઓ.

પરપીડા પરિહારી ને પીડાકારી ઉપર ઉપકારી આપણ
જેવા ઋષિપુરુષોની જગત ઉપર સૌથી મોટી દેન છે:
(૧) પોતે કોઈને પીડા કરે નહિ.
(૨) અપકારી ઉપર પણ ઉપકાર કરનાર.
(૩) નિષ્કારણ કોઈનો પણ અપકાર ન કરનાર.
(૪) સંબંધમાં આવનાર મનુષ્યમાત્રના હિતચિંતક.
(૫) અહિત ચિંતવનારનું પણ હિતચિંતન કરનાર.
(૬) કોઈ પીડા કરે તો પણ તેને પીડા કરનાર તરીકે ગણે નહિ.
(૭) માર્ગાનુસારિત્વ, સૌજન્ય અને કૃતજ્ઞત્વ ધરાવનાર.

મયણા- સતીત્વ, સમ્યગ્દૃષ્ટિ, સ્વસુખની પરવા ન કરનાર અને સર્વ જીવરાશિના સુખની ચિંતા કરનાર સતી.

ધર્મિત્વ જીવરાશિ સાથેના ઉચિત વ્યવહારમાં જ છે.

તીર્થંકરત્વ - શુભૌદયિકભાવ, સિદ્ધત્વ - શુદ્ધક્ષાયિકભાવ.

સાધુત્વ - ક્ષાયોપશમિકભાવ, જીવત્વ - પારિણામિકભાવ.

તીર્થંકર અને સિદ્ધત્વ પ્રત્યે પૂજ્યપણાનો,

આચાર્ય - ઉપાધ્યાય - સાધુ પ્રત્યે વંદનીયત્વનો,

સર્વ જીવરાશિ પ્રત્યે મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યનો,

જીવત્વ પ્રત્યે તથા પારિણામિકભાવ પ્રત્યે મૈત્રીભાવ,

ક્ષાયોપશમિકભાવ - શુભૌદયિકભાવ પ્રત્યે પ્રમોદભાવ,

ક્ષાયિકભાવ પ્રત્યે સર્વસમર્પણભાવ રાખવો.

સર્વવિરતિની અભિલાષા વિના શ્રાવકપણું ન હોય.

સર્વજીવરાશિની હિતચિંતા વિના જૈનપણું ન હોય.

સર્વજીવોનું કલ્યાણ ઇચ્છવું ઉત્તમ છે, પરન્તુ સર્વોત્તમ છે સર્વ જિનેશ્વરો અને તેમના શાસનનો જય ઇચ્છવો.

શાસનના જયમાં સર્વ જીવોના કલ્યાણની ભાવનાનો જય છે.

अपि च - उदयक्षयक्षयोपशमोपशमाः कर्मणां भवन्त्यत्र।

द्रव्यं क्षेत्रं कालं भावं भवं च संप्राप्य ॥७॥

- યોગશાસ્ત્ર ૧૦ પ્રકાશ પૃ-૩૭૮ (परिशिष्ट-८)

સર્વ જીવોના કલ્યાણની તીવ્ર ભાવના સહિત
શ્રી જિનેશ્વર દેવોનું શાસન છે.
તેનો જય ઇચ્છનાર સર્વજીવોના કલ્યાણની ઇચ્છાને જ
પોતાની ઇચ્છા વડે ટેકો આપે છે, સમર્થન કરે છે.
એક જીવ સ્વતંત્રપણે સર્વજીવોના કલ્યાણની ઇચ્છા કરે
તેમાં તે બળ આવતું નથી કે જે બળ
શ્રી જિનેશ્વર દેવો અને શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો
સર્વજીવોના કલ્યાણની ઉત્કૃષ્ટતમ ભાવના સેવે છે,
તેના ટેકામાં પોતાની ભાવનાને સમાવી દેવામાં આવે છે.
છુટું છુટું દાન કરવા કરતાં ફાળો એકત્ર કરીને
એકઠી કરેલી રકમ વડે મોટું કાર્ય થાય છે,
તેમ જુદી જુદી કલ્યાણની સ્વતંત્ર ઇચ્છાઓ કરવા કરતાં
જેઓ સૌથી અધિકપણે કરી રહ્યા છે, તેઓના સમર્થનમાં
પોતાની ઇચ્છાને સમાવી દેવા સહિત વધુ શ્રેષ્ઠ છે.
કેળને ફૂલ આવ્યા બાદ આપમેળે ઊખડી જાય છે.
કપૂરને સળગાવતાં કપૂરને બાળી
અગ્નિ આપોઆપ શાંત થઈ જાય છે.
પુણ્યનાં કાર્યો પણ પાપને બાળી આપોઆપ ચાલ્યા જાય છે.
કાળી ગાયનું દૂધ દૂધ છે, ભૂરી ગાયનું દૂધ કાંઈ નીર નથી,

દહીંનું ઘી પણ ઘી છે, માખણનું ઘી પણ ઘી છે.

વિશ્વમાં વાસ કરનારાઓમાં ભાવ તે જ વિશ્વાસ.

જગતમાં માતા-પિતા જુદાં હોય છે,
છતાં ભગવાન બધાનાં એક જ માતા-પિતા બને છે.
જેવી ભક્તિ કરે તેવું ફળ મળે, ન ભજનારને ન મળે.
ભક્તની ભવ(ભાવ) લીધા વિના ભગવાન કોઈને મારતા નથી
એટલે તે પણ નિષ્કામ નથી, કિન્તુ સર્વથી અધિક ભોળા છે.
ભાગવતધર્મમાં મુક્ત, મુમુક્ષુ, વિષયી સર્વને શાંતિ મળે છે.

એકોઽહં બહુસ્યામ્ । એકમેવાઽદ્વિતીયમ્ ।
અર્થાત્ એકલો પણ હું ઘણામાં છું. હું એક અદ્વિતીય છું.

મોહ સ્વ-પર ભેદ ગાળી જઈને પરાર્થ એ જ સ્વાર્થ બને છે.
પરાર્થને સ્વાર્થ બનાવ્યા વિના સ્વાર્થ સરતો જ નથી.
પરનું કાર્ય પરનું માનવાથી અને સ્વનું ન માનવાથી
સ્વાર્થવૃત્તિ પોષાય છે. પરનું કાર્ય સ્વનું માનવાથી અને
પરનું ન માનવાથી જ સ્વાર્થવૃત્તિનો વિલય થાય છે.
'પરનું કરવાથી સ્વનું જ થાય છે' એ નિશ્ચયનો મત છે.
'સ્વનું કરવા પરનું કરવું જ જોઈએ' એ વ્યવહારનો મત છે.

અદ્વૈતભાવનું વિશ્લેષણ કરતાં
મૈત્રી આદિ ભાવો જ આપણને ઉભા રહે છે.

(૧) બીજાનું સુખ પોતાનું માને તો મૈત્રીભાવ જાગે.
(૨) બીજાનું દુઃખ પોતાનું માને તો કરુણાભાવ જાગે.
(૩) બીજાના ગુણ પોતાના માને તો પ્રમોદભાવ જાગે.
(૪) બીજાના દોષ પોતાના માને તો ઉપેક્ષાભાવ જાગે.

૦ પૃથ્વી જેમ તમામ જડ પદાર્થોને ગુરુત્વાકર્ષણથી જકડી રાખે છે, તેવી જ રીતે આપણા આત્માને આ દેહે પોતાનામાં જકડી રાખે છે. તેને છોડાવવાનો ઉપાય તપ છે. તપ એ વાતની સાબિતી છે કે આત્મા દેહનો નહિ, પણ આત્માની આસ્થામાં છે. નવકાર મંત્ર એ સામાયિક-અભ્યંતર તપ છે. કાયાની માયા તૂટે, જીવોની માયા બંધાય એ આત્મૌપમ્યભાવ અને વર્તમાનની મુક્તિ છે. વર્તુળાત્મક વિચારોની શૃંખલા તોડી શબ્દબ્રહ્મરૂપી નવકારમંત્રના અક્ષરો પરબ્રહ્મના અનુભવના દ્વાર પાસે આપણને લઈ જાય છે અને તેનાથી રૂપાતીત અવસ્થાનું ધ્યાન સહજ બને છે.

૦

To know all beings as living beings & to act according to that knowledge. These are શ્રુત, સમ્યક્ત્વ, દેશ, and સર્વવિરતિ. The way of unperturbed thing means 'Syadvad.'

'આત્મવત્ સર્વભૂતેષુ' એ સૂત્ર સ્યાદ્વાદનું મૂળ છે. Practical સ્યાદ્વાદ, જીવનસ્પર્શી સ્યાદ્વાદ તે છે કે જેમાં બાળકોના વિચારો પ્રત્યે તેટલી જ સહાનુભૂતિ રહે જેટલી બાળકોના સુખ-દુઃખ પ્રત્યે બતાવવાની છે. સુખ-દુઃખ કરતાં પણ માણસને પોતાના વિચારો પ્રત્યે વધુ મમત્વ છે. આપણને આપણા સત્ય વિચારો પ્રત્યે જેટલો આદર હોય, તેટલો જ આદર બાળકોને પણ પોતાના સત્ય અભિપ્રાયો પ્રત્યે હોય. તેથી બાળકના સત્ય વિચારો પ્રત્યે તેટલો જ આદર બતાવવો કે જેટલો આપણા સત્ય વિચારો પ્રત્યે હોય. તેનું જ નામ 'જીવનસ્પર્શી સ્યાદ્વાદ' અથવા જીવન જીવવા માટેનો સ્યાદ્વાદ છે.

જે સ્યાદ્વાદ જીવનમાં જીવવા માટે નથી,
તે સ્યાદ્વાદ માત્ર વાણીવિલાસરૂપ થઈ રહે છે.
દરેકને પોતાના વિચારો પ્રત્યે માન હોય છે,
તેથી સ્યાદ્વાદી દરેકના સત્ય વિચારોને
પોતાના વિચારો જેટલું જ માન આપે છે અને
પોતાના અસત્ય વિચારોને બાળકના અસત્ય વિચારો
જેવા જ નગણ્ય અને નિરર્થક ગણે છે, ત્યાજ્ય માને છે.
આવી વૃત્તિવાળો જ જીવનમાં સાચું સામાયિક જીવી શકે.

ચિત્તની સાથે સમાધિ મેળવી શકે અને આપી શકે.

પરહિત એ જ નિજહિત સમજવું.

પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું.

## ૪ ઉત્તમ ધર્મ

(૧) પરપીડાનું વર્જન (૨) પરોપકાર વ્યસન

(૩) ગુરુ-દેવાદિ પૂજન (૪) પાપીના પણ અનુકંપા.

આ ઉત્તમ ધર્મ મહાજનોએ આચર્યો છે, દર્શાવ્યો છે.

એને અનુસરવું એ યથાન્યાય વર્તન છે.

ગુરુ, દેવતા, વિપ્રો અને યતિજનો એટલે કે સર્વ મહાત્માઓ.
તેઓ સારા પ્રયત્નવાળા આત્માપ્રધાન ચિત્તથી પૂજનીય છે.
વિપ્ર = વિદ્યા વડે પ્રકૃષ્ટ, વિદ્યાપ્રકર્ષને પામેલા આત્મા.

Comprehensive and collective understanding એટલે કે અનંત ધર્માત્મક અખંડ વસ્તુતત્ત્વનું સમગ્રપણે ગ્રહણ સ્યાદ્વાદ વડે જ થાય છે.
વસ્તુમાં રહેલ વસ્તુત્વનું સાધક એવું પરસ્પર વિરુદ્ધ
જે શક્તિનું પ્રકાશન તે 'અનેકાંત' છે.

परमागमस्य जीवं निषिद्ध-जात्यन्ध-सिन्धुर-विधानं ।
सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकान्तम् ॥

(પરિશિષ્ટ-૯)

અનેકાંત એ રીતે ઉદાર, ગંભીર અને સર્વગ્રાહી છે.
તે ભિન્નભિન્ન નય - અપેક્ષાઓને લક્ષમાં રાખી જુદાજુદા
દૃષ્ટિબિંદુથી સમગ્ર - સંપૂર્ણ વસ્તુનું સ્વરૂપ તપાસે છે,
તેથી પરસ્પર કલહ કરતા નયોની તકરારનો અંત આવે છે
અને કોઈપણ પ્રકારના મતાગ્રહને ઉભવાનું સ્થાન રહેતું નથી.

અનેકાંત વિના તત્ત્વવ્યવસ્થા છે જ નહિ.

અનેકાંત વડે અનંત ધર્માત્મક અખંડ વસ્તુતત્ત્વનું
સંપૂર્ણપણે - સમગ્ર ગ્રહણ થાય છે.

ધર્મોમાં ધર્મ અનંતા છે, છતાં વસ્તુ એક અને અખંડ છે.
એ રીતે સમગ્રપણે વસ્તુતત્ત્વની સમજણ થવા
એજ બોધનું સૂક્ષ્મપણું છે.

o પોતાના સુખ - દુઃખને માટે પોતે પરિશ્રમ કરે,
તો પોતે સદાકાળ દુઃખી જ છે.

બીજાના સુખ-દુઃખને પોતાના માની તેને માટે પરિશ્રમ કરે,
તે સદાકાળ પ્રેમલક્ષણા અમૃતના પાનથી સુખી જ થાય છે.

સુખ સુખમાં નહિ પણ પ્રેમમાં છે.

પ્રેમ એજ આનંદ અને સુખનો અપર પર્યાય છે.

પ્રેમને છોડીને બીજામાં સુખને શોધનાર હંમેશા દુઃખી જ છે.

પ્રેમનો અભાવ એ દુઃખ - પ્રેમ એટલે અભેદભાવ.

પ્રેમ ક્ષમા ઉપર થાય અને ક્ષમાના પ્રિય ઉપર થાય.
અર્હંને છજીવને ભાવ નિગોદાદિ આદિક સકલજગ
પ્રત્યેના ક્ષમા છે જ નહિ, તેથી જ અર્હં ઉપર પ્રેમ અને
એ ક્ષમા આર્હંના પ્રિય એવા સકલ જંતુઓ પ્રત્યે પ્રેમ
એ જ અમૃત, સુખ અને આનંદનો રૂપ છે.
જેને આનંદ-સુખ જોઈએ તેણે પ્રેમનો પ્યાલો પીવો જોઈએ.
જગમાત્ર પ્રત્યે અભેદભાવ કેળવવો જોઈએ.
અભેદભાવ = પ્રેમનો ભંડાર, ભેદભાવ = દુઃખ - દ્વેષ.
એમાંથી જ બધા ભય પેદા થાય છે.
ભયનું કારણ ભેદ, દ્વેષનું કારણ ભેદ, ખેદનું કારણ ભેદ.
અભેદ જ ભય, દ્વેષ અને ખેદનું નિવારણ છે.
પોતાના જેટલી જ સર્વના સુખ-હિત-કલ્યાણની ચાહના
ન આવે ત્યાં સુધી ભય, દ્વેષ, ખેદ, ઉદ્વેગ ટળે જ નહિ.
પ્રભુ અભય, અદ્વેષ અને અખેદને આપનારા છે,
કેમકે પોતે ભય, દ્વેષ અને ખેદથી પર રહી
અભય, અદ્વેષ અને અખેદથી ભરેલા છે.
સર્વજીવો પ્રત્યે અભેદભાવને ધારણ કરવાથી જ પ્રભુ
ભય, દ્વેષ અને ખેદને જીતી ગયા છે. ભક્તિ, કરુણા,
વાત્સલ્ય વગેરે શબ્દો કરતાં 'પ્રેમ' શબ્દ વિશેષતાસૂચક છે.

આસો વદી ૨-૩-૪

સામાયિકમાં સર્વ યોગમાર્ગોનો સંગ્રહ છે.
સ્થાન, મૌન, ધ્યાન એ જૈનમાર્ગની સાધનાના મુખ્ય વિષયો છે.
મન - વચન - કાયાના યોગો ઉપર કાબુ અને તે માટે
તેમની સમ્યક્ પ્રવૃત્તિ એ સમિતિ-ગુપ્તિરૂપ સામાયિકધર્મ
વડે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, વિભૂતિ એમ સર્વનો
વિકાસ થાય છે. સામાયિક વડે સમત્વ વધવું જોઈએ.
સમત્વ સર્વ જીવાજીવ વિષયક જેમ જેમ વધતું જાય,
તેમ તેમ અવધિ - મનઃપર્યવ આદિ અતીન્દ્રિય જ્ઞાન,
વિશ્વાત્મભાવ, ચારિત્રબળ અને તે વડે
સર્વનું કલ્યાણ કરવાની શક્તિ વધવી જોઈએ.

૫ પ્રકારે સામાયિક

શ્રુત સામાયિક - સર્વ આત્માને આત્મત્વેન સમાન જાણવા.
સમ્યક્ત્વ સામાયિક - સર્વને સમાન સદ્દહવા.
દેશવિરતિ સામાયિક - સર્વને નિષ્કારણ અપીડવા.
સર્વવિરતિ સામાયિક - સર્વને સર્વદા, અપીડવા,
સર્વને સુખ આપવાની પ્રવૃત્તિ કરવી.
સમતા સામાયિક - સર્વ પ્રત્યેની આત્મતુલ્યવૃત્તિને કારણે
સર્વને દુઃખ આપવાની પ્રવૃત્તિ વર્જવી.

કરેમિ સામાઈયં = બધા પ્રત્યે મૈત્રી ધારણા કરવી.
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ = પરપીડાને સ્વપીડા ગણી વર્તવું.
જાવ નિયમં પજ્જુવાસામિ = બે ઘડી અન્ય કાર્ય છોડીને
પર્યુપાસના, સમસ્ત પ્રકારે આત્મોપાસના કરવાની છે.

આત્મગુણમાં વૃદ્ધિ થાય તે રીતે
દેવની, ગુરુની અને
સમગ્ર વિશ્વની ઉપાસના કરવાની છે.
દેહાત્મભાવમાંથી છુટી જઈને
વિશ્વાત્મભાવમાં જવાથી
સર્વ લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રગટે છે.
તેના પરિણામે શ્રદ્ધાદિ ગુણો પણ સુદૃઢ થતા જાય છે.
સામાયિક ધર્મમાં બાકી બધા જ ધર્મો સમાઈ જાય છે.
સામાયિકના ૮ પર્યાય અને
પ્રત્યેક પર્યાયને સમજાવવા માટેના દૃષ્ટાંતો શાસ્ત્રોમાં છે.
તેને વિસ્તારવાથી છેલ્લામાં છેલ્લા
આધ્યાત્મિક વિચારોનો તેમાં સંગ્રહ થઈ જાય છે.

o

*A good beginning is half the business and to have begun well is praised by all.*

## ૪ ચતુર વિચારો

(૧) 'વિશ્વનું કલ્યાણ થાઓ'
એ ભાવનાને
Active and Dynamic
બનાવવા હોય તો
વિશ્વનું કલ્યાણ
સદાકાળ ભાવી રહેલા અને કરી રહેલા
પરમતત્ત્વોનો વિજય થાઓ એ ભાવના કર્તવ્ય છે.
એની જોડકી ભાગ છે.
'સર્વનું કલ્યાણ થાઓ'
એ ભાવના વિશ્વમાં જયવંત છે.
તેનું સમર્થન કરવાથી
આપણી આત્મશક્તિ સતેજ થાય છે.
વિશ્વનું ભૌતિક કલ્યાણ ઈચ્છવું એ
કલ્યાણની ભાવના નથી, કેમકે
તેની પાછળ સ્વાર્થ ભરેલું છે.
આધ્યાત્મિક કલ્યાણની ભાવના એ જ જ્ઞાનસહિત છે.
વિશ્વકલ્યાણની ભાવના કર્યા સિવાય
ક્યારેય કોઈ સિદ્ધગતિ તરફ પ્રયાણ કરી શકે નહિ.

(૨) બુદ્ધના નિર્વાણમાં અને Extinctionની
કલ્પના મુજબ છે, તેમ જૈનના વીતરાગતામાં પણ
મૈત્ર્યાદિ ભાવનાઓનું અહીં extinction થતું હોય
તેવો ભાસ થાય છે, પણ તે ભાસ બરોબર નથી.
નિર્વાણમાં અને શુદ્ધ આત્મા તેની perfect & pure
શક્તિઓ સહિત વિદ્યમાન છે, તેમ વીતરાગતામાં
perfect & pure મૈત્ર્યાદિભાવોનું કાર્ય વિદ્યમાન છે.
તેનું multiplication થાય છે.
'વીતરાગ વિશ્વનું કલ્યાણ કરે છે;'
તેમ કહેવું સત્ય નથી તેમ અસત્ય પણ નથી.
'વીતરાગ કલ્યાણ નથી કરતા;' એમ કહેવું અસત્ય છે.
(૩) વિષયની માગણી અને મોક્ષની માગણી વચ્ચે જે તફાવત છે,
તે તફાવત ઇચ્છાદિભાવો અને મૈત્ર્યાદિભાવો વચ્ચે છે.
ગુણ જનક મૈત્ર્યાદિભાવો અને
દોષ જનક ઇચ્છાદિભાવો પેદા થાય છે.

(૪) personal experience increases faith and energy grows through practice. The mind acquires a direction. It becomes recollected. our thoughts have been scattered

all over mental field. We begin to collect them again and to direct them toward a single goal આત્મજ્ઞાન. As we do this, we find ourselves becoming increasingly absorbed in the thought of what we are seeking. At length absorption merges into illumination & the knowledge is ours.

## ૪ પ્રકારનો ધર્મ

દાન - પરપીડાના પરિહારરૂપ, શીલ - ઇંદ્રિયનિરોધરૂપ, તપ - ઇચ્છાનિરોધરૂપ, ભાવ - સર્વજીવ વિષયક સ્નેહરૂપ. સર્વજીવ વિષયક સ્નેહરૂપભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે.

દાન ન આપે તો સ્નેહ અભિવ્યક્ત કેમ થાય?
શીલ ન પાળે અને તપ ન કરે,
તો સ્વાર્થવૃત્તિનો ત્યાગ કેમ થશે?
સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરવા માટે શીલ અને તપધર્મ છે.
પરાર્થવૃત્તિ પ્રગટાવવા માટે
દાન અને દયાધર્મ છે.
કુશીલ સેવનાર પરાર્થપરાયણ કેમ બનશે?

ઇચ્છાઓ ઉપર અંકુશ ન મૂકનાર પણ
પરાર્થસેવન માટે લાયક રહી શકતો નથી.
પરાર્થવૃત્તિ એ જ દાનધર્મથી વિકસિત થાય છે,
તેમ શીલધર્મ અને તપધર્મ પણ
પરાર્થવૃત્તિના વિકાસમાં સહાયક બને છે.
શીલ અર્થાત્ સદાચારનું પાલન ન કરવામાં આવે તો
પરાર્થભાવ ટકી ન શકે. પરાર્થભાવને પોષવા માટે જ શીલ
અને સંયમ આવશ્યક છે, તેથી ધર્મ એક જ સિદ્ધ થયો.
સ્વાર્થત્યાગ, પરાર્થપરાયણવૃત્તિ અને
તદનુસાર પ્રવૃત્તિ એ જ ખરો ધર્મ છે.
સર્વ જીવ વિષયક સ્નેહ ન હોય તો
અહિંસા કેમ પળે? અસત્ય કેમ છૂટે?
ચોરી અને જારી, આગ્રહ અને પરિગ્રહ દોષરૂપ કેમ લાગે?
ક્રોધ, માન, માયા કે લોભ ત્યાં સુધી જ ઉન્નતિ ધરાવી શકે,
જ્યાં સુધી સર્વ જીવ વિષયક સ્નેહભાવ પ્રગટ્યો નથી.
સર્વજીવને સમાન માન્યા પછી ક્રોધ કોના ઉપર?
માન, માયા કે લોભ કોના ઉપર?
ધર્મનું ક્રિયાકાંડ સાંગ ધર્મ ત્યારે જ બને કે જ્યારે
તે સર્વ જીવો પ્રત્યેના સ્નેહના આવિર્ભાવરૂપે હોય.

૧૮૦૦૦ શીલાંગ રથ શું? આત્મતત્ત્વ પરને માન્યા
વિના એક પણ અંગનું ભાવથી સેવન થવું અશક્ય છે.
૧૦ પ્રકારના જીવ, ૧૦ પ્રકારના ધર્મ, ૫ પ્રકારની ઇંદ્રિય,
૪ પ્રકારની સંજ્ઞા, ૩ પ્રકારનાં યોગ, ૩ પ્રકારનાં કરણ,
એમ કુલ મળીને ૧૮૦૦૦ શીલાંગ છે.
જીવમાત્ર પ્રત્યે ક્ષમાદિક ૧૦ પ્રકારના ધર્મનું પાલન કરવા
માટે ૩ કરણ અને ૩ યોગથી ૫ ઇંદ્રિયો અને
૪ સંજ્ઞાઓને જીતવા તેનું નામ ૧૮૦૦૦ શીલાંગ છે.
સર્વ ધર્મની ઉત્પત્તિનું મૂળ સમ્યક્ત્વ છે
અને સમ્યક્ત્વનું મૂળ કુશલાશય છે.
કુશલાશય અરિહંતાદિ પરમેષ્ઠિ અને તેઓએ આપેલી
સર્વ જીવો પ્રત્યે સમાન સ્નેહભાવ એ 'સમ્યગ્દર્શન' છે.
'સમ્યક્ પ્રકારે જોવું' એટલે સર્વને સરખી નજરે જોવું.
સર્વને સરખી નજરે ન જોવું એ મિથ્યાત્વ છે.
'तद्वति तत्प्रकारकज्ञान |'
અર્થાત્ તેમાં તે જ જ્ઞાન ધરાવવું તે સમ્યક્ત્વ છે.
'સર્વ જીવો સુખને ઇચ્છે છે, દુઃખના દ્વેષી છે'
એમ ન જાણવું એ મિથ્યાજ્ઞાન છે તથા
એમ ન માનવું એ મિથ્યાગ્રહ છે.

ન વર્તવું એ મિથ્યાજ્ઞાન - મિથ્યા આગ્રહનું દુષ્પરિણામ છે.
એ ત્રણે દોષોથી બચવા માટે સર્વ જીવો ઉપર દ્વેષ છોડવો
અને સ્નેહ રાખવો એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને
તત્પૂર્વક વર્તન એ જ સમ્યગ્ચારિત્ર છે.

સર્વ જીવો જેવા ભાવને ચાહે છે,
તેવા ભાવને ધારણ કરવો, એનું નામ 'ધર્મ' છે.
ધર્મ કેવળ વર્તન સ્વરૂપ નહિ પણ ભાવ સ્વરૂપ છે.
એ ભાવને ઉત્પન્ન કરનાર જ્ઞાન એ જ્ઞાન છે.
ભાવને ટકાવનાર વર્તન એ ચારિત્ર છે.

સર્વ જીવો જે ભાવને ચાહે, તે ભાવ અરિહંત દેવો આપે છે
અને બીજાઓને આપવાનો ઉપદેશ કરે છે તથા તેનો
માર્ગ બતાવે છે, માટે ત્રણ ભુવનના તારક ને નાયક છે.
અરિહંત દેવોનો ભાવ પોતે મનમાં ધારણ ન કરે,
તે અરિહંત દેવોનો આરાધક કેમ બને?

અરિહંત દેવોના આરાધકે સર્વ જીવો અને તેમાં રહેલાં
સુખ-પ્રેમ, દુઃખ-દ્વેષના ભાવ પ્રત્યે આરાધકભાવ કેળવવો પડે.
એ આરાધકભાવનું નામ જ અહિંસાદિ અને ક્ષમાદિધર્મો છે.
સમ્યગ્દર્શનાદિ પણ તે સ્વરૂપ જ છે.
સર્વ જીવોને સંસાર અવસ્થા દુઃખરૂપ છે.

તિર્યંચોને વધ-બંધ-તાડન-પારવશ્ય-ક્ષુત્પિપાસા-અતિ
ભારારોપણ - અંગ છેદાદિ દુઃખરૂપ અવસ્થા હોય છે.

નારકીને સ્વાભાવિક - પરસ્પરોદિત -
પરમાધામિક કૃત વેદના, કકચદારણ, કુંભીપાક,
કૂટશાલ્મલી - આશ્લેષ, વૈતરણી તરણાદિ હોય છે.

મનુષ્યોને દારિદ્ર, પારવશ્ય, વ્યાધિ, વેદના, વધબંધનાદિ છે.

દેવોને ઇર્ષ્યા, વિષાદ, વિપક્ષ સંપદ્દર્શન,
મરણ દુઃખાનુચિંતનાદિ ભવસ્થિતિ દુઃસ્થા છે.

'સર્વ જીવો સકલ દુઃખના છુટકારારૂપ મોક્ષને કેવી રીતે પામે?'
એ જાતિની ચિંતવના સ્થિર ચિત્તે કરવી.

'સર્વ જીવો સુખ પામો અને દુઃખથી મુક્ત થાઓ.
બધા જીવો કર્મમુક્ત થાઓ. અવ્યાબાધ સુખ પામો.'

એ ભાવનાપૂર્વક નવકારમંત્રનો જાપ માંદગી કે મરણ વખતે જે કોઈ કરે, તે સદ્ગતિ અવશ્ય પામે અથવા નિરોગી અને દીર્ઘાયુષી બને, એમાં કોઈ જાતનો સંદેહ નથી. આ અનુભવ કેન્સરના રોગવાળા માસ્તર ગુલાબચંદ જામનગરવાળાને પ્રત્યક્ષ થયો હતો. કેન્સર મટ્યું એટલું જ નહિ, કિન્તુ સમસ્ત લેશ્યા પલટાઈ ગઈ અને ત્યારથી આજ સુધી સર્વ જીવો સાથે મૈત્રીભાવ અને પંચ પરમેષ્ઠિઓનું

રોજ સવારે બે કલાક શુદ્ધ ભાવથી સ્મરણ ચાલુ રાખવું.
જેના પરિણામે અપૂર્વ શાંતિ અને
સુખનો અનુભવ કરી રહ્યા છે.

○ રાગનો પ્રતિપક્ષ વૈરાગ્ય, દ્વેષનો પ્રતિપક્ષ મૈત્રી,
ક્રોધનો પ્રતિપક્ષ ક્ષમા, માનનો પ્રતિપક્ષ માર્દવ,
માયાનો પ્રતિપક્ષ આર્જવ, લોભનો પ્રતિપક્ષ સંતોષ,
મોહનો પ્રતિપક્ષ વિવેક, આસક્તિનો પ્રતિપક્ષ અનાસક્તતા,
મન્મથનો પ્રતિપક્ષ સ્ત્રી શરીર અશુચિભાવના, મત્સરનો
પ્રતિપક્ષ પર સંપત્તિના ઉત્કર્ષમાં પણ ચિત્તની સમાધિ.

આ અશક્ય છે એમ ન માનવું.

તે તે દોષોના પ્રતિકાર વડે ગુણાત્મક એવા પોતાના આત્માને ધારણ કરતાં મુનિઓ પ્રત્યક્ષ દેખાય છે. દોષયુક્ત યતિઓને જોઈ પરમ પ્રમોદ ધારણ કરવો. એથી દોષયુક્ત થવું દુષ્કર બને છે. અનાદિથી સાચવેલા વિષ્ટા ભરેલા બહારથી સુંદર દેખાતી કોથળી જેવા શરીરવાળી સ્ત્રીઓ છે. બહારનું અંદર અને અંદરનું બહાર કરવામાં આવે તો દીવસે ગીધડાં અને રાત્રે શિયાળીયાથી કામી પુરુષોને સ્ત્રી શરીરનું રક્ષણ કરવું પડે. સ્ત્રી શરીર વડે જગતને જીતવાની ઈચ્છાવાળો પુરુષ મન્મથ ગ્રસિત મૂઢ બુદ્ધિવાળો છે.

અસાર અને બહુપ્રયાસથી મળેલ અને અંદર અશુચિથી
ભરેલા સ્ત્રી શરીરને બદલે સુલભ અને શુદ્ધ
એવા ગુરુ ચિદ્ઘનમય શસ્ત્રનો ઉપયોગ કેમ કરતો નથી?
સંકલ્પજનિત અહિત કલ્પનામાત્ર કારણ (વાસ્તવિક
ઐહિકસુખ કારણ નહિ) વડે જગતને વિડંબના કરનાર
કામનું મૂળ આ કલ્પનાને જ હું મૂળથી કેમ ન ઉખેડી નાખું?
સ્ત્રી શરીરની અશુચિતા, અસારતા અને કલ્પનામાત્ર
કારણતાનો વિચાર કરવાથી મનમથ જીતાઈ જાય છે.
સમસ્ત જગતને આ કલ્પના વિડંબના પમાડી રહેલ છે,
તેથી તેનું જ મૂળ હું ઉખાડી દઉં.

કચ્છી કહેવત: મનો માડુ હજ = બધા માણસો સારા જ છે.

°

When we surround each person whom we treat with our spiritual love, it is not a vaporous sentiment but a mighty power, because it is a God power. It is as definite as a stream of water directed through a hose in a definite direction and it washes its object clean.

## આત્મા ઉપર ૭ નયો

(૧) નૈગમ-આત્મા ગુણ પર્યાયવાન છે.
વસ્તુ અમુક અપેક્ષાએ - દ્રવ્યાર્થિક દ્રષ્ટિએ નિત્ય છે.

(૨) સંગ્રહ-આત્મા અસંખ્ય પ્રદેશી છે.
વસ્તુ અમુક અપેક્ષાએ નહિ-પર્યાયાર્થિક દ્રષ્ટિએ અનિત્ય.

(૩) વ્યવહાર-આત્માવિષયી- દેહધારી છે.
વસ્તુ અમુક અપેક્ષાએ છે - નહિ. નિત્યાનિત્ય છે.
દ્રવ્યાર્થિકથી નિત્ય - પર્યાયાર્થિકથી નહિ,
પર્યાયાર્થિકથી અનિત્ય - દ્રવ્યાર્થિકથી નહિ.

(૪) ઋજુસૂત્ર - આત્મા ઉપયોગવાન છે.
પરસ્પર વિરુદ્ધ બંને ધર્મો એક સાથે કહી શકાય નહિ.

(૫) શબ્દ-આત્માનાં નામ જીવ, ચેતન વગેરે છે.
અવક્તવ્ય છતાં અમુક અપેક્ષાએ દ્રવ્યાર્થતયા નિત્ય છે.

(૬) સમભિરૂઢ-આત્માનો અર્થ ચેતના છે.
અવક્તવ્ય છતાં અમુક અપેક્ષાએ કહી શકાય નહિ.
બંને છતાં પર્યાયાર્થતયા અનિત્ય છે.

(૭) એવંભૂત-આત્મા અનંત, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ સત્તાવાન છે. અવક્તવ્ય છતાં કહી શકાય, ન કહી શકાય.
બંને છતાં દ્રવ્યાર્થતયા પર્યાયાર્થતયા નિત્યાનિત્ય છે.

## નવકાર મહામંત્રની વિશિષ્ટતાઓ

(૧) મૂર્તિમાં ફક્ત એક જ અરિહંતની સ્થાપના,
જ્યારે નવકારના પ્રથમપદમાં
અનંત અરિહંતની સ્થાપના છે.

(૨) નવકાર રૂપી શ્રુતજ્ઞાનને
૧૦નો નિધિ અને ૧૪મું રત્ન કહે છે.

(૩) પ્રતિમાજીઓ તો ખંડિત અને વિસર્જિત થાય છે,
નવકારના પદો
ક્યારેય ખંડિત કે વિસર્જિત પણ થતા નથી.

(૪) નવકારમંત્રના પ્રથમ પાંચ પદની પ્રતિષ્ઠા
૪ ચૂલિકાના પદ રૂપી સિંહાસન ઉપર થઈ છે.

(૫) ચૂલિકા એ પંચપરમેષ્ઠિરૂપ
પાંચ પદો ઉપર મુકુટ સમાન છે.

(૬) 'નમસ્કાર કર્યો'
એટલે શરણાને સ્વીકાર્યું.
તન-મન-ધનનું સમર્પણ કર્યું.

(૭) ૨૪ કલાકમાં ઓછામાં ઓછા ૨૪ વાર તો
નવકારને ગણવા જ જોઈએ.

(૮) નવકાર એ ગુરુકુળનો સમર્થક મહામંત્ર છે.

સં. ૨૦૭૩, શ્રાવણ સુદ-૧૫

## સિદ્ધ મંત્ર નવકાર

સિદ્ધ મંત્ર નવકાર જપંતા, સિદ્ધ થયા આરાધી અનંતા,
હૃદયકમળે ભાવ સમરંતા, કર્મ નિવારી મુક્તિ વરંતા - ૧
પંચ પરમેષ્ઠિ ધ્યાન ધરંતા, સાધુ - સાધ્વી કેઈ મહંતા,
સૂત્ર શિરોમણિ અર્થ ભણંતા, દિવ્ય જ્ઞાનપ્રકાશ લહંતા - ૨
અરિહંત સિદ્ધ નમઈ અનંતા, આચારજ ઉવજ્ઝાય ભદંતા,
ભાવ પ્રણમો સાધુ ગુણવંતા, ત્રિભુવનમાંહી જયજયવંતા - ૩
મંત્ર શિરોમણિ નિત્ય ગણંતા, પાપકર્મ અતિ દૂર કરંતા,
તારક મંગળ આવલ વરંતા, સુમતિ વિનવે જય કરંતા - ૪
અવિરત ધ્યાને કુમતિ હરંતા, આપ સ્વભાવમાં જય રમંતા,
સમતાદિ ગુણ સંયમવંતા, સહજાનંદી આત્મતરંતા - ૫

## શ્રી મલ્લિનાથ જિનનું સ્તવન

મલ્લિ જિનવરને નમો, કરીએ નિર્મળ ભાવ,
જિનપૂજા ભવજલધિમાં, તરવાને છે નાવ. ...૧
જન્મ, દીક્ષા ને નાણલાણ, થયા ત્રણ કલ્યાણક,
એકાદશી દિન જેહના, પ્રણમો સૌ સુવિહાણ. ...૨
જ્ઞાનવિમલ ગુણ મૂળ થકી, સુણજો અંગ આચાર,
અગિયારસ દિને તપ કરી, પામો ભવજલ પાર. ...૩

## અજિતનાથ જિન સ્તવન

અજિત જિનેસર ચરણની સેવા હેવાયે હું હળિયો,
કહીયે અણચાખ્યો પણ અનુભવરસનો ટાણો મળીયો
પ્રભુજી મહેર કરીને આજ કાજ હમારાં સારો. (૧)
મૂકાવ્યો પણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો,
ભક્તિભાવ ઉઠ્યો જે અંતર, તે કીમ રહે શરમાણો? (૨)
લોચન શાંત સુધારસ સુભગા, મુખ મટકાળું સુપ્રસન્ન,
રંગાદિકનો લટકો ચટકો, અતિશય તો અતિ ઘન્ન.
પ્રભુજી મહેર કરીને આજ કાજ હમારાં સારો. (૩)
પિંડ પદસ્થ રૂપસ્થે લીનો, ચરણકમળ તુજ ગ્રહીયાં,
ભમર પરે રસસ્વાદ ચખાવી, વિરસો ફાંફરી મહીયાં. (૪)
બાળકાળમાં વાર અનંતી, સામગ્રીયે હું નવિ જાગ્યો,
યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો.
પ્રભુજી મહેર કરીને આજ કાજ હમારાં સારો. (૫)
તું અનુભવરસ દેવા સમરથ, હું પણ અરથી તેટલો,
પિતા, વિત્ત ને પાત્ર સંબંધે, અંતર રહ્યો હવે કેટલો? (૬)
પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો,
માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો.
પ્રભુજી મહેર કરીને આજ કાજ હમારાં સારો. (૭)

## શ્રી પદ્મપ્રભુ સ્તવન

શ્રી પદ્મપ્રભુના નામને, હું જાઉં બલિહાર, ભવિજન
નામ જપંતા દીહા ગયું, ભવભય ભંજનહાર. (૧)
નામ સુણતા મન ઉલ્લસે, લોચન વિકસિત હોય, ભ.
રોમાંચિત હુએ દેહડી, જાણે મિલિયો સોય. (૨)
પંચમકાળે પામવો, દુલહો પ્રભુ દેદાર, ભ.
તો પણ તેહના નામનો, છે મોટો આધાર. (૩)
નામ ગ્રહે આવી મિલે, મન ભીતર ભગવાન, ભ.
મંત્ર બળે જેમ દેવતા, વાલ્હો કીધો આહ્વાન. (૪)
ધ્યાન પદસ્થ પ્રભાવથી, ચાખ્યો અનુભવ સ્વાદ, ભ.
માનવિજય વાચક કહે, મૂકો બીજો વાદ. ભવિજન (૫)

## શ્રી ગોડી પાર્શ્વનાથનો છંદ

સરસતી સામિની આપ સુરાહા,
વચન વિલાસ વિમલ કલાહા;
સકલ જ્યોતિ સંસાર સમાહા;
પાદ પરહાળું જોડી દુગ બાહિ.
સરસતી સામિની...

પારસનાથ પ્રગટ પરમેશ્વર, અતુલી બલદાતા અલવેસર;
નવ ગઢ ધણિ ગઉડી પુરનાયક, દેવ સકલવંછિત સુખદાયક.

श्रीँ

# પરિશિષ્ટ સૂચિ

## પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫૮)

હે પ્રભુ! પૃથ્વી ઉપર તે જીવો ધન્ય છે, જે ત્રણે સંધ્યાએ અન્ય કાર્યોને ગૌણ કરીને ભક્તિથી પુલકિત અંગવાળા થયેલા આપના ચરણયુગલને આરાધે છે.

- શ્રી સિદ્ધસેનદિવાકર સૂરિજી

## પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૯૩)

ભાવરોગ હોતે છતે ધાતુની વિષમતા થવાથી સાચું સુખ થતું નથી અને ભાવરોગ ક્ષીણ થયે છતે નિમિત્તના અભાવથી દુઃખ થતું નથી, (પણ) ભાવરોગના આત્યંતિક નાશ થવાથી પરમેશ્વરપણાની પ્રાપ્તિ થાય છે. તેનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી પરમ સુખ થાય છે.

## પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૯૮)

મોટા પુન્યની કિંમત આપી (હે જીવ) તારા વડે આ કાયારૂપી નાવ ખરીદાઈ છે. માટે દુઃખરૂપી સમુદ્રના પારને જવા માટે જ્યાં સુધી આ ભેદાઈ નથી, ત્યાં સુધી (હે જીવ) તરી લે.

## પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૨૪/૧૨૫)

આ ભગવાન ભેદભાવ વિના બધાના હૃદયમાં સાક્ષાત રહેલા છે, તેથી તેને 'હૃદય' કહેલા છે, તે શિવ ભગવાન સંસારથી છોડાવનાર છે. હૃદયરૂપી ગુફાના ઈશ્વરને છોડીને જે બીજા દેવો તરફ થાય છે, તે હાથમાં રહેલા કૌસ્તુભ રત્નને છોડીને જાણે કે સામાન્ય રત્નને વાંછે છે.

## પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૫૧)

अहं करोमि = હું કરૂં છું, नमस्कारः = નમસ્કાર કરૂં છું.

'હું કરૂં છું' એવા પ્રકારનું જે ઝેર ઉત્પન્ન થાય છે, તે નમસ્કાર વડે અર્થાત્ 'મારા વડે કરાતું નથી' એવા પ્રકારના અમૃતપાન વડે દૂર કરાય છે.

अर्हँ

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૮૮)**
જાપથી ધ્યાન ચડિયાતું છે. જાપ કરતા સો ગણું ધ્યાન ચડે. ૩ માસ, ૬ માસ કે વર્ષના અંતે સિદ્ધિને મેળવે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૮૮)**
મંત્રોને વિચારવાથી દેવિ સ'મનુદેવતા સ્વયં ધ્યાનમાં દર્શન આપીને ફરી મંત્રમાં સમાઈ જાય છે. આમ ફરી ફરી મંત્ર અને ફરી ફરી દેવતા, જે પ્રગટ અને અંતર્ધાન થાય છે, તે સ્વયં સ'મનુ છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૯૧)**
દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવને પામીને કર્મોના ઉદય - ક્ષય - ક્ષયોપક્ષમ - ઉપશમ થાય છે. - યોગશાસ્ત્ર-પ્રકાશ ૧૦, પૃ.૩૭૮

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૯૬)**
શ્રેષ્ઠ આગમનું જીવંતસ્વરૂપ, જન્મથી અંધજનોએ કરેલા હાથીના વર્ણનને નિષેધ કરનાર, બધા નયોના વિલાસને અર્થાત્ અલગ અલગ વિચારધારાના વિરોધને દૂર કરનાર અનેકાંત ધર્મવાદને હું નમન કરૂં છું.







ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૫૭ - ૧૯૫૯ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# ૐ પરા શાંતિનો ત્રિકોણ

॥ ૐ તત્ સત્ ॥




અ = ૐ = અગ્નિ (શ્રીત્રિદેવત્વ)

ઉ = તત્ = વાયુ (આત્માનંદતત્ત્વ)

મ = સત્ = સૂર્ય (આવૃત્તિતત્ત્વ)

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in